રકરીયા કુટુંબ

ની

હકીકત.

[illegible]

A

SHORT ACCOUNT

of the

KARKARIA FAMILY

with

FULL GENEALOGICAL TABLES

by

Kavasji Pestonji Karkaria.

[Printed for private circulation from the Family Fund.]

1286 A. Y. 1916 A. D.

આ કરકરીયા કુટુંબની હકીકતનું પુસ્તક નવસારીથી એ. કાવશજી પેસ્તનજી કરકરીયાએ લખ્યું છે અને ગ્રાંટરોડ ગ્રામ તરમીનસ ત્રીભોવનદાસ બીલડીંગમાં આવેલાં માણેક પ્રીન્ટીગ પ્રેસમાં એના માલેક, મી० દીનશા એદલજી કરકરીયાએ છાપી હયાં થીજ એઓને માટે પ્રગટ કર્યું છે. મું'બા

કરકરીયા કુટુંબની

હકીકત અને વંશાવળી.

બનાવનાર,

કાવશજી પેસતનજી કરકરીયા.

(ખાસ કુટુંબીઓની જાન માટે કુટુંબના ફંડ

ખાતેથી છપાવી પ્રગટ કરવામાં આવ્યું છે.)

૧૨૮૬ યઝદેજરદી. ૧૯૧૬ ઇસવી.

અમારા મરહુમ વડીલ મુરબ્બીજી સાહેબ
કકરીયા કુટુંબના મુળ સ્થાપક
અશોનર

મેહરજી ચાંદણા

ને
તેઓ તરફની વફાદારીની યાદમા
તથા
કકરીયા કુટુંબના ખેરખાહ અને દોલસોજ મદદગાર
તથા ભાગ્યોદય કરનાર
મરહુમ વિરલા અશોનર પહેલા

સર જમશેદજી જીજીભાઇ, બેરોનેટ

ને
તેઓએ કરેલા એહશાનની યાદમા
આ પુસ્તક ઉપકાર અને માન સહીત
અર્પણ કરૂં છું

કાવસજી પેસતનજી કકરીયા.



નેક નામદાર સર જમશેદજી જીજીભાઈ. પહેલા બૅરોનેટ

દીબાચો.

(લખનાર—મી૦ રૂસતમજી પેસ્તનજી કરકરીયા.)

મેં ઘણા પુસતકોના દીબાચા આગલ મોટી ખુશીથી લખ્યા છે; પણ આ પુસતકનો દીબાચો લખતાં મને ઓરજ ખુશાલી ઉપજે છે. અને તેનું કારણ દેખીતું છે. આ પુસતક ખુદ અમારા કુટુંબને લગતું હોવાથી અને એવાં પુસતકો આપણામા જવલેજ પ્રગટ થતા હોવાથી મને ખુશાલી ઉપજે તેમા કાંઈ નવાઇ નહી. આવા કુટુંબી હેવાલો જેટલા વધારે આપરી કોમમાં રચાઇ બાહર પડે એટલુ સારૂ. "**જામે જમશેદ**" પત્રમાં ગયે વરશ આપણા ન્યાગાનોના હેવાલો લખવાના કામમાં જયારે હું રોકાયલો હતો, ત્યારે એવા હેવાલોની મોટી જરૂર મેં જોઈ હતી, અને જો તેઓ પ્રગટ થયલા હતે તો મારા તે કામમા મને ઘણી સવલતા મળતે. એવા હેવાલોની ગેરહાજરીમાં મને જાતે લગભગ આપણા સઘલાં જાણીતાં અને બીજા તેથી વધુ જાણવાલાયક કુટુંબોની હકીકત મોટી મેહનતથી ઉપજાવી કહાડવી પડી હતી.

એ ન્યાગાનોને લગતું કાંમ ચાલતું હતું તે વેલા મને ખ્યાલ પણ નહી હતો કે ખુદ અમારાજ કુટુંબના હેવાલનું પુશતક ત્યાર પછી એટલું જલદી રચાઇ બાહર પડશે. પણ જયારે ભાઇ **કાવશજી**એ એક દીવશ એ પુસતક લખેલું તૈયાર મારી શનમુખ રજુ કર્યું, ત્યારે મારો અજાએબી તેમજ ખુશાલી કંઇ જેવી તેવી નહી હતી. નવસારીમાં એવણને આવો હેવાલ લખવાનો વીચાર સુજ પડયો અને વલી તેને ગુપચુપ અમલમાં મુકવા માટેની ખંત પણ બતાવી એ અમારા કુટુંબની મોટા નશીબની વાત હું સમજું છું. આપણા પારસી કુટુંબોને લગતા પુસતકો આપણામા ઘણા જુજ પ્રગટ થયલા છેઃ માત્ર એક હાથની આગલી ઉપર ગણી શકાય એટલાંજ છે. તેમાં ભાઇ કાવશજીના આ પુશતકથી એક ઘણો આવકારદાયક વધારો થયો છે. અને એવા બીજા ઘણા વધારા આપણા કુટુંબો તરફથી થાય એવું હું ઇચ્છું છું.

અલબત આ પુશતક અમારા કુટુંબને લગતું હોવાથી તે અમારા કુટુંબનેજ ખાસ કરીને ઉપયોગી થઇ પડશે અને તેથીજ અમોએ કુટુંબીઓની જાણ માટેજ તે છપાવી બાહર પાડયું છે. પણ એમાથી બીજાઓને પણ કાંઇક સેહજ નવું જાણવાનું મળશે એવી આસા રાખી શકાય. દુન્યાની તવારીખ જેમ નામીચો અંગરેજ વીદવાન કારલાઇલ કહે છે તેમ તેના મહાન પુરૂશોના વુરૂતાંતનો સંગ્રહ છે. તેજ મીશાલ

કહી શકાય કે એક કોમનો ઇતીહાસ તેના કુટુંબોના હેવાલોથી બનેલો છે. એમ કહી અમે કાંઈ એવું ગુમાન ધરાવતા નથીજ કે અમારૂં કુટુંબ આગેવાન છે અને કોમની તવારીખમાં ઘણો ભાગ તેને ભજવીઓ છે. તોપણ અમે એટલું કહી શકીશુ કે, અમારૂં કુટુંબ બહુ જુનું છે અને તેને લગતા હેવાલમાથી બીજાઓને પણ કોમને લગતું કેટલુંક જાણવાજોગ મલી આવશે.

આપણી પારસી કોમની નવસારી મધેની આગલી તવારીખના એક ઘણા જાણવાજોગ બનાવ સાથ અમારા કુટુંબને નીકત સંબંધ છે. ૧૯૮૬ વાલા મોબેદો અને બેહદીનો વચ્ચેના યાદગાર ઝઘડાથી નવસારીની ભગર સાથના મોબેદો વચ્ચે એક મોટી તડ પડી હતી અને તેમાથી એક નવો તોલો ઉભો થયો હતો કે જેને લગતા ગણાવવામાં અમારૂં કુટુંબ માન સમજે છે.

મરહુમ અશોનર **મીનોચેહર હોમજી** જેવણ મારા માયના કુટુંબના સ્થાપક હતા તેવણે ભગર સાથથી છુટા પડી જે તોલો ઉભો કર્યો હતો તેમા અમારાં માનવંત વડાવા અને કુટુંબના સ્થાપક અશોનર **મેહરજી ચાંદણા** (૧૬૦૧–૧૬૮૧)ના બે પુત્રો **નોશેરવાંન** અને **કુકા** પોતાના ભત્રીજાઓ સાથ સામેલ થયા હતા, અને આજ સવાબે સદીથી પણ વધુ મુદત ગુજરયા બાદ એવીજ રીતે એ તોલામા ભગર સાથથી સવતંત્ર રીતે અમો એઓના વંશજોઓ ચાલુ છઇએ. અમારૂ કુટુંબ મીનોચેહર હોમજી સાથના તોલામા મુખ્ય છે અને જેમ આ પુસતકમાંથી માલમ પડશે તેમ સંખ્યામા એ સર્વ કરતા અતી મોટું છે.

અમારા કુટુંબના જે પુરૂશોના હેવાલો ભાઇ કાવશજીએ ઘણી ખંતથી અને મેહનતથી ઉપજાવી કાહડયા છે, તેઓ સઘલા જાણીતા આશામીઓ થઈ ગયા છે એવો દાવો અત્રે બીલકુલ કરવામા આવતો નથી. તોપણ કદરદાન વાચનાર આટલુ તો કબુલ કરશે કે તેઓએ પોતાની કારકીરદીથી અમારા કુટુંબને કાંઇને કાંઇ સોભા આપી છે અને તેથીજ તેઓને લગતી વીગતો વાચવા અમારા હાલના હઇયાત કુટુંબીઓ ખરેખર ખુશીજ થશે. અને વલી અમારી ઉઘરતી તેમજ આવતી ઓલાદ તે વાંચીને ખુશીજ થશે એટલુજ નહી, પણ તેઓના ઉપર ઘણી સારી અસર ઉપજશે એવી અમારી માનયતા છે. આખી પારસી કોમના ન્યાગાનોની ભલી યાદ કરવા તેમજ કરાવવામાં મે કેટલોક વખત બહુ ખુશીથી રોકયો હતો, અને તેથી જે મોટો શંતોશ મને ઉપજયો હતો તેવોજ સંતોશ ફકત અમારા કુટુંબનાજ ન્યાગાનોના આ હેવાલો એક પુશતકના આકારમાં રચાઇ જલવાઇ રેહસે એ ખ્યાલથી મને તેમજ અમારા બીજાં સઘલા કુટુંબીઓને ઉપજવો જોઇયે.

અમારા કુટુંબના સ્થાપક **મેહરજી ચાંદણા**ને ૧૬૭૧ માં નવસારીના મલેસ્વર ફળ્યાના પંથકી ત્યાના સઘલા બેહદીનોએ વંશ પરમપરા નેમયાંથી અમારૂ કુટુંબ નવસારીમા બહુ જાણીતુ થયુ છે. એ બેહદીનોમાં મુંબઇમાં અતી વીખ્યાતી પામેલા પરોપકારી અશોનર **સર જમશેદજી જીજીભાઈ પેહલા બેરોનેટ** (૧૭૮૩–૧૮૫૯)ના વડવા પણ હતા અને તેથી એ નામાંકીત હીંદી ઉમરાવ અમારા કુટુંબ સાથ સંબંધમા આવ્યા હતા. અમારા એક આગલા પ્રખ્યાત કુટુંબી એરવદ **બરજોરજી બેહરામજી** (૧૭૬૯–૧૮૫૪) તેવણના સમાગમમા બહુ આવ્યા હતા અને મલેસ્વરમા જે અગીયારી એ અતી ધરમી બારોનેટે પરથાવી હતી તેનો સઘલો કારભાર અને વહીવત એવણને સોપયો હતો, અને તેના દસતુર વટીક ગણાવા દેવા માટે એમણે આગરહ કરયો હતો. એ ભલા એરવદ સાહેબને માટે **સર જમશેદજી**ને ઘણુ માન હતુ જેની ઘણી નીસાણીઓ આ પુશતક ઉપરથી મલી આવશે.

પેહલા બેરોનેટ સાહેબે મલેસ્વરની અગીયારી બંધાવી આપીનેજ નહી પણ બીજી ઘણી રીતે અમારા કુટુંબને ઘણી આવકારદાયક મદદ કીધી છે. મુંબઈમા પણ એ નામીચા નરે પારસી કોમ માટે ૧૮૩૯માં બંધાવેલા અલાહીબાગમા ઘણી સગવદ ખાસ અમારા કુટુંબીઓને કરી આપી હતી જે હાલ સુધી ચાલુ રહી છે. એ સઘલાં હેશાનની સહેજ પીછાનમાં આ પુસતક ભાઈ કાવશજીએ આ પ્રખ્યાત નરની ભલી યાદને અરપન કર્યુ છે એ ખરેખર દરોબસ્ત છે અને હાલના અમારા સઘલા કુટુંબીઓને એથી બહુ શંતોશાજ ઉપજશે.

અમારા માનવંત સ્થાપક **મેહરજી ચાંદણા** પછી જો બીજા કોઇ પણ અશોનરનુ હેશાન અમારા કુટુંબ ઉપર વધુ થયુ હોય તો તે ખચીતજ સર જમશેદજી પેહલા બેરોનેટનું હતું, અને એ બન્ને માનવંતોની યાદ સાથે અરપન પત્રીકામાં થઇલી જોઇ અમારો દરેક કુટુંબી બેહદ ખુશી થશે.

અમારા કુટુંબી નામ વીશે કેટલોક ખુલાશો કરવાની જરૂર દીસેછે. એ નામ બે ચાર રૂપમાં હાલ ચાલુ છે. **કરકરીયા, કકરીઆ, કકલીઆ, કક્લકલીયા**, એવા નામોથી અમારૂં કુટુંબ ઓલખાય છે. એમાં ખરૂં યા ખોટું શું અને કયુ તે બાબેનો સવાલ બીલકુલ હોય નહી. નામોના રૂપો અને તેઓની જોડણી તરેહવાર રીતે ફેરવાય છે એ બાબત તો સર્વેને જાણીતી છે, અને આપણામાજ નહી ઘણ બીજી પ્રજાઓમાં પણ એવી રીતે નામોની જોડણી તરેહવાર રીતે થાય છે. એક પ્રખયાત દાખલો જો આપણે લઇયે તો માલમ પડશે કે **શેકસપીયર**નું નામ એક બે નહી પણ દસ પંદર રીતે લખ-

વામાં આવે છે, જેમકે Shakespeare, Shakespear, Shaxpeare, Shakspeare, ઈ. ઈ. શેકસપીયરનાજ વખતમાં થઈ ગયલો એક નામીચો પુરૂસ હેકલુટ (૧૫૫૨-૧૬૧૬)નું નામ આઠ જુદી જુદી ઢપે લખાયલું મળી આવે છે, જેમ કે Hakluyt Hakelutc, Hakeluytt, Hackluit, Hacklewight ઈ. ઈ. વલી કવી બરન્સનું કુટુંબ Burns તેમજ Burnes તરીકે પણ ઓળખાય છે. નવસારીમાં મુખ્ય કરીને અમારૂં કુટુંબ કકરીયા તરીકે ઓલખાય છે અને કરકરીયા નામ મુબઈમાં મોટે ભાગે ચાલુ છે. આ પુસતકમાં પણ ભાઈ કાવસજીએ 'કરકરયા' અને 'કકરીઆ'એ બંને રૂપો વચ્ચે ઝાઝો ફરક રાખયો નથી અને તેઓ બંન્ને વાપડયા છે તે ઠીકજ થયું છે.

નામનું રૂપ ગમે તે હોય પણ અમો સઘલા કરકરીયા, કકરીઆ, કકલીઆ, એક મુલ પુરૂષ મેહરજી ચાંદણાથી ઉતરી આવેલા છઈયે અને હાલ અમો સઘલા નાના મોટા મલી ૩૭૫ છઇયે. એવાં બોહુલા કુટુંબો આપણામાં થોડાજ છે. એ સઘલાઓનુ કુટુંબી જોડાણ ભાઈ કાવશજીએ આ પુશતકને છેડે આપેલી અને અતી મહેનતથી ઉપજાવી કાહાડેલી મોટી વંશાવળીમાંથી જન માલમ પડી આવશે. વલી એવણે એ ઉપરાંત કુટુંબના વીભાગો કરી જે દરેકની ટુંક વંશાવળીઓ આપી છે તે પણ ઘણી ઉપ્યોગીજ થઇ પડશે.

સેવટે મારે જણાવવુ જોયે કે આ પુશતક રચવાનો વીચાર તેમજ તેને હાર પાડવાનું કામ એ સઘલુ ભાઈ કાવશજીનુંજ છે, અને તે માટે તેવણને કુટુંબ તરફથી જેટલી સાબાસી મલે એટલી થોડી છે. એ ભાઇએ નવસારી જેવા કસબામા જયા સાહીત્યની સગવડ મલવી ઘણી મુશકેલ છે ત્યાં વશી એવા કામનો આરંભ કરી તેને પાર ઊતારયુ એ ખરેખર નવાઇ જેવું છે. નવસારીના કુટુંબોના હેવાલોના પુશતકો ફકત બેત્રણ સીવાય વધું નીકલ્યાં નથી, અને હવે આ પુશતકની પછી બીજા કુટુંબો પણ પોતાનો હેવાલ છપાવી જાલવી રાખવા માટે ઊલટ બતાવે એવી આશા હું રાખુછું.

વંશાવળી ઉપરથી માલમ પડે છે કે અમારા મુંળ પુરૂશ મેહરજી ચાંદણા ના વખતથી હાલ સુધી અમારો આસરે દસ બાર ઓલાદ થઈ છે. ખુદ જો મારો દાખલો લેઉ તો હું અમારા અશોનર મેહરજી ચાંદણાથી ૧૦ મી ઓલાદનો વારસ છું. મેહરજી ચાંદણા (૧૬૦૧-૧૬૮૧) ૧૬૮૧ મા ગુજરયા હતા અને તેવન સતરમી સદીમાં થઈ ગયા હતા. એવણના ગુજરવા પછી બે સદી અને એક તૃતીયાંશ પસાર થઇ છે અને એ અરશામાં એવણ સાથ ગણતાં અગીયાર

ઓલાદ અમારી થઇ છે. હવે નવસારીની તમામ ભગર સાથની વંશાવળી મુજબ **મેહરજી ચાંદણા, જરથોસ્ત મોબેદથી ૧૧ મી** પેહડીએ ઉતરી આવ્યા હતા. **જરથોસ્ત મોબેદ ૧૧૮૨** ના વરસમાં નવસારીમા આવી વસેલા જણાવવામાં આવે છે. ત્યારે તેવણ અને **મેહરજી ચાંદણા** વચ્ચે પાંનશો વરશ પસાર થયલાં હોવા જોઇયે. મને ઘણી ગુચવન ઉતપન થાય છે કે મારી અને મેહરજી ચાંદણા વચ્ચેની અઢી સદીથી પણ ઓછી મુદતમા જયારે અગીયાર ઓલાદ થઇ ત્યારે મેહરજી ચાંદણા અને જરથોસ્ત મોબેદ વચ્ચેની તેથી બમની કરતાં પણ વધુ મુદતમાં તેટલીજ પેહડીઓ થયલી જણાવ્યામાં આવે છે.

મેહરજી ચાંદણા અને જરથોસત મોબેદ વચ્ચે અગીયાર કરતા ઘણી વધુ પહેડીઓ થયેલી હોય એમ મને લાગે છે, જેઓના નામ કોઇ સબબથી ભગર સાથની વંશાવળીમાં આગલથીજ નોંધાયા વગર રહી ગયાં છે. આ બાબદ અમારા કુટુંબનેજ માત્ર અગતની નથી પણ નવસારીના સઘલા ભગર સાથના કુટંબોને પણ તે સાથ સંબંધ છે, કારણ કે તેઓના **મેહેરજી ચાંદણાના** સંમકાલીક વડવાઓ પણ જરથોસ્ત મોબેદથી લગભગ એટલીજ પેહડીએ ઉતરી આવેલા ભગર સાથ વંશાવળીમાથી માલુમ પડે છે. એનો ખુલાશો કદાચ એમ હોએ કે જરથોસ્ત મોબેદના નવસારી આવવાના સનેમા કોઇ સબબથી મોટી ભલ થયલી હોવી જોઇયે; નહી તો જેમ મે ઉપર જણાવ્યું તેમ ઘણી પેહડીના નામો નોધાયા વગર રહી ગયલા હોવાં જોઇયે.

ગોવાલ્યા તળાવ, મુંબઇ.
રોજ ૨૫ અરસેસંગ માહા ૩ ખોરદાદ
અમારા વડાવા મરહુમ મેહરજી
ચાંદણાનો ગુજરવાનો રોજ.
તા૦ ૪ દીસેમ્બર ૧૯૧૬.

રૂસતમજી પેસતનજી કરકરયા.

ખુલાસો.

કકરીયા કુટુંબની આ નાનકડી યાદીને માટે લાંબા ખોલાસાની જરૂર નથી છતાં બે બોલ જણાવવાની જરૂર જોઉં છું. હું ખરાં જીગરથી ઇચ્છુંછ કે આ વંશાવળી આજથી બે દાયકાઓ ઉપર લખવામાં આવી હોત-તેમ થાત તો ખરેજ એમાંની ઘણી બાબદો પર વધુ અજવાળું પડયા વિના રહેત નહિ.

મારા અભ્યાસમાં મને એજ ખતરો થયા કરતો હતો કે જે જે પુરૂષોની વિગતો હું મેળવવા માંગતો હતો તે તે મને મળી શકતી નહતી, તેમ છતાં થોડી ઘણી યાદ વર્ષોના વર્ષો વહી જવા પછી હંમેશની ભુલાઇ જવાય તે કરતાં તેની આવી યાદ જળવાઇ રહે તે મને અધિક ઠીક લાગ્યું અને આ બાબે જોઇતી હકી કતો મેલવવાની તજવીજ કરી તેનું પરિણામ મારાં કુટુંબની જાણ માટેજ ખાસ કરીને બહાર લાવ્યો છું. આ કાંઈ સંપુર્ણ તવારિખ નથી. અલબત કાંઇક ગફલતો થઇ હશે કે જેથી કેટલાક સાહેબોની હકીકત હું પ્રગટ કરી શકયો નથી તેમ છતાં હું કેટલાક દસ્તાવેજો પુરાણી વિગતોના મેળવવા પામ્યો હતો, કે જેમાંથી મારા મરહુમ વડીલોને લગતી ઘણીક જાણવા લાયક બાબદો હું પ્રગટ કરી શકયો હોત, પણ તેમા કંઇક આગલા નાપસંદ કીસ્સાઓ આમેજ હોવાથી અને અમુકોના દીલ રંજીદા થાય એમ હોવાથી દલગીરી સાથ તે હકીકતો પડતી મેલવાની ફરજ સમજયો છું. પણ મારે હયાં ખાસ જણાવવાની જરૂર છે કે મેં મારૂં બનતું કર્યું છે.

મારા કરતાં કોઇ જ્ઞાની અને ઠરેલ કલમથી આ પુસ્તક લખાયું હતે તો વધારે બેહતર થતે. હવે થોડીક સમજ કાંઇક સ્વાભાવિક ગુંચવણોની આપી હું આ ખોલાસો ખતમ કરીશ.

આ વંશાવળીનો શરૂઆતનો ભાગ અથોરનાન ટોળાની ભગર સાથ વંશાવળી અને તેમાં પ્રગટ થયલાં નામધરણો ઉપરથી લેવામાં આવ્યો છે ત્યારે બાકીનો ભાગ પાહુલન આના (કાકા પાહુલન)થી તે એવટ સુધીનો કકરીઆ કુટુંબની દીશા પોઠી (ગુજર પામેલાંઓની નોંધ) જે સંવત ૧૭૭૨ માં એ૦ જમશેદ કેરશાસ્પે પોતા માટે લખી હતી તે ઉપરથી લેવામાં આવ્યો છે.

આ વંશાવળીમાં બન્યું છે તેમ મરહુમોનાં નામો નીચે તેમનાં મરણનો રોજ-માહ-તથા સંવત લખવાની તેમજ પાલક થયલા સંબંધી પુર્ણ વિગત આપ

વાની તજવીજ કરી છે. તેઓ કોણ શખગોના તથા શું સગપનમાં પાલક થયા છે તે ટુંકા અક્ષરોમાં જણાવવામાં આવ્યું છે—જેમકે આ વંશાવળીનાં મુળ પુરૂષ મેહરજીનાં નામ નીચે તેમના મરણનો રોજ, માહ, તથા સંવત લખી તેની નીચે (ભા૦ રા૦ ના પા૦) એટલે ભાઈ રતનજી—ના પાલક. સગાઇ જાણવા માટે એમ જાણવું કે ભા૦—ભાઈ ભ૦—ભત્રીજો કા૦—કાકા મ૦—મમાવા પી૦—પીત્રાઇ છો૦—છોકરો બા૦—બાપ અને પા૦ પાલક એવી રીતે સમજવું. જે જેના મરણના દીવસો તથા કોઈકનાં સંવત મળી શકયા નથી તે માટે દલગીર છું. નામોની નીચે લખેલા આંકડાઓ પારસી રોજ માહ તથા હીંદુ સંવત અનુક્રમે સમજવા, અલબત આ સંવત ફેરવી પારસી સને મુકવાનો મારો વિચાર હતો પણ તેમ થતાં અસલ્યાત નિર્મુળ થવાનો સંભવ હોવાથી મેં તેમાં કશો પણ ફેરફાર કર્યો નથી. તેમજ દસ્તાવેજોની અસલ ભાષામા પણ તેમજ કર્યું છે તે ઉપર વાંચનારનું ધ્યાન ખેચુંછું.

વંશાવળીમાં નામોની આગળ (એ૦) નીશાનીવાલાઓને એર્વદ તથા (ઓ૦) ને ઓસ્તા તથા (ખુ૦) ને ખુર્દ એટલે નાહના સમજવુ તેમજ જે જે નામોની નીચે (*) આવી ફુલકીઓ મુકવામાં આવી છે તેઓને આ વંશાવળી લખાઇને પુરી થઇ ત્યાં સુધીમાં હયાત સમજવા.

જુદી જુદી વંશાવળીઓ ક્રમ વાર પ્રગટ કરી છે તેમાં જેમની વીગતો લખવામાં આવી છે તેમને મુળાઅક્ષરો (ક—ખ—ગ) નો ક્રમ આપવામાં આવ્યો છે અને વંશાવળી પછી તેની જોડમાંજ તે વીગતો આપવામાં આવી છે. આ જુદી જુદી વીભાગી કુટુંબીઓની વંશાવળીમાં કેટલાંક રહી ગયેલાં નામો આ પુશતકની છેવટે આપવામાં આવેલી કુટુંબીઓની મોટી વંશાવળીમા લખવામાં આવ્યાં છે. તેમા એકાદ બે નામો રહી ગયા વીશે પાછળથી મારૂ ધ્યાન ખેંચવામા આવતાં નીચે મુજબ ખુલાશો કરૂં છું.

મણાદરૂના કુટુંબમા દારાબ બહમન (દાદાભાઇ કકરીયા)ના નબીરા સોરાબજીના બે છોકરાઓ મીનોચેહર અને દારાબને જણાવ્યા છે તેમા ત્રીજો દીનશા નામનો છોકરો પણ હયાત છે. તેમજ દોધીખાઉના કુટુંબમા સોરાબજી જીવણજીના છોકરા ખરશેદજીનો ફરામ નામનો એકજ છોકરો જણાવ્યો છે તેમા નવરોજ નામનો બીજો છોકરો પણ ગુજરી ગયેલો માલમ પડયો છે.

આ ચોપડીનાં છેવટનાં ભાગમાં કકરીયા કુટુંબીઓ સંબંધી કેટલીક બાબતો વધારા તરીકે રજુ કરવામાં આવી છે તે તરફ પણ ધ્યાન ખેંચવાની રજા લઉં છું.

મારાં આ કાંઇક મુશકેલ કામને સવળતા આપવા જે જે ભાઇઓએ મને મદદ કરી છે તે તેઓનો ઉપકાર અત્રે માનવાની રજા લઉંછું. ખાસ કરીને એર્વદ મેહરવાનજી હોરમજી કકરીઆએ મને આ કામમાં ઉલટ આપી ઘણીક ઉપયોગી સુચનાઓ કરવા સાથે કેટલીક પુરાણી નોંધો કકરીયા કુટુંબને લગતી આપવા માટે હું એમનો હેશાંનમંદ થયોછું. તેમજ જાણીતા સાક્ષર અને કાબેલ લેખક મી૰ રૂસતમજી પેસતનજી કરકરીયાએ મારી અદના અરજને માન આપી આ નાનકડા પુસ્તકનો દીબાચો લખી તેમજ કેટલીક બીજી રીતે મને ઉપયોગી મદદ કરીછે. તે માટે હું તેમનો ખરાં જીગરથી ઉપકારી થયોછું.

ભાઇ દીનશાહ એદલજી કકરીયાએ પોતાનાં માણેક પ્રીંટીંગ પ્રેસમાં આ ચોપડી કાંઇપણ નફા વગર મુદલ દામે છાપી મારાં કામને જે મોટી સવળતા કરી આપી છે તે માટે હું એ ભાઇનો જેટલો ઉપકાર માનું તેટલો થોડો છે. તેમજ કકરીયા કુટુંબના ફંડનાં મેનેજર સાહેબોએ કુટુંબના ફંડમાંથી આ પુસ્તક છપાવવામા મદદ કરી અને તેને લગતા ખરચમાંથી મુકત કર્યો છે તે માટે હું એ મારા મુરબ્બીઓનો ખરાં દીલથી ઉપકાર માનું છું. એકવાર ફરી સર્વનો ઉપકાર માની ખતમ કરૂં છું.

મુંબઇ, ગ્રાંટરોડ.
રોજ ૨૫ માહ ૩ શને ૧૨૮૬ ય૰ ઝ૰

કાવસજી પે૰ કરકરીયા.

બનામે યંજદ.

કરકરયા કુટુંબની હકીકત.

(વંશાવળી સાથે.)

કરકરયા કુટુંબના મુળ પુરૂષ,

એ૦ મેહરજી ચાંદણા.

એઓ મરહુમનું મરણ રોજ ૨૫ માહ ૯ સંવત ૧૭૩૭ (ઈસવી ૧૬૮૧) ને દીને થયું હતું. એમના વખતમાં નવસારીમાં અથોરનાનો વચ્ચેનો ઝઘડો બરપા થયો ન હતો અને તેથી તે વેળા ભગરીયા અને કકરીયા જેવા વર્ગો મોબેદોમાં ન હતા. એમના મરણ પછી પાંચ વર્ષ બાદ સંવત ૧૭૪૨ (ઈસવી ૧૬૮૬) માં એ૦ મીનોચેહેર હોમજી (મીનોચેહેર હોમજી ટોળાનાં મુળ પુરૂષ) ભગરીયાઓથી જુદા પડયા. તે વખતથી નવસારીમાં મોબેદ વર્ગમાં બે પક્ષ ઉભા થયા—એક પક્ષ ભગર સાથ ટોળા તરીકે ઓળખાયો ત્યારે બીજો પક્ષ મીનોચેહેર હોમજીની સાથવાલા તરીકે ઓળખાવા લાગ્યો.

મરહુમ મેહેરજી, એ૦ ચાંદણાં બેહમનના ત્રીજા છોકરા હતા. એમના મુરબ્બીજીનું નામ ભણુતર ક્રિયામાં એ૦ ચાંદણાં એ૦ પાહલન કરી દેવામાં આવે છે તેનું કારણ એ છે કે તેઓ સાહેબ પોતાના મરહુમ ભાઈ એ૦ પાહલનના પાલક બેટા થયા હતા.

એ૦ ચાંદણાનું મરણ રોજ ૫ માહ ૧૨ દીને થયું હતું. મરણનો દીવસ ભગર સાથ વંશાવળીવાળી ચોપડીમાં આવેલી; દીશા પોથીમાં રોજ ૫ માહ ૧૧ સંવત ૧૬૮૪ (ઇસવી ૧૬૨૮) નોંધાયલો છે. મરહુમના ધણીઆણી ચાણીબાઈ નામે હતાં, તેમને પેટે મરહુમને ત્યાં આઠ બેટાઓ અને બેટી મળી નવ ફરજંદોની વૃધ્ધિ થઇ હતી. આ નવ ફરજંદોને જનમ આપી મરહુમ ચાણીબાઈ રોજ ૨૮ માહ ૩ ને દીને આ ફાની જહાનથી બેહસ્તશીન થયાં હતાં. કમનસીબે એમનાં મરણનો સને પુરતી શોધખોળ કરવા છતાં મળી શકતો નથી મજકુર નવ ફરજંદોના નામો નીચે પ્રમાણે નોંધાયલાં છે:—

એ૦ રાણજી, એ૦ કેકોબાદ, એ૦ મેહેરજી, એ૦ બેહમન, એ૦ શાપુર, એ૦ અસપંદીઆર, એ૦ હોશંગ, ખુ૦ શોહરાબ અને ખુ૦ કુકીબાઇ.

મરહુમ મેહરજી પોતાનાં વડા ભાઇ રાણજીના પાળક બેટા થવાથી ભણુતર ક્રિયામાં એઓ મરહુમનું નામ એ૦ મેહરજી એ૦ રાણજી કરી દેવામાં આવે છે. પોતાનાં બીજા ભાઇ એ૦ કેકોબાદ સાથે મરહુમ મેહરજી નવશારીમાં મલેસર ખાતેનું પંથકપણુ ચલાવતા હતા જે પંથક આજ તુલીક મરહુમના વારેસો યાને કકરીઆ કુટુંબમાં ચાલુ છે. મરહુમના ભાઇ કેકોબાદના નબીરા નવરોજીને ત્યાં કમનસીબે બેટાનું ફરજંદ ન હોવાથી મરહુમના બીજા બેટા નોશીરવાનના દીકરા નવરોજીને પાળક કરી આપ્યો હતો પણ પાછળથી તેમનાં વંશ ભગર સાથ અનજુમનમાં શામેલ થયાથી તેઓ મલેસરના ભાગલાગથી છુટા પડયા હતા. તેઓના વંશજો હાલમાં ખેશવાળા કુટુંબને નામે ઓળખાય છે. એ મરહુમના બેટાઓ, નબીરાઓ તથા ભત્રીજા વીગેરે નવસારીની વડી દરેમેહરમાં ઉપલાંજ પંથકના બેહદીન સાહેબોને ત્યાના નાવરો થયાની નીચલીનોંધ ફેહરેસ્તમાં મલે છે.

સંવત ૧૭૧૬ રોજ ૨૧ માહ ૭ એ૦ બેહમન એ૦ મેહરજી ચાંદણા નો૦ બો૦ દારાબ બો૦ અરદવાન મડંગ ભરુચી.

,, ૧૭૨૭ રોજ ૭ માહ ૬ એ૦ માણક એ૦ બેહમન એ૦ મેહરજી ચાંદજી નો૦ બો૦ ધનજી બો૦ પુંજા ધાંધી મલેશરા ટકા ૪ રાસમાં.

,, ૧૭૨૭ રોજ ૨ માહ ૭ એ૦ નોશેરવાન એ૦ મેહરજી એ૦ ચાંદણા નો૦ બો૦ માં ઇબો૦ નરશંગ ગાંબડીઓ શુરતીઓ.

,, ૧૭૨૮ રોજ ૧૧ માહ ૮ એ૦ કુકા એ૦ મેહરજી એ૦ ચાંદણા બેહમન નો૦ બો૦ દારાબ બો૦ ધનજી બેહરાંમ ચાંદ ટકા ૪ રાશમે.

,, ૧૭૩૮ રોજ ૩ માહ ૬ એ૦ કેરશાશ એ૦ બેહમન એ૦ મેહરજી એ૦ ચાંદણા એ૦ બેહમન એ૦ ચાંદા પાલંણ (નો૦) બો૦ રાજબાઇ બો૦ શાગર બેહરાંમ ચાંદા મલેશરો.

,, ૧૭૩૮ રોજ ૩ માહ ૬ એ૦ નવરોજ એ૦ શોહરાબ એ૦ કેકબાદ એ૦ ચાંદણા બેહમન ચાંદા પાલંણ ટકા ૪) રાશે નો૦ બો૦ શાગર બો૦ બેહરાંમ ચાંદા મલેશરો ફ્રા૦ રામજી શાગરે કીધુ.

મરહુમ મેહરજી નવસારીનાં જાણીતાં મોબેદ કાકા પાહલનના નબીરાના નબીરા હતા. તેમની તે સગાઇ નીચેની વંશાવળીપરથી બરાબર માલમ પડી આવશે.

એ૦ જરથોસ્ત

એ૦ કાંમદીન

એ૦ મોબેદ

એ૦ કામદીન

એ૦ રાણા

એ૦ ચાંદણા

એ૦ આના

એ૦ પાહલન (કાકા પાહલન)

એ૦ ચાંદણા

એ૦ બેહમન

એ૦ ચાંદણા

એ૦ મેહેરજી.

મજકુર જરથોસ્ત મોબેદ પહેલ વહેલા રોજ ૨૪ માહ ૧ યઝદેઝરદી સને ૫૫૧ (ઇસવી ૧૧૮૨) માં નવસારી ખાતે પધાર્યા હતા. (જુઓ "ભગર સાથ વંશાવળી"નો દીબાચો.)

મરહુમ મેહરજીના ત્રણ બેટા હતા. તેઓમાં સૌથી વડો બેહમન પોતાની પાછળ માણેક અને કેરશાસ્પ નામના બે દીકરાઓ છોડી પોતાના પીતાનાં મરણની સોળ વર્ષ આગમજ ઇસવી ૧૬૬૫ (સંવત ૧૭૨૧) માં આ દુન્યાથી પોતાનો અસબાબ ઉઠાવી ચાલતા થયા હતા. બીજા બે બેટાઓ નોશેરવાન અને કુકા પોતાના પીતાની ચાલુ ખીદમતમાં રહયા હતા. મરહુમના બંન્ને બેટાઓ અને બન્ને નબીરાઓએ નવસારીની ભગર સાથની જાણીતી દરેમેહરમાં દરેક ક્રિયા કામો કર્યાં હતાં તેમજ નાવર, મરાતબ પણ પઢાવ્યા હતા. આ વિગતના દાખલાઓ નાવરયાઓની ફેહરેસ્તમાંથી મળી આવે છે કે જે (મઉંવાલા મરહુમ દસ્તુરજી) ખુરસેદજી જમશેદજી (૧૮૩૧-૧૯૧૨) એ છપાવેલી ફેહરેશ્તના સફે ૧૭ થી ૧૯ સુધી જોતાં મરહુમ મેહરજીના નબીરા માણેક બેહમને સંવત ૧૭૩૪ થી ૧૭૪૦ સુધીમાં (ઈસવી ૧૬૭૮-૧૬૮૪) સાત નાવરો પઢાવેલા નીચે મુજબ નોંધાયલા છે:

સંવત ૧૭૩૪ રોજ ૧૭ માહ ૫ એ૦ રૂશતમ આ માંકા એ૦ આ૦ હીરા આ૦ રૂશતમ અકલેશરા નો૦ આ૦ મનોચેહેર એ૦ ફરેદુન એ૦ કાવશ એ૦ જેશંગ એ૦ હોશંગ એ૦ કામદીન ભરુચી.

૧ એ૦ પાલંન આંણાં. ૧ એ૦ આશા હોશંગ.

શા૦ દારાબ નરીમાંન તથા **માંણક બહમંન** શા૦ મનુચેર દાદા આંતી.

મેહરજ ચાંદણાં તથા સોહરાબ બરજો મસાં.

*　　*　　*

સંવત ૧૭૩૪ રોજ ૨૭ માહ ૭ એ૰ ફરેદુન એ૰ બેહમન એ૰ ફરામરોજ એ૰ જમશેદ એ૰ ચાંદણાં એ૰ ધરપાલ એ૰ નરસંગ આશા નો૰ બો૰ મન બો૰ હીરજી શાપુર મલુ ટકા ૪) રાશે.

૧ એ૰ શાપુર ચાંદણાં. ૧ એ૰ શાએર ચાંદા દાદા.
શા૰નોશેરવાંન નવરોજ તથા શા૰ હોમજી સોહરાબ કુક તથા
માંણક બહમન મેહેરજી. મનોચેહર દાદા આંતીઆ

* * *

,, ૧૭૩૭ રોજ ૨૯ માહ ૩ એ૰ માંણ એ૰ હોમજી નવરોજ એ૰ પેશીતંન શહીઆર, શાપુર શહીઆર અ નો૰ બો૰ હીરાઈ બો૰ રૂશતમ જીવણ જાંહેનો અનોશેરવાંન ફા૰ રૂશતંમ ટકા ૪ રાશમે.

૧ એ૰ શાપુર ચાંદણાં. ૧ એ૰ શહીઆર હોશંગ.
શા૰ માંણક બહમંન મેહરજી ચાંદણા. શા૰ મનોચેહર દાદ રૂશતંમ આંતીઆ

* * *

,, ૧૭૩૭ રોજ ૨૯ માહા ૮ એ૰ કુક. એ૰ જમશેદ એ૰ હોમજી બેહરાં આંતીઆ ટકા ૪ રાશમાં નો૰ બોર નાંહનાં બો૰ પેશોતન આબલીઆ વેશુમાં રેય ટકા ૪ રાશમાં લી.

૧ એ૰ પાલંણ આંણાં. ૧ એ૰ શાએર ચાંદા દાદા.
શા૰ દારાબ નરીમાંન તથા **માંણક બહમન** શા૰ મનોચેર દાદા આંતીઆનો.
તથા નોશેરવાંન નવરો.

* * *

,, ૧૭૩૮ રોજ ૨૮ માહ ૬ એ૰ બહમંન એ૰ હોમજી એ૰ ચાંદજી એ૰ પેશીતંન એ૰ શહીઆર શાપુર સહીઆર અવલ નો૰ બો૰ વીરબાઈ બો૰ મેહરજી તારાપુર ફા૰ પદંમ મેહરજી.

૧ એ૰ શાપુર ચાંદણાં. ૧ એ૰ રાંણાં આંતીઆ.
શા૰ હોમજી મલાં, તથા દારાબ નરીમાંન શા૰ હોમજી શોહરાબ કુકા.
તથા **માંણક બહમન મેહેરજી** ચાંદણાં.

* * *

.. ૧૭૩૯ રોજ ૧૮ માહ ૮ એ૰ બેહરાંમ એ૰ મેહરજી એ૰ બેહમંનજી એ૰ બેહરાંમ એ૰ ફરેદુન નો૰ બો૰ માંણક બો૰ જીવા કકુઆ શેહુલી ટકા ૪ રાશમાં વાંટી લીધા છે.

૧ એ૰ શાપુર ચાંદણાં. ૧ એ૰ શાએર ચાંદા.
શા૰ દારાબ નરીમાંન તથા **માંણક બેહમંન** શા૰ દાદા શુહરાબ તથા
તથા હોમજી મલાં. માંણક પેશતંન.

* * *

સંવત ૧૭૪૦ રોજ ૫ માહ ૮ એ૦ હીરજી એ૦ કાઉશ એ૦ સંજાણા શીધવો નો૦ એ૦
૧ પાલંણ આંણાં. ૧ એ૦ રાંણાં આંતીઆ.
શા૦ નોશેરવાંન નવ. તથા દારાબ નરીમાંન શા૦ હોમજી શોહરાબ કુકા.
તથા **માંણક બેહમન.**

* * * * * * *

આ મુજબ મરહુમ મેહરજીના નબીરા માણેક બેહમને સાત નાવર પઢાવ્યા હતા, તથા એ મરહુમની સાથવાળા એ૦ મીનોચહેર હોમજીએ સંવત ૧૭૨૫ થી ૧૭૪૦ સુધીમાં (ઇસ્વી ૧૬૬૯-૧૬૮૪) ૧૯ નાવરો ભણાવ્યાની તથા તેમના બેટા આદર મીનોચહેર હોમજીએ સંવત ૧૭૩૯ થી ૧૭૪૦ માં (ઇસ્વી ૧૬૮૩-૧૬૮૪) બે નાવર ભણાવ્યાની નોંધ પણ જળવાઈ રહેલી છે. મરહુમ મેહરજી પોતે પણ એજ દરેમેહરમાં નાવર, મરાતબ થયા હતા, પણ કમનસીબે જેમ એમના જન્મની તારીખ મલી શકતી નથી તેમ એમની નાવર થયાની નોંધ પણ જડતી નથી. બનવા જોગ છે કે મરહુમના નાવર થયા બાદ નાવર નોંધવાની શરૂઆત થઇ હોય, યાતો ફહરેસ્ત નકલકારોને આગળ થઈ ગયલા નાવરોની નોંધ મળી ન હોય.

એમ છતાં મરહુમ મેહરજીનાં વડવાઓએ નવસારીની અંજુમન ને લગતાં અગત્યનાં કાંમોમાં કેવો આગેવાન ભાગ લીધો હતો તે નીચલી હકીકતો ઉપરથી ખુલ્લું માલુમ પડી આવે છે.

મરહુમ મેહરજી રાંદનાના વડવાઓ નવસારીના આગેવાન પુરૂષો.

(૧) ઇસ્વી ૧૫૬૬ માં નવસારીનાં મોબેદોએ ક્રિયાઓ બરાબર કરવા અને ભાગ લાગ પ્રમાણીકપણે વેંહચવા વિષેના બંદોબસ્તનો એક લેખ કર્યો હતો તેમાં દસ્તુર મેહરજી રાણાં પછી બીજી સહી મરહુમ **મેહરજીના બપાવા બેહમન ચાંદનાએ કરી** છે—

બોલાશો એ૦ એટલે એરવદ *
ઓ૦ ,, (મરદ હોએ તો ઓશના) (અથવા ઓરત હોએ તો ઓશની*)
બે૦ ,, બેહદીન *
પા૦ ,, પાલક બેટો*
શા૦ શારનાર એટલે જે નાવર પઢાવનાર મોબેદોનાં નાંમ *
નો૦ ,, નાવર કરનાર ધની અથવા ધનીઆનીનું નામ *

(૨) ઇસવી ૧૫૮૦ માં નવસારીની અંજુમન જોગો સમસ્ત હેરબદોએ દસ્તુર મેહરજી રાણાંની રજા સિવાય કાંમ નહી કરવુ એવો એક લેખ કર્યો હતો તેમાં ૨૧) મોબેદોની સહી છે તેમાં પેહલી સહી મજકુર **બેહુમન ચાંદનાં**ની જોવામાં આવે છે.

(૩) સઇવી ૧૫૨૭ તેમજ ૧૫૩૫ માં **ઈરાંની દસ્તુરો** એ હિંદુસ્તાંનની અંજુમન જોગા ધાર્મિક સવાલનાં જવાબો ખંભાતવાસી બેહદીન **કામા આશા** મારફતે મોકલાવ્યા હતા તેની સરૂઆતમાં નવસારીનાં આગેવાન બેહદીન અને મોબેદોના નામો લખ્યાં છે તેમાં ત્રીજુ નામ મરહુમ મેહરજીનાં બપાવાના બાવા **ચાંદનાં પાહલન**નું જોવામાં આવે છે.

(૪) મરહુમ મેહરજીનાં બપાવાનાં બપાવા પાહલન આનાંના નામથી નવસારીનાં મોબેદો વચ્ચે **કાકા પાહુલન**ની પોળ (પારસી પ્રકાસ દફ. ૧ પા. ૩) પ્રખ્યાત છે. એજ પ્રમાણે મરહુમ મેહરજીએ પોતેબી નવસારીની અંજુમનને લગતાં અગત્યનાં કેટલાક દસ્તાવેજો ઉપર સહીઓ કરી છે.

મેહરજી ચાંદનાની કરકરીયા વાડી.

મરહુમ મેહરજીની નવસારીમાં રૂવાનોને અવલ મંજલ લઈ જવાના રસ્તાની બાજુમાં પાવલ્યાં મધે જાતખાતાંની ઇનામી જમીન હતી જેનો ભોગવટો એઓ મરહુમ પોતાના વડા ભાઇ કેકોબાદની સાથે કરતા હતા પણ કેકોબાદના મરણ પછી પોતે એકલાજ વહીવટ કરતા હતા. મરહુમનાં મરણ પછી તેમના બેટાઓ અને નબીરાઓએ તે જગ્યાનો વહીવટ કર્યો હતો; પણ સંવત ૧૭૭૪ (ઈ. ૧૭૧૮) માં એક લેખીત દસ્તાવેજ થતાં તેની રૂએ મરહુમના બીજા બેટા નોશીરવાને પોતાના પાંચ બેટાઓની મદદ સાથે બીજા ભાગ્યાઓની સમંતીથી એ જગ્યાનો એકલે હાથે વહિવટ કરવા માંડયો હતો. આ જમીન મરહુમ મેહરજીની પાંચ પેઢી સુધી તેમને હસ્તક રહી, પણ પાછળથી આ જગ્યામાં ચોમાસાનાં દીવસોમાં વારે ઘડીએ રેલો આવવાથી પાકને નુકશાંન થવા સાથ રેલના પાણી નીકલી જતાં તેમાંની કયારીઓમાં ભરાઈ રહેલુ ભાથુ (રેતી) કઢાવતાં અને તેને ફરી કયારીઓ બનાવતાં વીષેશ ખરચ લાગતો હતો, તે સાથ વેલાસર સરકારી ભરણુ નહી ભરાવાથી કેટલીક તકલીફો વેથવી પડતી હતી.

અને તેમાં કેટલીક વખતે તો મરહુમની બીજી જગ્યાઓ ગીરવી મુકી સરકારી દર ભરવો પડતો હતો,—દાખલા તરીકે સંવત ૧૭૮૩ (ઇસવી ૧૭૨૭) માં નવસારી ખાતે ગાંધયાંમાં આવેલી આબાવાડી નામે જગ્યાનાં આબાનાં જાડુડો ૧૧ વર્સને પટે

ગીરવી મુકી રૂ. ૭૧ નો ઉપાડ મજકુર જગ્યાનાં ભરણા માટે એ મરહુમનાં વારેસોએ કરયો હતો. એવા સબબોથી મરહુમનાં વારેશો ને સંવત ૧૭૯૬ (ઇસવી ૧૭૪૦) માં એ જગ્યા છોડી દેવાની ફરજ પડી હતી.

આ જગ્યા કકરીયાવારી અથવા કરકરીયાંવારીને નામે ઓળખાતી હતી અને તે પૈકી ૩૧॥ વીઘાં જમીન મરહુમ મેહેરજીનાં વારેસોની માલેકીની હતી અને તે પોલ્યા દેસાઇ જીવણજી માણેકજી (૧૭૧૧–૧૭૭૪)ના જાતખાતાની જગ્યાઓમાં તેનો સમાવેસ થયલો હોય એમ કેટલીક જુની નોંધો ઉપરથી જણાય છે.

મરહુમ દેશાઇ જીવણજી, પોલ્યાદેસાઈ સોહરાબજી બેહરામજી જેઓ ઇસવી ૧૬૭૮ માં બેહસ્તનશીન થયા હતા તથા જેઓએ ઇસવી ૧૬૩૬ માં નવસારીમાં પ્રખ્યાત પોલ્યા દેસાઇની પોળનું એક મોટું મકાન પોતાના કુટુંબના વસવાત અર્થે બનાવ્યું હતું તથા પોતાનો બાપીકો દેસાઈગરાનો હક કે જે દીલ્લીનાં મોગળ બાદશાહનાં ફરમાનની રૂયે મલેલો હતો તેનો ભોગવતો કર્યો હતો, તેમના નબીરા હોમજીભાઇ ટેમુલજી († ૧૭૦૧) ના નબીરા હતા. એમનો જન્મ ઇસવી ૧૭૧૧ માં તથા મરણ ૧૭૭૪ માં થયુ હતું એઓએ ૪૪ વર્ષ દેસાઇગરી તથા અકાબરી પોતાના બાપના ઇ૦ ૧૭૩૦ માં નીપજેલા મરણ પછી નવસારી ખાતે ચલાવી હતી. દેસાઇ શ્રી ખોરશેદજી ટેહમુલજી (૧૬૯૮–૧૭૭૯) સાથે એમને વતનો (જાગીરો)ની હદ બાબદ કેટલીક ભાંજઘડો ચાલવાથી દામાજીરાવ ગાયકવાડે ઇસવી ૧૭૪૬ માં આ બન્ને દેસાઇઓની જાગીરીની હદ મુકરર કરી આપી હતી.

આ પોલ્યા દેસાઈ જીવણજીના કુંટુંબના મુળ પુરૂષ બેહરાંમ ફરેદુન († ઇ૦ ૧૬૨૨)નાં બપાવાના બપાવા બેહરામ પાહુલનનુ નામ ઇસવી ૧૫૨૭ તેમજ ૧૫૩૫ મા ઈરાંની દસ્તુરોએ હીંદુસ્થાનની અનજુમન જોગા ધાર્મીક સવાલોના જવાબો મોકલાવ્યા તેને મથાળે ચોથુ જોવામાં આવે છે કે જેમ મરહુમ મેહેરજી ચાંદનાનાં બપાવાના બાવા ચાંદનાં પાહુલનનું ત્રીજુ નામ જોવામાં આવે છે. આ બન્ને ભાઇઓ ચાંદનાં અને બેહરાંમ તે વખતમાં નવસારીની અનજુમનમાં આગેવાન દરજ્જો ધરાવતા હતા એમ આ ઉપરથી ખુલ્લું દીસે છે. (જુવો પારસી પ્રકાશ દફ. ૧. પા. ૭. ૮).

કકરીઆ કુટુંબ પાસેની સંવત ૧૭૯૧ (ઇસવી ૧૭૩૫) ની એક પુરાણી દસ્તાવેજી નોંધમાં જણાવ્યા પ્રમાણે મજકુર પોલ્યા દેસાઇ જીવણજી માણેકજીની જાત

ખાતાની જામીનગીર રૂા. ૧૪૦૦૦ નો વેરો રાવ શ્રી ગંગાજી ગાયકવાડે નાખ્યો, તે વેરાનાં પેટામાં રૂા. ૨૯૬ તેઓએ પોતાના ફાલાના ભરયા હતા, કારણકે કકરીઆવારીની જગ્યા મજકુર જીવણજી દેસાઇની જાતખાતાં પૈકી હતી.

(આ પ્રમાણે પોલ્યા દેસાઈ અને કકરીઆઓનાં સંબંધનો ટુંક ઇતેખાબ છે.)

પોલ્યાઓની પોલ અને કકરીઆ મોહલ્લો નવસારીમાં એકજ લતા પર સામસામી આવેલા હોવાથી એ બંન્ને કુટુંબનાં વડવાઓ ફુરસદની વેલા પોલની બેઠક ઉપર બેસી છુટથી વાતોમાં વખત ગુજારતા હતા, તેમા ખસુસ રાત્રીની વેલા મોડે સુધી ખુશ મીજાજમાં કાહડતા હતા. કેટલેક પ્રસંગે સાથે ખાનીપીની અને જીયાફતો લેતા. આ પ્રમાણે મીત્રાચારીનો ઘાટો સંબંધ હોવાથી વખતો વખત વેઠવી પડતી મુશીબતો વેલા દીલસોઝ સલાહ અને કીમતી મદદો પોલ્યા દેશાઇઓએ આપ્યાની ઘણીક સાહદતો કકરીઆઓનાં હાલનાં બુઝર્ગો જણાવે છે જે સર્વનું વીગતે વર્ણન નહી લખતાં નીચલો એકજ દાખલો આપીશું.

ભગરયા મોબેદો અને બેહદીનો વચ્ચે મરહુમ **મીનોચેહર હોમજી** અને તેમની સાથનાં મોબેદો વીશેનો બંદોબસ્ત સંવત ૧૭૯૦ (ઇસવી ૧૭૩૪) માં થયો તેની રૂયે એ બંન્ને ટોલાના પંથકોની આવક જમા રાખી દર વર્ષે પાઘડી દીઠ વેંહચી લેતા, આ પ્રમાણેનો વહીવટ વર્ષ ૭ શુધી ચાલવા પછી સંવંત ૧૭૯૭ (ઇસવી ૧૭૪૧) માં ભગર સાથ અનજુમનનાં મુખીઓએ તેમના તે વખતનાં કારસાજ તથા પુરતીબાન શ્રી ખોરશેદજી ટેહમુલજી દેસાઈ (૧૬૯૮–૧૭૭૯) ને એવી મતલબનો એક લેખ કરી આપ્યો કે તે વખતમાં નવસારીમાં વસ્તા સનજાના મોબેદો સાંથ આપણા હકોની બાબદમાં કોર્ટ લડતાં જે ખરચ થાય તે તેઓએ કરી, આપણી રાશમાથી વસુલ લેવો અને જયારે તેની વસુલાત પુરી થાય ત્યારે મજકુર સંવત ૧૭૯૦ નાં કરાર પ્રમાણે વેંહચની કરવી.

આ લખતની રૂયે મીનોચેહરહોમજીની સાથવાલાઓ પાસેબી તેઓનાં પંથકનુ નાણુ તથા સ્યાવ (મરહુમોની નયતે ઇજાયલાં કપડાં) દેસાઇઓને ત્યાં મંગાવી લેતા, એવી રીતે લાંબો વખત સુધી ચાલ્યા પછી તે તેઓએ આપવા આના કાની કરી, કારણકે જ્યારે આવક દેસાઇઓને ત્યાં જમે થતી, ત્યારે તેઓને પોતાના કુટુંબનાં ગુજરાન અર્થે વીશેષ તકલીફ પડવા માડી. પરંતુ દેસાઇજીઓએ તો પોતાના સીપાઇઓ (કે જેઓ મોટે ભાગે ભગરયાઓજ હતા) તેઓને મોકલી ઉંઘરાણી કરાવતાજ રહયા. આવા સબબથી તેઓમાં ગરીબાઇએ ઘર ઘાલ્યુ. (આ હકી

ફતો વીશેષ છે પણ ટુંકમાંજ દરશાવવા જરૂર વીચારૂ છુ) ત્યારે તે વખતના અકાબર પોલ્યા દેસાઈ જામાસ્પજી ટેહમુલજી (૧૭૬૧-૧૮૩૦)ની સલાહથી સ્યાવ તથા નાણુ મોટા દેસાઇજીને ત્યાં આપવાનું રોજ ૬.માહ ૨ સંવત ૧૮૮૬ (ઇસવી ૧૮૩૦ નવેમ્બર ૬) ને દીનથી બંધ કીધું હતું.

આ કારણે મોટા દેસાઈવાલા જમશેદજી મીનોચેહરજી (૧૭૭૮-૧૮૪૧) એ ભગર અનજુમનનાં મુખીઓએ કરી આપેલા મજકુર સંવત ૧૭૯૭ નાં (ઇ. ૧૭૪૧ લેખેની રૂયે ગાયકવાડીમાં ફરીયાદ નહી માડતાં સુરતની બ્રીટીષ અદાલતમાં મીનોચેહેર હોમજીના સાથવાલાઓ ઉપર દાવો માડયો હતો.*

પેહલા સર જમશેદજીની મદદ.

આ વખતે મીનોચેહરહોમજી ટોલાનાં મોટા મદદગાર નામાકીત મશહુર નર મરહુમ પેહલા **સર જમશેદજી જીજીભાઈ** (૧૭૮૩-૧૮૫૯) એ ટોળાને માથે એક છતર સમાન થઈ સુરતના નામીચાં **બાહદુર અરદેશર કોટવાલ** (૧૭૯૭-૧૮૫૬) મારફતે ત્યાની અદાલતમાં એ નાચાર બનેલા ટોલા માટે અવાજ કરાવ્યો તે ઠેઠ તે વખતનાં સુરત ખાતેનાં ગવરનરના એજંટ જયોરજ લેટસમ એલ્યટ સાહેબને કાને તેનો પડઘો જવાથી ઘટતી તજવીજ કરી તા૦ ૨૯ મી માર્ચ ૧૮૪૧ ને દીને મીનોચેહર હોમજીની સાથના મોબેદોનાં લાભમા આ કેસ ચુકવ્યો હતો.

મી૰ એલ્યટ સાહેબ પોતાની દાયરીમાં તા૰ ૧ લી એપ્રીલ ૧૮૩૯ માં લખે છે કે :—

> "દેસાઈ નોશારીના શીઆવ બાબદ લડે છે તે રદ છે એને કંઈ પોહચતુ નહી એ સર્વ મોબેદો ખાય. જેને પોંહચે છે તેહને પોંહચે. એ ઉપર દેસાઈનો દાવો નહી."

એ પછી તા૦ ૭ મી મેએ ૧૮૩૯ ને દીને ગાયકવાડના સર સુબાને એ નામાકીત કલેકટર ઇલ્યત સાહેબ હુકમ ફરમાવે છે કે—

---

* તે વખતના ગાયકવાડ શ્રી શીયાજીરાવ બીજા (૧૮૦૦-૧૮૪૭, રાજ અમલ ૧૮૧૧-૧૮૪૭) અને મોટા દેસાઇ ખાનદાન વચ્ચે વતનોની બાબદમાં મતભેદ પડેલો હોવાથી બ્રીટીષ સરકારની ગારાંટી અથવા બાહેધરીને કારણે ઉપલો દાવો સુરત ખાતે મંડાયો હતો.

"અગર દેસાઈ લોકો હવે પછી ફરી દાવો કરે, ને મોબેદ લોક તમારી પાસે આવે તો તેનું સાંભલી દેસાઇનો દાવો રદ કરવો. સબબ કે દેશાઇઓનું એ ઉપર .કંઈ પોહચતું નથી, એજ."

પરણતુ એ વીષેનો સતાવાર ચુકાદો એ કેસને લગતાં પત્રકો વડી અદાલત મા તપાસની અર્થે મોકલવા પછી ઉપર મુજબનો તા૦ ૨૯ મી માર્ચ ૧૮૪૧ ને દીને આવ્યો હતો. જામે જમશેદ તા૦ ૧૫ મી જુલાઇ ૧૯૧૦.)

આ ઉપરથી માનવાને અનેક કારણો મળે છે કે એ જગ્યાનાં નાંમ પરથીજ મરહુમનાં વંશજની કકરીયા અથવા **કરકરીયા** અટક પડી હોય, કેમકે ખુદ મરહુમ મેહરજીનાં મરણ સુધી તો એ મરહુમની અટક ચાંદણાજ હતી, જે જુના લેખો ઉપરથી માલમ પડે છે.

કકરીયાવાડના ઘરો.

આ જમીન ઉપરાંત મરહુમ અને તેમના ભાઇ કેકોબાદનું મકાન હાલના કકરીયાવાડ નામે ઓલખાતા મહોલ્લામાં હતું. આ **કકરીયાવાડ** પેહલાં આશા દાજીના મહોલ્લા તરીકે ઓલખાતો હતો. આ મકાન છ ગાળાનું પોણી ત્રીસ દરજી ગજનું હતું. કે જે હાલમાં માણેકજી ડોસાજી કરકરીયાનાં ઘરથી તે બરજોર દારૂ કરકરીયાનાં ઘર સુધી એ મરહુમનાં વારસોના કબજામાં છે. આ મકાનની વહેંચણી સંવત ૧૭૯૬ (ઈસવી ૧૭૪૦) માં મરહુમના વારસોમાં થઈ હતી જે બાએનો અરસ પરસનો કરાર ૧૭૯૬ માં થયલો છે.

મલેસર ખાતે મરહુમ નામદાર પહેલા સર જમશેદજી જીજીભાઇએ ગુજરાતી નિશાળ અને ધર્મ શિક્ષણના વર્ગો ખોલ્યા તે પહેલા ત્યાંના છોકરાંઓની નિશાળ મરહુમ મહેરજીના વારેસો ભણાવતા હતા અને તે નિશાળનું મકાન પણ તેમની માલેકીનું હતું જે હાલમાં અગ્યારી મહોલ્લામાં મી૦ મેહરવાનજી હોરમસજી કાસદની માલેકીનું છે. આ મકાનમાં મરહુમના વારેસો નિશાળ ભણાવતા હોવાથી તે લત્તો નિશાળ ફલ્યું તરીકે ઓળખાતો હતો.

આ ઉપરાંત બીજાં લખાણો ઉપરથી જણાય છે કે મરહુમ અને મરહુમના વારેસોની ઘણી જગ્યાઓ નવસારી અને સુરત ખાતે પણ હતી.

મરહુમ મેહરજી મલેસર ખાતેનાં બેહદીન સાહેબોના પંથકી હોવાથી સંવત્ ૧૭૨૮ ના રોજ ૧૬ માહ ૧૦ ને દીને બેહદીન સાહેબોએ એક લેખ

[illegible]

[illegible]

[illegible] قرار [illegible]

श्री मिले सरप ह [illegible] राम स्वनी [illegible] तथा [illegible]

[illegible]

[illegible] मिहिर [illegible] वडा [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] मोटे [illegible]

[illegible]

[illegible]

१ [illegible] १ [illegible] १ [illegible]

१ [illegible] १ [illegible] १ [illegible]

१ [illegible] १ [illegible] १ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible] १ [illegible] १ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible]

१ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible] १ [illegible]

१ [illegible] १ [illegible] १ [illegible]

ફારસી ભાષામાં લખી આપ્યો હતો અને તે ફારસી લેખ સાથે તેનો ગુજરાતી અર્થ પણ નીચે મુજબ લખ્યો હતો.

"કુકરીયાઓની મુખય સનદ."

સી. મલેસર પહલીએના પારશી સમશત નાહના તથા મોટા સમશત જત અમો શરવ પંચ એતફાક થઈ કરાર કીધો જે આપણા વડાએ અશલ આં. મીહીરજી ચાંદણાંના વડાની કુલકરી લાવા છે જે અમારૂ અધારૂપણાંનું કાંમ તમો પાસી કરાવીએ તેની વગત વેહેવા થાએ જેની વરણી તથા ઉઠેણાંની ધુપ દેખદાવી તા. ચેહારંમનુ આફ્રીગાન કરે તથા કુઆરા છોકરાની નવજોત તા. રોજ દીશા શાલ પશાલ તમો પાશૈ કામ કરાવીએ તે ઉપર આ. મીહીરજીનાં બાપદાદા હમેશૈ કામ કરતા આવા અને આપણા વડાંએ એહો પાશૈ કામ કરાવેઉ તે ઉપર અમો શરવ પંચ બેશીને લખુ કરૂ જૈ એહોનાં વડા બાપદાદા કામ કરતા આવા જે અમોભી રાજી થઇને એહો પાસૈ શાલ પશાલ કામ કરાવીએ એ ઉપર કોએ બીજો લોદગી કરી અમલ કરી તથા કરીએ નહી જે કોઈ એ લખા ઉપર લોદકી કરી અમલ કરે તે શ્રી શરીનો ગોનેગાર તા. દીવાંનમાં ગોનેગારી રૂ૨૫ પચીશ ભરે તથા અમારા વડા કુલ કરી એહોને લાવા છે માઠે અમો અમારા વડાનું કુલ પાલવા લખુ કરૂ છે તા. અધારૂએ કબુલ કરૂ છે અમારા વડાં શાથઈ જે તમારૂ કાંમ શાલ પશાલ ચલાવું માટે શરવ પંચ રાજી થાઇને લખુ કરૂ છે શંવત ૧૭૨૮ વરખે રોજ ૧૬ મા ૧૦ શ્રાવણ વદી ૧૩ એ અમો શરવ રાજી થાઈને લખુ છે આ૦ મીહેરજી ચાંદના ઉપર રાજી રેહેઉ.

૧ શાગર બેરાંમ મતુ
૨ ધનજી બેરાંમ મતુ
૩ ખુરશેદ ધરપાલ મતુ
૪ શાગર રાંણાં મતુ
૫ રૂસતમ રાંમજી મતુ
૬ રાંણા ધરપાલ મતુ
૭ ચાંનજી કાંમજી મતુ
૮ જમશેદ ચાંદા મતુ
૯ ચાંનજી ધનજી મતુ
૧૦ કાંમજી ખુરશેદ મતુ
૧૧ જીવણ ધનજી મતુ
૧૨ વેરા નાંહનાનક બાં મતુ
૧૩ શાપુર હાંચા મતુ
૧૪ ખુરશેદ હીરા મતુ
૧૫ પોમાં કામાં મતુ
૧૬ બાંમજી ચાંદા મતુ
૧૭ કાવશ વાછા મતુ
૧૮ જમશેદ આશા મતુ
૧૯ હીરા નરશંગ મતુ
૨૦ મેહરજી રૂસતંમ મતુ
૨૧ તેમુલ ચાંનજી મતુ
૨૨ કાંનજી આશા મતુ

૨૩ ઓશંગ શાગર મતુ
૨૪ શાપુર પદમ મતુ
૨૫ વેરા આશા હીરા મતુ
૨૬ વેરા મેહરજી ચાંનજી મતુ
૨૭ કુકા કાંમદીન મતુ
૨૮ વેરા પેશીતન પદમ મતુ
૨૯ વેરા ચાંદા શાગર મતુ
૩૦ માણેક કાઊશ મતુ
૩૧ વેરા ચાંનજી રાંમજી મતુ
૩૨ મેહરજી માંણેક મતુ
૩૩ રાંમજી ખુરશેદ મતુ
૩૪ લીમડા રાંમજી રતુ
૩૫ ભાઇજી આશદીન મતુ
૩૬ ચાંનજી રાંમજી મતુ
૩૭ ધરપાલ બમંન મતુ
૩૮ વેરા પેસતન રૂસતમ મતુ
૩૯ વેરા પેશી આશદીન મતુ
૪૦ વા૦ દારાબ અસપુ મતુ
૪૧ વા૦ બાંમ કાવશ મતુ
૪૨ વા૦ શાગર આસદીન મતુ
૪૩ ચાંદા કડવા મતુ
૪૪ ધનજી નરશંગ મતુ
૪૫ વા૦ એરાંમ હીરાજી મતુ
૪૬ એરાંમ કાવશ મતુ
૪૭ શાગર કાવા મતુ
૪૮ હીરજી ખરશેદ મતુ
૪૯ શરવભાઇ શમશત મતુ
૫૦ મેહરજી શંઇઆર મતુ
૫૧ જમશેદ શેરીઆર મતુ
૫૨ જીવણ ધનજી મતુ કરલી
૫૩ કાવશ ધનજી મતુ
૫૪ કાવશ રાંણા મતુ
૫૫ અસપુ નરીમાંન મતુ
૫૬ વા૦ હીરા શાગર મતુ
૫૭ વા૦ માંણકજી નરશંગ મતુ
૫૮ વા૦ બાંમ મેહજી મતુ
૫૯ જમશેદ ધનજી મતુ
૬૦ વા૦ ફીકા માંણજી મતુ
૬૧ વા૦ ઓશંગ રાણા મતુ
૬૨ એરાંમ ખરશેદ મતુ
૬૩ આશા રાંમજી મતુ
૬૪ જમશેદ હોશંગ મતુ
૬૫ ચાંદના રૂસતમ મતુ
૬૬ જીવણ રાંમાં મતુ
(શર જમશેદજીના વડવા)
૬૭ હીરા ચાંદા મતુ
૬૮ જોગી શાપુર મતુ
૬૯ જીવણ પદમ મતુ
૭૦ વા૦ નાનાં માણક મતુ
૭૧ મેહરજી જમશેદ મતુ
૭૨ વા૦ બામાં પદમ મતુ
૭૩ હાતા મનજી મતુ
૭૪ બંમંન આશદીન મતું
૭૫ કાઉશા લીંબા મતુ
૭૬ માણેક રાંમજી મતુ
૭૭ મેહરજી પેશીતન મતુ
૭૮ વા૦ દાજી ધનજી મતુ
૭૯ વા૦ બંમન મતુ આશારાંમજી
૮૦ ખરશેદ રાંમજી મતુ
૮૧ વેરા કાંમજી મેહરજી મતુ

ઉપલા ૮૧ બેહદીન સાહેબોની સહી સાથનો અસલ લેખ એ૦ મેહરવાનજી હોરમસજી કરકરીયા પાસે મોજુદ છે અને તે મી૦ સો. મ. દેસાઇવાળી "તવારીખે નવસારી"માં પાને ૨૦૩ પર પ્રગટ થયલો છે. આ લેખ મલેસરની બેહદીન અનજુમને એકત્ર થઇ એ૦ મેહરજીને લખી આપ્યો તેજ દીને એ૦ મેહરજીએ પોતે

તથા પોતાના ભત્રીજા એ૦ સોહરાબ કેકોબાદ સાથે મળીને નીચલો લેખ બેહદીન સાહેબોને લખી આપ્યો છે કે જે મુજબ "હમકાર સાથ (ભગર સાથ) જો મલેસરને અટકાવે (ધાર્મિક ક્રિયા બંધ કરાવે) તો તે કામ અમો ચલાવું (ચલાવ્યે.)" આ લેખ પણ પેહલા લેખની પેઠે તેની અસલ ભાષામાં નીચે મુજબ છે.

બેહદીનોને મેહરજી અને તેમણા ભત્રીજાએ લખી આપેલો લેખ.

બેહેદીન શમસ્ત નોશારીના મોલે મલેશર તથા મોટા ફલીઆનાં જોગ લખતંગ અંધારૂ મેહરજી ચાદણાં તથા એધારૂ શેરાબ કેકબાદ જત તમારા વડાવો અમારા વડોવાને લાવેઓ તે શરવ મોબેદીનું કાંમ લેતું હતુ તે ઉપર હમકાર સાથે લખીઉ ક્રીધુ હતુ તે ઉપર અમારા હોકેમ વગરનું કાંમ કરે નહી તે ઉપર અંનજુમંને મલેશરનાં બેશી વીચાર કીધો જે અમારા એધારૂનું એ કાંમમો મુઆએમ છે તે ઉપર બેશી અનજુમને લખી આપુ જે તમારૂ એ કામમાં તમો ચલાવો તે કરતાં અમો પંચને રાજી નહી રાખો તો પંચ જે પાશે કાંમ ચલાવે તે સાથે દખલ નહી તે શાથે દખલ કરૂ તો કતબાનો જવાબ કરૂ બીજુ હમકાર સાથ જો મલેશરને અટકાવે તો તે કામ અમો ચલાવુ એ વાતમાં કશો શુખંદ નહી, કરૂતો શેરનો ગુનેગાર. બીજુ હમકાર જો મલેશર ફલીઆનું કામ અટકાવે તો વેવાવાજંન તથા મુઆં તથા જીવતાંનું તો તે કામ અમો ચલાવુ એ વાતમાં કશી તકશીર નહી કરૂ. તકશીર કરૂ તો બેહેદીન રાજી થાએ તે કણે કરાવે કાંમ એ લખુ શહી શા૦ ૧૭૨૮ રોજ ૧૯ મહેર માહા ૧૦ દેએ શાંવણુ વદ ૧૩

૧ અત્ર મતુ ૧ તત્ર શાખ

૧ મેહેરજી ચાંદણા મતુ.

૧ સોરાબ કેકેબાદ મતુ.

આ લેખ મલેસર અનજુમનના ટ્રસ્ટીઓએ પ્રગટ કરેલા જુના લેખોમાં પાન ૩૮ મે પ્રગટ કર્યો છે.

આ અરસ પરસના લેખોથી એટલુ અચુક સાબીત થાય છે કે મરહુમ મેહ૰જી અને તેમના ભત્રીજાએ મલેસરના બેહદીન સાહેબોને દરેક વાતમાં સંતોષ આપવાથી તેઓ એમના તરફ ખેંચાયા હતા. એ૦ મેહરજી ખુદ ભગરયા મોએદજ હતા છતાં ભગર સાથવાળાંઓ કાંઈ હરકત કરે તો પોતે તે કામ કરી આપવાની ખાસ હામ ભીડી બેહદીનોને અથોરનાનોની મરજી મુજબ ચાલવાની અગત-

માંથી સફાઈથી દુર કીધા હતા. બેહદીન સાહેબોની આ સેવા જેવી તેવી ન હતી. તે કારણે તો મરહુમ મેહરજીના વારેસો વચ્ચે અરસ પરસમાં પંથકના ક્રીયા કામો બાબે તકરાર બરપા થઈ હતી તે વખતે તેઓએ એક લેખ લખાવી લેઈ પોતાના પંથકીઓની તે ઉપર સહી કરાવી પોતે જાતે તે પર શાખ કરી હતી, અને આગલા વખતથી ચાલતા આવેલા રીવાજ મુજબ પોતાને ત્યાંનાં ભણુતર ક્રિયાઓની દરોબસ્તી કરી હતી જે લેખ કરકરયા કુટુંબીઓને ઉપયોગી હોવાથી નીચે મુજબ રજુ કર્યો છે.

બેહદીનોએ કરકરીયા કુટુંબીઓમાં સમાધાની કરાવયાનો લેખ.

શાલ ૧૭૮૯નાં વરખે શને ૧૧૪૫ હીજરી મુંતાબક શને ૧૧૪૦ ફસલ ત.૦ ૨૮ માહે જુમાંદીલ અવ્વલ અસવંતવદ ૫) ભોમે રોજ શ્રી ૩ માહા ૧ શ્રી અનજુમન મલેશર ફલીઆનાં શમશત બેહદીન માજદીઅશનાં જોગ લખતંગ અધારૂ બરજોરજી માણેકજી બહમનજી મેહરજી તથા આ૦ શહેરીઆરજી કુકાજી મેહેરજી તથા આ૦ બરજોરજી પાલનજી નોશેરવાનજી મેહરજી તથા આ૦ જીવનજી કેરસાસજી તથા આ૦ ફરામજી જમશેદજી કેરસાસજી બમનજી મેહેરજી જત આપણુ શરવ માહોમાહા અંધારૂપ નાણું કામને કાજ વઢતા હતા તે ઉપર શરવ બેહદીન બેશી ઈતફાક થાઇ આપણુને શમજાવાને ભાગ બાંધી આપા તે માફક આપને કબુલ કીધા ભાગ ૪ ચેઆર શરકા કીધા તેની વીગત એ જે ભાગ ૧ એક આ બરજોરજી માનેકજીનો તથા ભાગ ૧ એક આ૦ શેહરયારજી કુકાજીના તથા ભાગ ૧ એકમાં આ૦ બરજોરજી પાલનજી તથા તેહોનણુ ભાઈ નોશેરવાનજી મેહરજીના છોકરા શરવ મલીને તથા ભાગ ૧ એક આ૦ જીવનજી કેરશાસજી તથા ફરાંમજી જમશેદજી કેરશાસજી મલીને એ રવેશે ભાગ ચેઆર થેરવેઆને કાંમ કરવાનાં મહીનાં બાંધી આપા તે લાભવા માફક મહીનાં આવા તે કબુલ કીધા તે માફક આપણુ કાંમ કરીએ અને જેહેનાં મહીનાંમાં રવાંન ગુજરે તેનું ગેહેસારનુ તથા સરોશ તા૦ શરોશના વનદીદાદ તથા શીઆવનું કાંમ કરે તેનું જે આવે તે વારાદાર મહીનાંનો ધણી લીએ ને જે બેહદીનવાશંન કરી આપે તે લીએ. તથા રોજગાર દીસા હોરમજદ રોજથી તે અનેરાંન રોજ લગે તે કે હે ને બાજ રોજગારની જે અસલ વદા આપતા આવા તેમ તે વારાદાર લીએ તથા ઉથેનાંમાં અથવા રવાન ગુજરે તે વાર જે કોઇ બેહદીન જીવતી ગાએ આપે તે વારાદાર લીએ ને ઉથનાંમાં ગાએની તનદરોશતી પઢાવે ને શરવને ૦॥ અરધો આપે તે શરવ લીએ કદાચ કોઈ શમંપત માફક રૂ. ૦॥ ગાએ ૧ નો આપી રહે તે વારાદારને આપે ધહમબાર અથવા બેરાંમરોજ અથવા માશીશો

અથવા વરસીની મજલશ થાએ તે જેહના મહીનામાં થાએ તે માતું આફ્રરગાન કરે ને આશોદાદ તથા ચાશની તે વારાદાર લીએ. ચેઆરમનું આફ્રરગાન વારાદાર કરે તે ચેઆરમની ચાશની લીએ તથા ધુપ દેખાડે ઉથમનામાં તેના પૈસા તથા ચેઆરમનો શદરો તે વારાદાર લીએ મહીના મહીનામાં રૂદે દાદે મેજ થાએ તે વારાદાર આફ્રરગાન કરે તથા ઇજશને વારાદાર ઇજે ઇજાવે તેના પઇસા તે લીએ બઈરૂ મનીશ શુઆવદુ અથવા શારૂ તે શીસીઓ અથવા નવશો નાહે અથવા મરદ મનીશ શીસીઓ તથા નવશો નાહે તે વારાદાર નવાદે ને પૈસા તે લીયે. બેહદીન આફ્રરગાન દીશા રોજગારનાં કરાવે છે. બાજે લોકો નગત પઇસા આપેછે. 'તે વારાદાર પદેને લીએ. બાજે બેહદીન આપૂરગાનનું નાનું વરસ દારે આપે છે તે રાશે છે. ભાગ માફ્રક વેંચીલીએ ને જે બેહદીન ચાલુ આફ્રરગાન કરાવે છે તે વરશ દાદા લગે જેના વારામાં જે મહીને આવે તે આફ્રરગાન કરે તેનુ નાનુ ભાગ ચેઆર માફ્રક લીએ તથા ગાંમદે રવાન થાએ તાંહાં ગેહસારવા ગીઉ જોઇયે ને વાર દાર આહાંનુ કામ મેલી જાએ નહી. તો જેને બેહદીન મોકલે તે જાએ ને કરાર કરે તે માફ્રક નાનું તે ધની લીએ. જે બેહદીન જીંદરવાન કરવાનો હોએ ને જે અધારૂ તે બેહદીનને જઇ કહે જે હુમનાં સબુર કરૂ મારો વારો થાએ તે વારે કરજો. તો જે અધારૂં એહવું કે તે મહેર દરૂંજ બરાબર છે જે વેવા થાએ તે કામ રારાનું છે. વરાણીનું નાનું તથા આશરવાદનું નાનું તથા નવજોતનું નાનુ તથા અખેઆનાનાં દાના શરવ રાંશે એકઠા કરે ને ભાગ માપૂક વેંચી લીએ. જે અધારૂ એ મધે દુજદી કરે તે ગજશતે બરાબર છે તથા આ૦ શેહેરીઆરજી કુકાજી તથા બરજોરજી પાલનજી એકલવા છે તેનાં મહીનામાં કામની ભીત પડે ને આફ્રરગાન કરવાં પડે તો આ૦ બરજોરજી તથા જીવનજી તથા ફ્રરામજી ભીડ ભાડે પડવા લાગે ને મદદ કરે એટલા માટે જે અસલ અધારૂ મેહુરજી ચાદનાને બેતા ૩, તેના ભાગ ૩ થાય પણ ભાગ ૧ અંનજુમને અદકું બરજોરજી તથા જીવનજીને અપાવો એટલા માટે જે જઅન પોંહોંચતા છે તે કામ કરવા લાગે કોઇના મહીનામાં દીસા ઘણા પડે ને ચાશની ઘણે થામ કીધી જોઇએ. ને વારાદારથી ચાશનીએ પોંચાએ નહી તો બીજા સાથી ચાશની કરે ને તેને તેડે આ૦ સોહરાબજી કેકોંબાદના વંશમાં કોઇ રહુ નથી ને આ૦ નવરોજી સોરાબજીને પાલખ બેટો નવરોજી નસરવાનજીને કરી આપો છે. તેનો બેટો એદલજી છે ને તેહોના દાદા દીશા કીધા જોઇએ તે ઉપર અનજુમને દાદા ૫, પાંચ ગાથાનાં પેહલી ગેહથી તે પાંચમી ગેહ સુધી તેને આપા એ ગાથાનાં દાદા ૫, મધે જે

રવાન થાએ તેનો શીઆવ તથા ચાશની તથા ઉથમનાની ગાએ ૧) નો રૂ. ૦ાા તથા ચેઆરમનો શદરો તથા જે દસતુર રવાનના કામનું થાએ તે એદલજી લીએ ને આ૦ નવરોજી સોરાબજીની ધનીઆણી કુકીબાઈ છે તે ગુજરે તેવાર રૂપીઆ ૧૨ બાર રાશમાંથી ભાગીઆ ચેઆરે ભાગે આપે કોઇ આ૦ એ તોલાં માહેનો કોઈની હીમાએતને જોરે અધારૂપનું કરવા ચાહે તેને ભાગ શાઠે દખલ નહીં એકેકનાં મહીનામાં કશી વાતે અદાવત કરીએ નહી ને એકેકનો રખનો કાદીએ નહી ને જો કોઇ બેહદીનને કુરવીએ તો તે અધારૂનાં વંશનો નહી અસપનદાદ મહીનામાં આશતાદ રોજથી તે પાંચમી ગેહ નોરોજનાં દાદા શુધી દીન ૧૦ દશ આફરગાંન નોરોજનાં તે રાશે કરીએ તથા વળાવાને દન રોજ ૬ મા ૧ આફરગાંન શરવ ગેરે કરવાં તે રાશે કરીએ—બાઈ કુકીઆઇને રોજગાર દીશાની બાજમાંથી હરરોજ વારાદાર ખાધાની ખબર લીએ. રોજ ૨૬ મા ૧૨ થી તે રોજ ૩૦ મા ૧૨ રવાનનું કામ તથા બાજ દીશાનું કામ તે વારાદારનું છે. વાશન બાજ ભરી લાવે તે વાશન જેનાં વરામાં જાએ ને ગેરવળે પડે તે વારાદાર આપે. અનેરાન રોજ ને દન જે રોઆન ગુજરે તેનું કામ બીજે દાદેથી ચાલે તે અનેરાન રોજનો વારાદાર ચીઆરમ સુધીનું લીએ ને કામ કરે જે બેહદીન બરસનુમનાં ધનીનું ઠરી જમન તેને આપે તે શાથે બગર બરસનુમવાળાનો દવો દાખલ નહી. આ૦ નવરોજી સોરાબજીનો પાલખ બેટો આ૦ નવરોજી નોશરવાંનજી તેનો બેટો એદલજી છે તેને ગાથાના દન ૫ પાંચ રોઆનની લવાજમના આપા તે ઉપર લખી છે તે શવાએ રૂ. ૬ અંકે છ હરશાલ ચેઆરે ભાગીઆ આપીએ તથા દરેમેહર અગીઆરી મલેશરમાં છે તેનો ખરચ નલીઆં તથા ચલામત તથા ભીતવાડાની તથા અમારત ભાગી તુટે જે કરવું પડે તે ભાગીઆ ૪ ચેઆર ભાગ પડતું ખરચીએ એ વગતે લેખેઆ માફક બેહદીન લોકે. ઠરાવીઉ આપીઉ તે હમો પોતાની રાજીરગબતે કબુલ કીધું. તે શહી. એમાં કશો શંક નહી કરીએ જે. કોઈ એ લખયાથી ફરે તે મેહરજી ચાંદનાની નશલનો નહી ભાગથી માદુર થાએ. બાઇ કુકીઆઇને ગત માફક બાજમાંથી આપે તે કુકીઆઈજી જીવે તાં સુધી ખાએ ને ગુજરેઆ પછે કોઇ આપે નહીં. આ૦ એદલજીને આપવાનું ઠરાવું છે. તે ઉપર લખીયું છે. તે માફક આપીએ, એદલજી બીજો કંઈ દાવો દખલ કરે તો તે એદલજીને કંઇ લાગે વલગે નહીં. પાલખ માટે એટલું આપવાનું થરાવું છે, એદલજી અધારૂપણાંમાં ભાગ માગે તો આ૦ બરજોરજી પાલનજી શાઠે રલવા લાગે તો બરજોરજી પાલનજી ભાગ આપે. ને બરજોરજી માણેકજી તથા જીવનજી તથા શેહરયાર કુકાજીને લાગે

નહીં વેહવાનાં હાંશલમાં તથા ગઘરનાંમાં હાંશલમાં એદલજીને દાવુ દખલ નહીં.

ભાગ ૨) આ૦ બરજોરજી માંનેકજી તથા જીવનજી કેરસાસજી તથા ફરામજી.	ભાગ ૨) આ૦ શેહરયારજી કુકાજી તથા બરજોરજી પાલનજી.
અરદીબેશ તીર શરેવર	ફરવરદીન ખુરદાદ અમરદાદ
આંવાં દેએ અસપનદાદ	મેહેર આદર બહમન
અતરમતુ.	તઅતર શાખ.
૧ આ૦ બરજોરજી માંનેકજી મતુ.	૧ રામજી શાગર શાખ,
૧ આ૦ શેહરયારજી કુકાજી મતુ.	૧ બેરામજી ભાઇજી શાખ.
૧ આ૦ જીવનજી કેરશાજી મતુઉ.	૧ રૂશતમજી જીવનજી શાખ.
૧ આ૦ ફરામજી જમશેદજી મતુ.	૧ શાપુર લીમદા શાખ.
૧ આ૦ બરજોરજી પાલનજી મતુ.	૧ વા૦ બેરાંમ હીરા શાગર શાખ.
૧ આ૦ એદલજી નવરોજી મતુ.	૧ બો૦ અસપનીઆર માનેકજી શાખ.

ઉપર લખેયા પરમાણે બાજ ગાથાનાં દન ૫) રોજગારની એદલજી નવરોજીને આપીએ તે બને ભાગીઆ ઇજી આપે.

બરશનુમ જે બેહદીન લીએ તે વારાદાર દીએ.

અરદાફરવશ અથવા વંનદીદાદ જે બેહદીન ઈજાવે તે વારાદાર પાસે ઇજાવે.

મલેશરનાં બેહદીન શુરત રહે છે તે આં આવી રોઆંનનું કામ તથા ઈજનુ કરાવે તે વારાદાર કરે.

બીજા બેહદીન કોઈ ગાંમથી અથવા શેહેરથી આવી ઇજના વગેરે કાંમ કરાવે તે રોઆનનું કામ તથા નાહાવાનું તે વારાદાર કરે ને ઈજનું જાને તે પાસે કરાવે શુરત તથા ગંનદીવી તથા વલશાદ વગેરે જે આવે તે."

આ ઉપરથી પ્રગટ જણાય છે કે મરહુમ મેહરજીના ભાઇ કેકોબાદના પૌત્ર નવરોજીના પાલક જેઓ ભગર અનજુમનમાં સામેલ રહયા હતા તથા જેમના હાલના વંશજો બેશવાળા કુટુંબના છે તેમનો હક મલેસરના પંથકમાં રાખ્યો નથી.

મરહુમ મેહરજીની બાબદમાં તવારિખનવેશોએ કેટલીક ભુલો કરેલી હોવાથી અત્રે તે બાબદ પર કાંઈક જોઈતું અજવાળું નાંખવાની જરૂર જોઈએ છીએ.

જાણીતા પારસી લેખક મરહુમ શેઠ બમનજી બેહરામજી પટેલ પોતાના પારસી પ્રકાશમાં લખે છે કે એ૦ મેહરજી ચાંદના પોતાના બેટાઓ બેહમન, નોશેરવાન, કુકા અને પાહુલનને સાથે લેઇને સંવત ૧૭૪૨ માં મીનોચેહર હોમજીને જઈ મલ્યા હતા. (પારસી પ્રકાશ પુસ્તક ૧. સફે ૮૪૬ નોંટ ૨)

આ નોટ એમની એમ મરહુમ મીનોચેહર હોમજીના મલત્યા સાથની એક સભા તા૦ ૧૭-૭-૧૮૯૨ ને દીને મુંબઈમાં ખેતવાડી ખાતેની એશબરનરની દરેમેહરમાં મળી હતી તેનો હેવાલ મીનોચેહરહોમજી સાથવાળાના ફંડના ત્રસ્ટીઓએ પ્રગટ કર્યો હતો તેમાં સફે ૨૯ મે ઉતારેલી છે.

એજ મરહુમ પારસી લેખકની છપાવેલી ધુપ નીરંગની ચોપડી ઉપરથી "પારસી દીન આઈન અને તવારીખી ફરહંગ" નામની ચોપડીના પહેલા ભાગના પાને ૨૨૪ મે મરહુમ મેહરજીનાં મરણની નોંધમાં જણાવ્યું છે કે તેઓ પોતાના ચાર બેટાઓ શાથે મીનોચેહર હોમજીને મલ્યા હતા તથા "એવો પોતાના કાકા રામજી પદમના પાલક થયા હતા."

આ ભુલ શા કારણે થવા પામી છે તે કશું સમજી શકાતું નથી. કેમકે મીનોચેહર હોમજી ભગર અનજુમનથી છુટા પડયા તેની પાંચ વર્ષ આગમજ સંવત ૧૭૩૭ (ઇ. ૧૬૮૧) માં મરહુમ મેહરજી બેહેશ્તનશીન થયા હતા. મરહુમ મેહરજીના ચાર ફરજંદો જણાવવામાં આવ્યાં છે તેમાં પણ કાંઈક ગફલત થયલી છે, કેમકે મરહુમને ત્રણજ બેટાઓ બેહમન, નોશેરવાન અને કુકા નામે હતા. પાહલણ નામનો બેટો હતો નહિ; કેમકે સંવત ૧૭૮૯ (ઇ. ૧૭૩૩) વાળો ભાગલાગ સંબંધનો લેખ જોતાં ખુલ્લું જણાય છે કે ત્રણ છોકરાઓના ચાર ભાગ થયા હતા. વલી મરહુમ મેહરજીના વડા બેટા બેહમન તો મીનોચેહર હોમજીવાળા ઝઘડાની એકવીસ વર્ષ આગમચ સંવત ૧૭૨૧ (ઇ. ૧૬૬૫) માં ગુજર પામ્યા હતાં, તેમના બે બેટાઓ માણેક અને કેરશાસ્પ નામે હતા જયારે મીનોચહેર હોમજી સાથે જોડાનારા તો મરહુમ મેહરજીના બે બેટાઓ નોશેરવાન અને કુકા તથા બે નબીરાઓ માણેક અને કેરશાસ્પ તથા ભત્રીજો સોહરાબ કેકોબાદ અને તેનો બેટો

નવરોજ મળીને છ જણા હતા જેઓ ભગર અનજુમનથી સ્વતંત્ર થયા હતા. તેમજ મરહુમ મેહરજી તેમના રામજી પદમ નામના કાકાના પાળક થયલાની નોંધ મરહુમ શેઠ બ. બે. પટેલે લીધી છે તેની સાહદત કેઠેગી મળતી નથી. મરહુમના પાહલન અને આશા નામના બે કાકાઓ હતા. મરહુમના વારેસો પાસની દીસા પોથીમાંથી આ વિગત સ્પષ્ટ જણાય છે. મરહુમ મેહરજીના કાકા પાહલનના પાળક તેમના પીતાજી એ૦ ચાંદણા થયા હતા અને મરહુમ પોતે પોતાના વડીલ ભાઇ રાંણુજીના પાળક થયા હતા.

ભગર સાથ વંશાવળીમાં એ૦ મેહરજીના એકજ કાકા આશા જણાવવામાં આવ્યા છે. તેમાં પાહલનનું નામ જોવામાં આવતું નથી આ ઉપરાંત તેમાં મરહુમના બીજા ત્રણજ ભાઇઓ કેકોબાદ, બેહમન અને શાપુર કરી જણાવ્યા છે. (જુઓ શફે ૯) પણ કકરીયા કુટુંબીઓની દીશા પોથીમાં રાણુજી, હોશંગ, અસપંદીઆર અને સોહરાબ મલી બીજાં ચાર વધારાના નામો મળી આવે છે. તે મરહુમ મેહરજીના પીતાજીને ત્યાં આઠ બેટાઓની વૃધ્ધિ થયલી સાફ જણાય છે. આ દીશા પોથીમાંથી વલી જણાય છે કે એ૦ રાણુજી વડીલ ભાઈ હતા અને મેહરજી તેમના પાળક થયા હતા. ભગર સાથ વંશાવળીમાં આપેલી દીશા પોગ્રીમાં એ૦ મેહરજીને પાળક થયલા જણાવ્યા નથી. એમનાં મરણની નોંધ એમના પીતાજીનાં નામ સાથે આ પ્રમાણે લેવામાં આવી છેઃ—

"એ૦ મેહરજી એ૦ ચાંદણાં પાહલન બેહમન ચાંદણા રોજ ૨૫ માહ ૯—૧૭૩૭" (સફે ૨૪૪.)

જાણીતા તવારિખનવેશ મી૦ રૂસતમજી પેસ્તનજી કરકરયાએ જામે જમશેદમાં પારસી નયાગાનોની ભલી યાદવાળી કોલમ એડીટ કરતાં મરહુમ મેહરજીની નોંધ ઇ૦ સ૦ ૧૯૧૬ માં નીચે મુજબ લીધી છેઃ--

"રોજ ૨૫ મો અરસીસંગ, માહ ૯ મો આદર, શેહેનશાહી; રોજ ૨૫ મો અરસીસંગ, માહા ૧૦ મો દેહ, કદમી, સને ૧૨૮૫ યઝદેજરદી.
તા૦ ૨ જી જુન ૧૯૧૬.

શેઠ મેહેરજી ચાંદજી કરકરીયા.

(? ૧૬૦૧—૧૬૮૧.)

મરણ તા૦ ૨૯ મી જુલાઈ ૧૬૮૧ (૧૦૫૦ યઝ૦ ૨૫-૯).

? ૮૦ મા વરસે ગુજરયા. નવસારીમાં.

૨૩૫ મા વરસની બાજ.

નવસારીનાં કરકરીયા કુટુંબના આ સથાપનાર વીશેની આ કાલમનાં આગળાં વરસોથી આવતી નોંધમાં લખાયલું છે કે "પોતાના વખતના એઓ એક મુખી દાનાવ અને કાબેલ મોબેદ તરીકે જાણીતા હતા. એવણુ વીશે નવસારીમાં આવી વસેલા મલેસર ફળીઆ મધેના પારસીઓનો મોટો વીશવાસ અને માન હોવાથી તમામ મલેસરની અંજુમને એવણુને પોતાના પંથકી બનાવી આખું મલેસર ફળીયું એવણનું યજમાન થયું હતું અને સંવત ૧૭૨૮ (ઈસવી ૧૬૭૧) માં એક લેખ આ બાબેનો કરી આપયો હતો. આજે પણ તમામ મલેસર એવણના વંશજોનું પંથક છે. આ ઇતીહાસીક લેખ હજુર સુધી મોજુદ છે અને તે ઉપર સહી કરનારાઓમાં **શર જમશેદજી જીજીભાઇ**. (૧૭૮૩—૧૮૫૯,૨૨—૭) પહેલા બારોનેટના વડવા પણ છે, કારણ કે એ નામીચા નરનું કુટુંબ અસલ નવસારીના મલેસર ફળીયાનું રહીશ હતું. આ દસતાવેજમાં લખ્યું છે કે "આ૦ મેહેરજી ચાંદના ઉપર રાજી રહેવું" અને તે મુજબ આજ તુલક લગભગ ૨૫૦ વરસ થયા સરનું નામીચું ખાનદાન તેમજ મલેસરના સઘળાં કુટુંબો મેહેરજીના વંશજો ઉપર રાજી રહી તેઓના યજમાન દાખલ ચાલુ રહયા છે.

"તવારીખે નવસારી" જણાવે છે તેમ મરહુમ "ઘણા દીનદાર તથા પરહેજગાર હતા," પણ આ ખેદ ઉપજાવનારૂં છે કે એવણના જનમનું વરસ કેઠે નોંધાયલું મળી આવતું નથી. મરહુમની સાથે થઇ ગયલા જાણીતા **માનોચેહેર હોમજી**, આપણે જેમ એવણની નોંધ (રોજ ૧૫ મો માહા ૯) મા જોયું તેમ ગુજરવાનું વરસ મળતું નથી, તયારે મરહુમનું જનમનું વરસ કેઠે જડતું નથી તો પણ એવણ ઘણી લાંબી ઉમર ભોગવવા પામ્યા હતા તે આ ઉપરથી જણાય છે કે ઈસવી ૧૬૪૧ માં એવણે નવસારીના જાણીતા પહેલા દસ

તુર **મેહેરજીરાણા** (?–૧૫૯૧, ૮-૧૨) ના નબીરા દસતુર મહેરનાસ કેકોબાદે (?-૧૬૬૪, ૧-૧૦, અને શાપુર જમશેદ તેમજ તેના બે ભાઇઓ વચે કુટુંબી જમીન બાબેના વાંધામાં લવાદ તરીકે ચુકાદો આપયો હતો. (જુવો જરનલ ઓફ ધી ઈરાંનયન એસોશીએશનનો મે-૧૯૧૬ નો અંક પા૦ ૫૫-૫૬.) ચાર લવાદો હતા અને મરહુમ તેમા પહેલા હતા એમ લવાદનામા ઉપરથી જણાય છે. આવા વાંધામાં લવાદ તરીકે કામ કરવા માટે આગેવાન અને પાકટ ઉમરના આસામી નેજ પસંદ કરવામાં આવે અને તે વખતે મરહુમની ઉમર ૪૦ વરસનીજ જો ફકત ગણયે તો એવણ ૮૦ વરસે ગુજરેલા હોવા જોઇયે. પણ ઘણાખરા મરહુમ એથી પણ વધુ ઉમરે ગુજરયા હશે. નવસારીના દસતુરના જેવા વગવાળા અને મુખ્ય કુટુંબના વાંધામાં પહેલા લવાદ તરીકે કામ કરવા માટે મરહુમ આગેવાન દરજજો ભોગવતા હોવા જોઇયે તેમજ ઉમરમાં પણ પુખત હોવા જોઇયે.

મરહુમ નવસારીની જાણીતી પાંચ પોળના **કાકા પાહલનની** પૉળમાંના હતા અને કાકા પાહલન એવણના બપાવા **બેહમન**ના બપાવા હતા. આગલા વખતમાં જાણીતા આસામીઓના નામ આગળ કાકા બોલ મુકવામાં આવતો હતો જેમકે કાકા પાહલન. વળી 'કાકા' પુરૂશનું નામ પણ હતું, જેમકે ધનપાલ બામનો છોકરો કાકા નામે હતો. જેથી નવસારીની એક પોળ કાકા ધનપાલની પોળ તરીકે ઓળખાય છે. કાકા પાહલનની પોળમાં મરહુમના કુટુંબ સાથ બીજાં પણ ઘણા જાણીતાં કુટુંબો છે, જેવા કે મેહેરજી રાણા, જામાસપઆસાના, પોલયા દેશાઈ, તાતા, દોરડી વગેરે. મરહુમના ભત્રીજા નરીમાન શાપુરથી નરીમાન કુટુંબ ઉતરયું છે.

મરહુમનું કુટુંબ અસલ ભગરસાથને લગતું હતું અને એવને ભગરયા વડી દરેહમેહેરમાં પાવ મેહલનાં સઘળાં કામો ગુજરયા તયાં સુધી કીધા હતાં. તેમજ એવણના છોકરાઓ નોશેરવાન અને કુકા તેમજ નબીરાઓએ એજ દરેમેહરમા નાવર મરાતબ થઈ ક્રીયા કામ કીધાં હતાં. પાછળથી એ છોકરાઓ અને નબીરાઓ નવસારીના બેહદીનો અને મોબેદો વચે ચાલેલી ૧૬૮૬–૮૭ વાળી યાદગાર ઝુમબેસ દરમયાન બેહદીનોની પક્ષ ખેંચી મીનોચેહેરહોમજી સાથ મળી જઈ તેવણે ઉભા કરેલા નવા ટોળામાં સામેલ થયા અને ભગરસાથથી સવતંત્ર બનયા, જેમ હજુર સુધી ચાલુંજ છે, અને મરહુમના કરકરયા કુટુંબના વંશજો મીનોચે

હેર હોમજીની સાથવાળા ટોળામાં સંખયામાં સરવેથી વધું છે અને તેઓને એઓની મદદ કીમતી છે.

પારસી પ્રકાશમાં જણાવવામાં આવયું છે કે ૧૬૮૬–૮૭ વાળી ઝુમબેસ વખતે મીનોચેહેરહોમજી સાથ મરહુમ પોતાના ૪ બેટાઓને લઈ સામેલ થયા હતા. પણ પાછળથી શોધખોળ ચલાવવાથી માલમ પડયું છે કે એમાં ભુલ છે. મરહુમ તો ૧૬૮૧ માં બેહેદીન મોબેદના ઝઘડાની પાંચ વરસ આગમચ ગુજરી ગયા હતા. વળી મરહુમના ચાર નહી પણ ત્રણ છોકરા હતા અને તેમાંનો એક બેહમન એ ઝઘડાની ૨૧ વરસ આગમજનો ગુજરી ગયલો હતો. મીનોચેહર હોમજી સાથ જોડાયા તે મરહુમના બે હઇયાત દીકરાઓ નોશેરવાન અને કુકા અને ગુજરી ગયલા બેહમનના દીકરાઓ માણેક અને કેરશાસપ હતા.

ચાંદજી બેહમનના મરહુમ દીકરા હોવાથી મેહેરજી ચાંદજી તરીકે ઓળખાય છે પણ આપણી ભણતર ક્રીયામાં મરહુમનું નામ મેહેરજી રાનજી તરીકે લેવાય છે, અને આગલા વરસોની આ કેલેંડરની નોધમાં પણ એ નામ આવેલું છે. રાનજી નામના એવણના વડા ભાઈ સાથ નામ લેવાનું કારણ એ દીસે છે કે રાનજીના મરહુમ પાળક થયા હતા.

મરહુમને નવસારીના એવણના બેહેદીનોએ એક મોટી વાડી આશોદાદ તરીટે ભેટ આપી હતી અને તેનું નામ કકરીયા અથવા કરકરીયા વાડી હતુ જેથી એવણના કુટુંબે પોતાનું નામ અખ્તયાર કરેલું કહેવાય છે. એ વાડી જે રવાનને અવલમંજલ લઇ જવાના રસ્તાની બાજુમાં છે તે ઘણો વખત સુધી મરહુમનાં વારસોના હાથમાં હતી પણ પાછળથી એની આવક સરકારને ભરવાના દેણાં કરતા ઘણી કમી થવાથી પોલયા દેશાઇઓ સાથ મસલત કરી એ કુટુંબે સરકારના હસતકમાં આપી દીધી હતી.

મરહુમના કેટલાક વંશજો નવસારીના જાણીતા આસામીઓ થઈ ગયા છે જેવા કે દાદાભાઈ બમનજી (૧૭૮૯–૧૮૫૩, ૧૧-૪) જેઓ ફારસી જંદના ઉસતાદ હતા અને બરજોરજી બેહરામજી કરકરીયા (૧૭૭૦–૧૮૫૪, ૧૩-૬) જેઓ પહેલા બારોનેટના ઘણા વીશ્વાસુ વડા પંથકી હોવા ઉપરાંત કાબેલ અને દાનાવ આસામી તરીકે નવસારીનાં તેમજ અત્રે પણ જાણીતા હતા.”

હવેથી મરહુમ મેહરજીના વડીલો અને તેમના વંશોની વંશાવળી તેની કેટલીક જાણવા જોગ હકીકતો સાથે નીચે આપુંછુ.

- એ૦ રામયાર
  - એ૦ હોરમજદયાર
    - એ૦ મોબેદ
      - (૧) એ૦ જરથોસ્ત
        - એ૦ કામદીન
          - એ૦ મોબેદ
            - એ૦ કામદીન
              - એ૦ રાણા
                - એ૦ ચાંદના
                  - એ૦ આણા
                    - (૮) એ૦ પાહલન ૨૪–૪–૦
                    - એ૦ કાહના (૯)
                  - એ૦ શાપુર (૭)
                - એ૦ બેહરામ (૫)
                - એ૦ રૂસ્તમ (૬)
              - એ૦ મોબેદ (૩)
        - એ૦ મોબેદ
          - એ૦ લખમીધર
            - એ૦ બામા
              - એ૦ ધનપાલ
                - એ૦ કાકા (૪)
      - એ૦ બેહરામ (૨)

ભગર સાથ વંશાવળી પ્રમાણે ખુલાસો.

૧) નવસારીમાં પહેલવહેલા અથોરનાન તરીકે રોજ ૨૪ માહ ૧ શને ૫૫૧ ય૦ જ૦ ને દીને પધાર્યા હતા.—(૨) મુંબઇમાં થઇ ગયેલા પ્રખ્યાત દસ્તુર મુલ્લાં ફીરોઝજી તથા ભરૂચવાળા દસ્તુર કામદીન પદમજીના તથા ત્યાં વસ્તા મોબેદોના મુખ્ય વડીલ.

(૩) દસ્તુર મહેરજીરાણા, વજીફદાર, ગેલખરયા, દારાશા, ગેતી, મોધ્રર ધઇયા, પરએજ, દીવારયા, વકીલ, અથેજી, ધાલા, તાના, રાવ, બોદ, આયમ, ધરાકા, મશાની, મહલ્લાં, વીગેરેના મુખ્ય વડીલ.

(૪) કાકા ધનપાલની પોળવાલાઓના મુખ્ય વડીલ.—(૫) સગરીવાલા કુટુંબનાં વડીલ.

(૬) રાજા, બીલીયા, ધાભર, વીગેરેના મુખ્ય વડીલ —(૭) દસ્તુર જામાસ્પ આસા, લચરક, દાજી, ધરડા, દોડીયાના, ભરંગલા, વીગેરેના વડીલ.—(૮) કાકા પાહલની પોલવાળાઓના મુખ્ય વડીલ.

(૯) થુથી, સુખ્યા વીગેરેનાં મુખ્ય વડીલ.

પાહલ-આણુ-ચાંદના (જુવો પા. ૨૩)

- એ૦ ચાંદના ૨૨-૪-૧૫૯૩
  - એ૦ બેહમન ૨૦-૭-૦
    - એ૦ પાહલન ૨૫-૧૧-૦
    - એ૦ ચાંદના ૫ ૧૨-૧૬૮૪ (ભા૦ પા૦ ના પા૦)
      - એ૦ રાનજી ૮-૧૧-૧૬૭૨
      - એ૦ કેકોબાદ ૨૮-૧૨-૧૭૨૬ (૧૫)
        - એ૦ સોહરાબ ૨૭-૧૧-૧૭૬૪
          - (૧૮) એ૦ નવરોજ ૮-૪-૧૭૬૨
            - એ૦ દારાબ ૧૭-૬-૧૭૪૬
            - ખુ૦ દારાબ ૨૪-૭-૦
        - એ૦ ભાઇજી
          - એ૦ હોરમજ
        - એ૦ કાવશ ૨૩-૨-૧૭૦૯
        - એ૦ વીકજી ૯-૧-૧૭૩૪
          - એ૦ હોશંગ ૨-૨-૦
          - એ૦ કેરસાસ્પ ૧૨-૪-૧૭૪૭
        - એ૦ અસપુ ૫-૧૧-૦
        - ખુ૦ મીનોચેર
      - **એ૦ મેહરજી** ૨૫-૯-૧૭૩૭ (ભા૦રા૦ના પા૦) (૧૬)
      - એ૦ બેહમન
      - એ૦ શાપુર ૨૯-૧૦-૧૬૩૦ (૧૭)
      - એ૦ અસપંદીયાર ૪-૭-૦
      - એ૦ હોશંગ ૧૬-૧૦-૦
      - ખુ૦ શોરાબ
    - એ૦ આશા (૧૪) ૬-૩-૧૬૮૨
  - એ૦ પેશીતન (૧૩)
- એ૦ બેહરામ (૧૦)
- એ૦ વાચ્છા (૧૧)
- એ૦ નરશંગ (૧૨)

(૧૦) પોહ્યા દેશાઇ, ભુધરા, ઘેંગા, ગોઇયા, વીગેરેના મુખ્ય વડીલ.
(૧૧) બનશા, બગલી, દોરડી. પીર, ભંદારા, હાફેજના, અરજાની, વીગેરેના મુખ્ય વડીલ.
(૧૨) ઉમરીગર, જોશી, વીગેરેના મુખય વડીલ —(૧૩) મુલ્લા કુટુંબના વડીલ.
(૧૪) ગનદેવીયા મોબેદોના વડીલ.—(૧૫) ખેશવાલા કુટુંબનાં વડીલ.
(૧૬) કરકરયા ખાનદાનના મુળ પુરૂષ.—(૧૭) નરીમાન, શાશનરી ખાનદાનના વડવા.
(૧૮) આએ નવરોજ સોરાબના મરણ વખતે એવણનો કોઇ નર વારેશ નહીં હોવાથી એવણના બાપના કાકા મેહરજી ચાંદનાનાં ચૌત્ર નવરોજી નોશેરવાનજીને પાલક કરી આપ્યા હતા અને એ પાલક નવરોજીનું વંશ તે હાલના ખેશવાલાનું કુટુંબ છે.

કેકુરયક ખાનદાનનાં મુખ્ય પુરૂષો

(૧૬) એ૦ મેહેરજી ચાંદના (જુવો પા૦ ૨૪)

એ૦ બેહમન
૨૭-૯-૧૭૨૧

એ૦ નોશેરવાંન (૧)
૯-૧-૧૭૮૪
(ભ૦ નાછો૦ ૩૦ નાપા૦)

એ૦ કુકા (૨)
૧૧-૧૦-૧૭૫૧

એ૦ માણેક
૩-૭-૧૭૭૧

(૩) એ૦ કેરશાસ્પ
૨૫-૨-૧૭૫૨

ખુ૦ ખોરસેદ

એ૦ બરજોર
૨૨-૧૨-૧૭૯૧

એ૦ રૂસ્તમ
૩-૩-૧૭૪૯

એ૦ મણુ:
૨૯-૬-૧૭૯૮

ખુ૦ દારાબ

એ૦ બેહરાંમ
૬-૧-૧૮૩૩

(૪) એ૦ કાવશ
૨-૨-૧૮૩૬

(૫) ખુ૦ હોરમજદ

એ૦ બેહમન
૧૦-૨-૧૭૮૫

એ૦ અસપંદયાર
૧૯-૧૨-૧૮૩૭

એ૦ ખોરશેદ
૨૧-૬-૧૮૮૧
(ભા૦ કે નાપા૦)

એ૦ કેરશાસ્પ
૧૩-૧૨-૧૮૪૨

ખુ૦ એદલ

એ૦ મીનોચેર
૧૨-૭-૧૮૭૫

એ૦ બીખાજી
૯૭૦

(૬) એ૦ બેહમન
૧૪-૬-૦
(ક)

(૭) એ૦ સોરાબ
૧૪-૪-૧૯૧૫
(કા૦ નાછો૦ મી૦)
(નાપા૦)

(૮) એ૦ જમશેદ
૮-૪-૧૮૭૯
(ખ)

એ૦ શાપુર
૧૭-૭-૧૮૭૮

ખુ૦ કાવશ

ખુ૦ દારાબ

એ૦ હોરમજદ
૯-૫ ૧૯૧૨

મણા દારૂમાં ઓળખાતું પોસ્ટવાળાનું કુટુંબ.

(૬) એ૦ બેહમન ખોરશેદ મણા (જુવો પા. ૨૫)

- એ૦ દારાબ ૧૧-૩-૧૯૦૯ (ગ)
  - એ૦ હોરમજ (ઘ) ૨૯-૨-૦
    - એ૦ બેજન ૧૬-૨-૧૯૫૧
      - એ૦ કેખશરૂ *
        - એ૦ પીરોજશા *
        - દીનશા *
    - એ૦ સોરાબ ૧૬-૭-૧૯૫૬
      - એ૦ મીનોચેર *
      - એ૦ દોરાબ *
  - ખુ૦ કાવશ
- એ૦ એદલ ૨૪-૭-૧૯૧૭ (કા૦ ના છો૦ કાવશ) ના પા૦
  - એ૦ ખોરશેદ ૨૨-૮-૧૯૩૩
    - એ૦ નવરોજ *
    - એ૦ એદલ *
    - એ૦ અરદેશર *
    - એ૦ દીનશા
  - એ૦ મીનોચેર ૧૩-૩-૧૯૩૯ (બા૦ ના કા૦ ના) (છો૦ હો૦ ના પા૦)
    - એ૦ સોરાબ *
  - એ૦ પેશુતન (કા૦ફ્રે૦નાપા૦)
  - એ૦ રૂસતમ ૫-૫-૧૯૫૬ (ઘ)
    - એ૦ મીનોચેર ૪ ૪ ૧૯૫૮
    - એ૦ દારાબ *
  - એ૦ અરદેશર ૧૧-૨-૧૯૨૯
  - એ૦ ફીયાશજી (ભા૦અર૦નાપા૦)
    - એ૦ નોશેરવાન ૨૧-૨-૧૯૬૦
    - એ૦ રૂસતમ *
- એ૦ ફરેદુન ૨૫-૭-૧૯૧૦
  - એ૦ કાવશ ૧૧-૧૨-૧૮૯૮
  - એ૦ જમશેદ (પી૦ પે૦ ના પા૦)
    - એ૦ રૂસતમ ૧૨ ૨-૧૯૫૭
      - એ૦ દારાબ
      - એ૦ મીનોચેર
      - એ૦ ફ્રામરોઝ
      - એ૦ જહાંગીર
  - ખુ૦ બરજોર *
- ખુ૦ ફરેદુન

મણાદારૂનું કુટુંબ.

(૭) એ૦ સોરાબ ખોરશેદ મણા (જુવો પા૦ ૨૫)

- એ૦ પેસતન ૨૪-૫-૧૮૯૨
- એ૦ શાપુર ૭-૪-૧૯૩૩ (ભા૦ પેં૦ ના પા૦)
- એ૦ મીનોચેહર ૨૩-૨-૧૮૯૯
  - એ૦ દોરાબ ૮-૪-૧૮૪૮ (કા૦ શા૦ ના પા૦)
    - (જ) એ૦ સોરાબ *
      - ફીરોજ *
  - એ૦ કાવશ
  - (છ) એ૦ રૂસતમ ૫-૧૨-૧૯૫૭
    - એ૦ જમશેદ *
      - ખુ૦ સોરાબ
      - એ૦ મીનોચેર *
  - ખુ૦ કેકોબાદ
- એ૦ પાલન ૧૫-૩-૧૮૮૬

---

(૮) એ૦ જમશેદ ખોરશેદ મણા (જુવો પા૦ ૨૫)

- એ૦ નવરોજ ૩-૩-૧૯૫૩
  - (ઝ) એ૦ પેસતન *
    - એ૦ કાવશ *
      - એ૦ નવરોજ *
      - એ૦ જમશેદ. *
    - એ૦ એદલ ૨૩-૯-૧૯૪૯
- એ૦ કાવશ ૭-૧૧-૧૮૮૭ (ડોસા દારૂના ભાઈ) (જમશેદ કાવશના પા૦)

(ક) એ૦ બેહમન એ૦ ખોરશેદ. (જુવો પા૦ ૨૫)

કરકરયા કુટુંબમાંથી એ મરહુમ સૌથી પહેલા મુંબઇ ખાતે પોતાના ભાઈ શાપુરજી સાથે જઈ વસ્યા હતા. એમનું બોહળું કુટુંબ તે વખતનું મુંબઇ માંજ રહેલું છે. ઇ. સ. ૧૭૮૫ ની આગમજ કે તે અરસામાં તેઓ મુંબઇ જઇ વસેલા હોવા જોઇએ. પોતાના પિતાજીપર લખેલાં એક કાગળપરથી આ અટકલ સહજ કરી શકાય છે. આ કાગળ તેની અસલ ઇબારતમાં એમનો એમ અત્રે પ્રગટ કર્યો છે:—

"મોટા મુરબી શ્રી ૫ આ૦ ખુરશેદજીમનાંજી કકરીઆ લા૦ મુંબઈ બંદરેથી બેહમન ખુરશેદજી, શાપુરજી ખુરશેદજીનો સલાંમ વાંચજોજી લખવા વીનનતી એ જે મુરબીજી કાગજ ૪ કાગજ ૧ કાસદ તા૦ કાગજ ૧ શાપુરજી ખોરી તા૦ કાગજ ૨ શાપુરજી સંતોક સાથે તા૦ રૂ. ૧૦–દસ મોકલેઆ પણ માસ ૧ થવાભી આવેઓ પણુ કાગજ ૪ મે એકુનો જવાબ નહી તે શું છે. રૂપીઆ થોરા મોકલેઆચ વાસતે ગોશે થાએઆ કેશું થોરા એ વાસતે મોકલેઆજે હમારે પાસે તે વખત નહી હુતા. વાસ્તે કાગજ વાંચતાંવાર ને તરત જવાબ લખજો. તા૦ કસતી હજુર નહી આવી ને શું છે. કસતીને ભરોશે છે તમોએ લખએ આ પરમાંને તો હમોએ બેહદીનોને ઘેર કેઇરૂ ભીજેકસતી લેશો. રખે હુઆપશ ત્થા રૂસતમજી જીજી વાછા ચીનગીઓ તે કસતી ૧ નોશરવાનજી પાસેથી ઊછીની લઈને આપી છે વાસતે ઉતાવલે મોકલજો (કાગળ હયાં ફાટેલું છે.) નરોજ વીતાં લેગા પાગરી અંગરખા શરવે કરીને મોકલજો તા૦ શુઇને ઘેરથી જાંમાં-૨-શદરા-૨-તા૦ અંગરખો. ૧–લેગા-૩-શીવા આપાતા તેતો કેજે મારા ઘરમાં ચોરી થઇ. વાસતે કપરાંવનાં ઘણી વેલા જાએ છે વાસતે નારોજ વીતાં કપરાં ઉતાવરે આવશે તો સારૂં છે કપરાંની તાંન ઘણી જાએચ ને આપનો શાપુરજી તો કપરાંનો કાર છે તેતો કપરૂ શાજુ પેરાવીને મોકલીએ ને બારૂથી આવે તેવારે તે કપરાંનાં કતકા કરી આવે તે વાશતે ઉતાવરે કપરાંની તલાશ કરીને મોકલજો તા૦ ગંનદીવી ફરામજી ગજદરને ગેરથી નારીઅરની ગુન લાવજો–ને ઉતાવરે જવાબ લખજો કશતી ઉતાવરી મોકલજો હમારી માએને શલાંમ બેએ ભાઇઓનો પગે લાગીને કેજો બાપા શરી ખોરશેદજીનેભી કેજો તા૦ જમશેદજી તા૦ સોરાબજી ભાઇને કેજો જે દાદા સાહેબની ચાકરીમે હાજરે જે. દાદાભાઈનુ દીલ ભરાતુતું તે શારૂ થાઈઉ કે નહી તે ઉતાવરૂ લખજો શરવ શાતને હુવા કેજો કસતી ઉતાવરે મોકલજો રોજ ૧૦ મા. ૮ લખઉ છે.

કમનસીબે આ કાગળમાં કોઇ પણ સને નોંધવામાં આવ્યો નથી પણ તે નીચલી વિગતપરથી સહજ અટકળી શકાય તેમ છે:

આ કાગળમાં શાપુરજી બાબે બેહુમનજીએ જે ફર્યાદ કાંઇક સંતાપથી કરી હતી તે શાપુરજી તે વેળા નાના હોવા જોઇએ. શાપુરજી બે ત્રણ બચ્ચાંના બાપ થઇ પંચાવનથી સહાઠ વર્ષની અંદર સંવત ૧૮૭૮–ઈ. સ. ૧૮૨૨ માં ગુજર પામ્યા છે. આ પત્ર વખતે શાપુરજીની ઉમર વીસ વર્ષની ધારેં તો એ તે પત્ર ઇ. સ. ૧૭૮૧ આગમજનો લખાયલો હોવો જોઈએ. (શાપુરજી સહાથ વર્ષની ઉમરે ગુજર્યાં હતા એમ તેમના છોકરા હોરમજીની છોકરી માણેકબાઇ જેઓ હાલ બહારકોટ મોટા મહોલ્લામાં રહે છે તેમના જણાવવાપરથી જણાય છે.)

આ કાગળમાં બેહુમનજીએ પોતાનાં માતુશ્રીને સલામ લખી છે તેઓ નામીચાં પટેલ ખાનદાનના રૂસ્તમજી મનાજી પટેલનાં હુમાએજી નામનાં હતાં. એઓ મરહુમ એટલાં બધાં ભલાં અને પાકીજેહ હતાં કે તેઓ "હુમાએ અશો" ને નામે પોતાના મહોલ્લામાં ઓળખાતાં હતાં. તેમનું મકાન નવસારીની જાણીતી પટેલ પોળમાં હતું કે જયાં મજકુર બેહુમનજી અને તેમનું કુટુંબ તે વખતે વસતું હતું. હુમાએજીનાં મરણનો સને કકરીઆઓની દીશા પોથીમાં સંવત ૧૮૭૫, (ઈ. સ. ૧૮૧૯) કરી લખાયલો છે.

(ખ) એ૦ જમશેદ એ૦ ખોરશેદ. (જુવો પા૦ ૨૫)

(† સં૦ ૧૮૭૯)

(આ હકીકત લખનારના બાપના બપાવા)

એ મરહુમે પકકા મોબેદ થવા ઉપરાંત જયોતિશશાસ્ત્રનો ઉંડો અભ્યાસ કર્યો હતો. હકીકત કહેવામાં આવે છે કે મરહુમના વખતમાં એક વેળા નવ સારીમાં પીંઢારાઓએ દરોરો પાડયો તેમાં મરહુમ પીંઢારાઓના હાથમાં સપ ડાઇ ગયા હતા. તેમને પકડી શ્રીમંતોના ઘરો બતાવવા તે લુટારૂઓ લઈ ગયા તેવામાં તરોગાના ચકલા તરફ જતાં તેમની પાઘડીમાંથી જયોતિશનું ટીપણું પડી જતાં તેમને ભારે અજાયમબીમાં સવાલ થયો,

"એ શું છે?"

'એતો હમારા લોકનું રમલ જોવાનું ટીપરૂં!' ગભરાયલો જવાબ મળ્યો.

'બોલ, જોઈને કહે કે હમાંરી પુઠે કોણ લાગ્યુંછ?' તે લુટારૂઓના વ્હેમી· વડાએ સવાલ કર્યો.

મરહુમે ટીપણું જોઇ, વીચાર કરી, સમોવતે સાવધાન કરવામાં ડહાપણ જોયું તેમણે ઘણી ઘંભીરાઈથી જણાવ્યું,

'તમારી પુઠે સુરતની સરકારનાં માણસો દોડતાં આવે છે. બહુ જલદી આવવાં જોઈએ.'

તે વ્હેમીઓ ગભરાયા અને તુરતજ બધું પડતું મેલી ત્યાંથી પલાયન કરી ગયા મરહુમની હીકમતથી નોશાકરી રૈયત ત્રાસથી બચી હતી તેથી લોકો મરહુમને 'પીંઢારા નસારૂ' પણ કહેતાં હતાં.

(ગ) એ૦ દારાબ એ૦ બેહમન (જુવો પા૦ ૨૬)

(સંવત ૧૮૪૫-૧૯૦૯)

ઉરફે દાદાભાઈ

એઓ મરહુમનો જન્મ નવસારી ખાતેજ થયો હતો અને ત્યાંજ નાવર, મરાતબની પદ્વી મેળવી એઓ મુંબઇ ખાતે પોતાના ભાઈ એદલજી સાથે પોતાનું ત્યાનું પંથક ચલાવવા ગયા હતા. મુંબઇ ખાતે તેમણે ઝંદ, પહેલવી, ફારસી વિગેરેનો અભ્યાસ કર્યો હતો. અવસ્તાના તેઓ એક કાબેલ અભ્યાસી હોવાથી તે વેળાના મુંબઇના જાણીતા ઓલ્માઓ અને દસ્તુરો સાથે નિકટ સંબંધમાં આવતા હતા. પોતાને હાથે લખેલું "ફરવશી, બાજધરનાં સાથે તથા આફ્રીનો" વગેરેનું પુસ્તક શીળા છાપથી ઝંદ હરફોમાં પહેલવહેલુ ૧૨૦૩ ય૦ માં પ્રગટ કરયું હતું. તે વખતે મોબેદ વર્ગમાં આવાં પુસ્તકોનો કશો પ્રચાર હતો નહિ. (એજ મુજબ મરહુમની સાથવાળા તે વેળાના મરહુમ દસ્તુર ફરામજી અસપંદયારજી રબાડીએ (૧૭૭૯-૧૮૩૪ ઈ.) વંદીદાદ, યજશ્નને તથા વીસપરદનો ગુજરાતી તરજુમો પહેલવી તરજુમાને આધારે પહેલવહેલો ઈ. સ. ૧૮૨૫ માં તઈયાર કર્યો હતો. તેમાંથી વંદીદાદનો તરજુમો મુંબઈ રોયલ એશિયાટિક સોસાયટીએ શીળા છાપથી ઇ. સ. ૧૮૪૨ માં છપાવ્યો હતો. તેમજ એ મરહુમ દસ્તુરજી ફરામજીના વિદ્વાન બેટા દસ્તુર અસપંદીયારજીએ (૧૮૨૦-૧૮૮૪ ઇ.) યજશ્નનો તરજુમો પહેલવહેલો ઇ૦ સ૦ ૧૮૪૮ માં છપાવી પ્રગટ કરાવ્યો હતો. આવા તરજુમા આગળ થયલા ન હોવાથી જરથોસ્તીઓની મોટી હાજત ટળી હતી, કેમકે તેની ગેરહાજરીમાં અવસ્તાના કલામોના અર્થ જાણવા તે વેળા ભણેલા એરવદોથી પરપુરછ કરવી પડતી હતી.)

મરહુમ દાદાભાઇને લખવાનો બહુજ માહવેરો હતો. તેમણે અવસ્તા, પહેલવી અને ફારસી ભાષામાંના અનેક જાણીતાં પુસ્તકોની નકલ પોતાને હાથે કરી હતી, જેવાંકે, વંદીદાદના પોથાઓ, યજશ્નેની કીતાબો, બાજધરનાની ચોપડીઓ કેટલીક નિરંગો અને આફ્રીનો, સદદર નસરનો ગુજરાતી તરજુમો, દસ્તુર દારાબ હોરમજદયારની રેવાયત, ફારસી શાહનામામાં આવેલી સાસાન્યન તવારિખનો ગુજરાતી તરજુમો. આ ઉપરાંત બીજાં અનેક ધાર્મિક અને સાહિત્યના પુસ્તકો મુલ્લાં ફીરોજ કેતાબખાનામાંથી મેલવી એમણે પોતાને હાથે નકલ કરી લીધી હતી.

મરહુમ લોકોનાં વસ્યતનામાંઓ, ઘરનાં ખતપત્રો તથા સરકાર જોગની અરજીઓ વગેરે, વગેરે લખતા હતા. તેઓ પોસ્ટની દુકાન ચલાવતા હતા અને કાસદો રાખી એકથી બીજે ગામ કાગળ પત્રોની આપલે કરતા હતા. તે વખતે સરકારી પોસ્ટ ખાતું કાંઇ બધે હતું નહિ પાછળથી સરકારી પોસ્ટ ખાતું શરૂ થયું ત્યારે પણ એ મરહુમને એક ખાસ હક બક્ષી પોતાને ત્યાનાં તથા બીજાંનાં કાગળોપર સરકારી છાપ મારી પોસ્ટ ઓફીસમાં તે કાગળો ન મોકલતાં બહારો બહારથી રવાના થાય એવી ગોઠવણ કરી આપી છે. આજ સુધી તેમનાં કુટુંબીઓ તે હક ભોગવે છે અને તેઓ હાલ કકરીયા ઉપરાંત પોસ્ટવાળા તરીકે ઓળખાય છે. (તવારીખે નવસારી—સફે ૨૩૪) હાલમાં તેમના વારેસ શેઠ નવરોજી ખરશેદજી કકરીઆ ઉર્ફે પોસ્ટવાળા આ હકનો ભોગવટો મુંબઇ ખાતે બહારકોટ, ખારા કુવા આગળ કરે છે. પોસ્ટ ઓફીસના સ્ટાંપ જેવો સ્ટાંપ તેમને ત્યાં રાખવામાં આવેલો છે. વિષેશમાં N. અને P. (નવરોજી પોસ્તવાલા) એવા બે અક્ષરો તેમાં વધારાના સમાવેલા છે. તેમને ત્યાં છેક મોડે સુધીનાં કાગળો બહારો બહાર ત્રેનપર લઈ જવામાં આવે છે. પોસ્ટ ઓફીસ જેવીજ તેમની આ પેઢી ઓળખાય છે. તે છાપનો નમુંનો આ સાથે પ્રગટ કર્યો છે.



મરહુમ દાદાભાઇએ મુંબઈ ખાતે ખેતવાડીનો આશાબરનરવાળી દરેમેહર ઇજવાનાં કામમાં મીનોચહેર હોમજીની સાથવાળાઓને મદદ કરવામાં બહુ આગેવાની ભર્યો ભાગ લીધો હતો. તેમણે પોતાના લાગવગનો સારો ઉપયોગ કર્યો હતો. મુંબઇમાં મીનોચહેર હોમજીની સાથવાળાઓને યોજદાથ્રગીરીનાં કામો કરવાનું

એક ખાસમકાન ન હતું તે મુશ્કેલી આશબરનરની અગ્યારી ઈજાતાં ટળી ગઈ છે. એજ પ્રમાણે ઈ. સ. ૧૮૫૩ માં નવસારી ખાતે નામદાર સર જમશેદજી જીજીભાઇએ મલેસરમાં દરેમેહર બંધાવી ત્યારે તે ઈજવા સારૂ ભગર સાથ વાળા સાહેબોએ પોતાનો જબરો લાગવગ નામદાર સર જમશેદજી તરફ ચલાવ્યો હતો, પણ મરહુમે પોતાનાં મુંબઇનાં મિત્ર મંડળની મારફતે નામદાર સર જમશેદજી આગળ એ દરેમેહર ઇજવાનો પોતાના ટોળાનો હક અચુક સાબીત કરી આપ્યો હતો. તે માટેની સંપુર્ણ ગોઠવણ કરવા તેઓ નવસારી પધાર્યા હતા અને નવસારી ખાતે કકરીયા કુટુંબના તે વેળાના વડા બરજોરદારૂ કકરીયા સાથે મસલેહત કરી તેઓ પાછા ગયા હતા. કમનસીબે જીંદગીએ તેમને યારી ન આપી અને એ દરેમેહર ઇજાઈ તેની બે મહીના અને દસ દીવસ આગમજ મરહુમે પોતાનો કિમતી પ્રાણ તે દયાળુ બાપને સ્વાધીન કરી દીધો હતો.

"પારસી દીન આઈનિ અને તવારીખો ફરહંગ"નામની ચોપડીમાં એ મરહુમને માટે નીચલી નોંધ નોંધાયલી છે:

"કરકરીઆ દાદાભાઈ બેહુમનજી—એવણ ફારસી, જંદ વગેરે પઢેલા તથા તેનાં સરસ અક્ષર લખતા હતા. મુંબઇ મધે એવણનું મોટું પંથક હતું તથા પોતાનાં સાથવાલા મોબેદોમાં એવણ એક મુખ્ય ગણાતા હતા. એવણ રોજ ૧૧ માહ ૪ થો શેહનશાહી ૧૨૨૨ યજદેજરદી તા૦ ૪ થી જાન્યુઆરી ૧૮૫૩ ને દીને ૬૫ વરસની વયે મરણ પામ્યા હતા (ધુપ નીરંગ ઉપરથી. સફે. ૨૨૪)

(ઘ) **એ૦ હોરમજ એ૦ દારાબ** (જુવો પા૦ ૨૬)

એ મરહુમે પોનાના ઉપલા પિતાજીના હાથ હેઠળ અવસ્તા, પહેલવીનો ખાસ અભ્યાસ કરી ફારસી ભાષાપર અચ્છો કાબુ મેળવ્યો હતો. એઓ પકકા મોબેદ હતા, મુંબઈ ખાતેનું પોતાનું પંથક એમણે ઘણીજ બાહોશીથી ચલાવી પોતાના યજમાનોનો સારો ચાહ મેળવ્યો હતો.

નવસારીના મરહુમ વડા દસ્તુરજી દારાબજી માહીયારજી (ઈ. ૧૮૫૯–૧૯૦૭) ય૦ ૧૨૭૨ માં પહેલવહેલા મુંબઇ પધાર્યા હતા તે વેળા તેઓ સાહેબને એક માનપત્ર મીનોચેહેર હોમજીની સાથવાળા મોબેદ સાહેબો તરફથી ખેતવાડીની આશબરનરવાળી દરેમેહરમાં આપવામાં આવ્યું હતું તે અર્પણ કરવાનું માન મરહુમને આપવામાં આવ્યું હતું.

(ચ) એ૦ રૂસ્તમ એ૦ એદલ. (જુવો પા૦ ૨૬)

(† સં. ૧૯૫૬)

એ મરહુમ રૂના દલાલ હતા. એમને યુરોપ્યન ઓફીસો સાથે ઠીક સંબંધ હતો. પોતાના કાકા મરહુમ દાદાભાઇની પેઠે એઓ પણ લોકોનાં વસીયતનામાંઓ ઘરનાં ખતપત્રો તથા અરજીઓ લખી આપતા હતા. એઓ પણ પોતાની જીંદગી તુલીક મરહુમ મીનોચેહર હોમજીનાં મલત્યા સાથનાં સવાબ ખાતાંના ફંડના તથા દરેમેહરના ટ્રસ્ટી હતા.

(છ) એ૦ રૂસતમ એ૦ મીનોચેહર (જુવો પા૦ ૨૭)

(† સં. ૧૯૫૭)

એઓ મરહુમ પહેલા સર જમશેદજી જીજીભાઇને ત્યાંના મુંબઈ ખાતેના વડા ધર્મગુરૂ તથા સર જમશેદજીના મુબઇના એલાહીબાબને લગતી દરેમેહરના વડા પંથકી હતા. મરહુમ કાયેલ અને બહુ માયાળુ સ્વભાવના હતા. એમનાં મરણ બાદ એ દરેમેહરના પંથકી તરીકે મરહુમના બેટા જમશેદજી નેમાયલા છે. ઈ. સ. ૧૯૧૫ માં હાલના સર જમશેદજી જીજીભાઈ બેરોનેટ (પાંચમાએ) આ એલાહીબાગવાળી દરેહમેહર નવેસરથી બંધાવી આસસ્તા કરી ત્યારે દરેહમેહર ફરી ઇંજવાને લગતી તમામ ક્રિયા એ૦ જમશેદજીની દેખરેખ હેઠલ થઇ હતી. દરેહમેહર ઇંજાયા બાદ પહેલું જશન પણ તેમણેજ માંડયું હતુ. મરહુમ પોતાની જીંદગી સુધી મીનોચહેર હોમજીના મળત્યા સાથના સવાબ ખાતાંના ફંડના તથા દરેમેહરના ટ્રસ્ટી તરીકે રહયા હતા.

(જ) એ૦ સોહરાબ એ૦ દોરાબ. (જુવો પા૦ ૨૭)

*

એઓ મુંબઈ ખાતે વ્યવ્હારૂ કેળવણી લઇ કકરીઆ કુંટુંબીઓમાંથી સૌથી પહેલા આશરે ઈ. સ. ૧૮૯૯ માં આપણાં પુરાતન વતન ઇરાન દેશનાં બંદર આબાસ ખાતે ગયા હતા અને ત્યાં ઇસનની રાજધાની તેહરાનના સૌથી જાણીતા શાહ સોદાગર જમશીદે બેહમન ઉર્ફે જમશીદયાંનની કંપનીમાં નોકરીએ રહયા હતા. તેમની કુદરતી ચંચળાઇ અને નમ્ર તથા દીલસોજ સ્વભાવને લીધે તેઓ ત્યાં બહુ પ્રિય થઈ પડયા છે. બંદર આબાસના યુરોપ્યન તેમજ દેશીઓમાં

એઓ જાણીતા શેહરી તથા મોભ્ભાવાળા પારસી તરીકે પોતાનાં બ્હોળાં કુટુંબ સાથે વિખ્યાતી પામેલા છે.

એઓ બંદરઆબાસ તરફ જતી હેમબર્ગ અમેરીકન સ્ટીમર કંપનીની 'ગ્રીક લાઇન'ના બંદરઆબાસ ખાતેના એજંટ હોવા ઉપરાંત લંડનવાળી મેસર્સ ડેવીડ સાસુન કંપની તેમજ ઈંડો યુરોપ્યન તારખાતાંના પણ એજંટ છે. આ ઉપરાંત એઓ પોતે ફોરવરડીંગ અને કમીશન એજંટનું પણ કામ કરે છે.

બંદરઆબાસથી દસ માઇલ દુર આવેલો હોરમજદનો ટાપુ કે જયાંથી હિંદ આવવા આપણાં મરહુમ નયાગાનો બાર સદીની વાત પર પોતાનું બાપીકુ વતન છોડીને નીકલ્યા હતા ત્યાં મળતો "ગેરૂ"નો ખાસ મોનોપોલી 'સ્ત્રીક' કંપનીને ઇરાનની સરકારે આપેલી છે. તે માલ નિકાશ કરવાનું મેનેજમેંટ એમની દેખ-રેખ હેઠળ થાય છે. તેમજ ઇરાનના માહોમારા બંદરે નીકળતાં કેરોસીન તેલની મોટી એંગ્લો પરશીઅન ઓઇલ કંપનીના બંદર આબાસ ખાતેના એઓ મેનેજર છે. આ ઉપરાંત એમની પોતાની મોટી યુરોપ શોપ બંદરઆ-બાસ ખાતે છે અને તેઓ ઇરાનનો માલ પરદેશ મોકલવાનું અને હીંદ તથા યુરોપનો માલ ઇરાનમાં લાવવાનો મોટો વેપાર કરે છે. એમના દરજજા અને લાગવગનો ખ્યાલ એટલાથીજ આવી શકશે કે ઇ. સ. ૧૯૧૩ માં એઓ પોતાનાં કુટુંબ સાથે બંદર આબાસની બહારનાં પરાંઓમાં હવા ફેર માટે ગયા હતા ત્યારે અચાનક આશરે પચાસ હથ્યારબંધ ઘોડેસ્વાર લુટારૂઓએ એમના મકાનપર દરોરો પાડયો હતો. તે અઇયામમાં આવી લુંટફાટ ઈરાનમાં સાધારણ હતી. લુંટારાઓ તેમનો ઘણોક કિમતી માલ ઉપાડી ગયા હતા પણ બંદર આબાસ ખાતેના બ્રિટિશ કોનસલ અને ઈંગ્લાંડની સરકારની ફોરેન ઓફીસની બરકતે ઇરાની સરકાર પાસેથી તે માલનો અવેજ તેમને ખાસ આપવામાં આવ્યો હતો.

એમના મરહુમ પિતાજી († સં. ૧૮૪૮) એ૦ દોરાબજી મંચેરજી કકરીઆએ શરૂઆતમાં મુંબઈ ખાતે પંથકી તરીકે કામ કર્યું હતું પણ પાછળથી તેઓ ધંધામાં પડયા હતા. તેઓ મુખ્ય કરીને શેરબજારમાં દલાલી કરતા હતા તેમાં મુખ્ય કરી રૂની વિશેષ કરતા હતા.

(ઝ) એમ૦ પેસતન એમ૦ નવરોજ (જુવો પા૦ ૨૭)

*

(આ હકીકત લખનારના પીતાજી)

એમણે નવસારીમાં મોબેદી કરવા ઉપરાંત કોઇબી જાતનાં શિક્ષણ વગર આપ બુધ્ધીથી આગળ વધી બંધરી પાગડીઓ બાંધવામાં કુશળતા મેળવી છે. એઓ નવસારીના પારસીઓમાં એક અચ્છા પાઘડી બાંધનાર તરીકે જાણીતા છે અને તેથી મોટે ભાગે લોકો તેમને "પેસતનજી પાઘડીવાળા"ને નામે ઓળખે છે. એઓ નવસારીની કુટાર કલબના બીજા મેમબરો સાથે એક સ્થાપક છે. એમની કલબ સાથે એ સાહેબો હિંદુસ્થાનની મુસાફરી કરી આવયા હતા. જો કે નવસારીમાં આજે અનેક નાંમોથી ઓળખાતી કલબો છે પણ કુટાર કલબ સર્વથી પેહલી હસ્તીમાં આવી છે અને તેમાં એકાદ બેહદીન શીવાય સર્વ મેમબરો અથોરનાનજાદા મોબેદ સાહેબોજ છે.

બેરાંમ દારૂનુ કુટુંબ.

(૪) એ૦ બેહરાંમ બરજોર માણેક (જુવો પા૦ ૨૫)

એ૦ દાદાભાઇ
૧૪-૨-૧૮૩૪

ખુ૦ ફરાંમ

એ૦ નોશેરવાંન
૨૯-૮-૧૮૮૪
(ભા૦ દાદા૦ નાપા૦)

એ૦ રસતમ
૧-૬-૧૮૩૦

એ૦ હોરમજદ
૧૬-૧૨-૧૮૯૮

ખુ૦ કાવશ

એ૦ રૂસતમ
૧૧-૧૧-૧૯૨૦

એ૦ બેહરાંમ
૪-૮-૧૯૬૦

(ત) એ૦ પેસતન
૩-૧-૧૯૪૭

એ૦ આદર
૪-૭-૧૯૨૬

એ૦ સોહરાબ
*

(થ) એ૦ રૂસતમ
*

એ૦ જાંહગીર
*

ખુ૦ દીનશા

અરદેશર
*

કેખશરૂ
*

જાલેજર
*

પેશુતન
*

એ૦ હોરમઝ
૧-૮-૧૯૬૧
(કા૦ આદ૦ નાપા૦)

એ૦ આદર
*

એ૦ જમશેદ
*

ખુ૦ રૂસતમ

(ત) એ૦ પેસતન એ૦ બેહરામ.

(ઇ૦ ૧૮૪૧-૧૮૯૦)

પ્રખ્યાત તવારીખ નવેશ મી૦ રૂસ્તમજી પેસતનજી કરકરીયાના એ મર હુમ ભાગ્યશાળી પિતાજી હતા. મરહુમે નવસારીમાં જન્મ લઈ પોતાની જાતી હોંશ અને ઉમંગથી કી-ર્તીવંત જીંદગી ભોગવી હીંદનાં અનેક ભાગોમાં ધંધા અર્થે મુસાફરી કરી હતી. એવણુ સાથ એવણુના નાનાભાઈ એ. આદરજી († સં. ૧૯૨૬) પણુ કેટલોક વખત કંત્રાકટના કામમાં સામેલ હતા. મરહુમને માટે વધુ ન લખતાં જામેજમ શેદમાં આવતી નયાગાનોની ભલી યાદમાં જે જણાવ્યું છે તેજ સદાબરૂ અત્રે રજુ કરીશું:—

રોજ ૩ જો અરદીબેહસ્ત માહ ૧ લો ફ્રવરદીન શહેનશાહી.

શેઠ પેસતનજી બેરામજી કરકરયા,

(૧૮૪૧—૧૮૯૦)

મરણુ તા૦ ૧૯ મી સપટેમબર ૧૮૯૦ (૧૨૬૦ યઝ.)

૪૯ મા વરસે ગજરયા.

૨૫ મા વરસની બાજ.

મરહુમ કરકરયા કુટુંબના હતા કે જે નવસારીની કાકા પાહલનની પોળ-માં આવેલા કુટુંબો માંહેલું છે. એની સાથના બીજા કુટુંબોમાં પોરયા દેશાઇ, તાતા, દોરડી, ઈ. છે. એના સથાપનાર મહેરજી ચાદજી (?—૧૬૮૧ જુઓ રોજ ૨૫ માહા ૯) હતા જેવણુ સતરમી સદીમાં એક 'મુખી દાનાવ અને કાબેલ મોબેદ' તરીકે નવસારીના જાણીતા હતા. એવણુના ૧૬૮૧ મા નીપજેલાં મરણુ સુધી એ કુટુંબ ભગર સાથમાં સામેલ હતું, પણુ તયાર પછી થોડા વરસે નવ સારીમા જાગેલા મોબેદો અને બહેદીનો વચ્ચેના યાદગાર ઝગડા વેળા એવણુના હઇયાત દીકરાઓ નોશેરવાન તથા કુકા અને આખું કરકરયા કુટુંબ ભગર સાથ થી છુટું પડી બહેદીનોની તરફેણુ ખેંચી મીનોચેહર હોમજી (જુઓ રોજ ૧૫ માહ ૯) એ સથાપેલા ટોળામાં જોડાયલું હતું, અને આજ સુધી એવીજ રીતે, ચાલુ છે. મહેરજી ચાંદજીને નવસારીના મલેશર ફલીયાના પંથકી તયાંના બહે

દીનોએ ઠેરવયા હતા અને આજ સુધી એ ઓહલું પંથક મહેરજીના કરકરયા કુટુંબમાં ચાલુ છે.

મહેરજી ચાંદજીના છોકરા બહમનના વંશના મરહુમ હતા, અને તેવણુની નવમી પહેડીએ ઉતરી આવેલા હતા. મરહુમના બાવા બેરામજી રૂસતમજી (૧૮૦૯–૧૯૦૪) નવસારીમાં કુટુંબી પંથક ચલાવતા હતા અને ૯૫ વરસ જેટલી લાંબી ઉમર સુધી પુર તનદરોસતી ભોગવી ગુજર પામયા હતા. મરહુમનો જનમ નવસારીમાં ૧૮૪૧ માં થયો હતો.

નાની વયમાં નવસારી છોડી મુંબઈ આવ્યા હતાં જયાં એવણુના સસરા બરજોરજી બમનજી મીનોચહેરહોમજી (૧૭૯૩–૧૮૭૯ જુઓ રોજ ૧ લો માહા ૯) એક ઓલાદ આગમજના આવી વસી પોતાના મીનોચહેરહોમજી સાથવાળા ટોળાની અત્રે રાહબરી કરવા માટે જાણીતા થયલા હતા.

મુંબઇમાં થોડો વખત ગુજારી મરહુમે કંત્રાકટરનો ધંધો ૧૮૬૩ ને આશરે ચલાવવાનો શરૂ કરયો હતો અને તે લગભગ જીંદગીના છેડા સુધી ચાલુ રાખ્યો હતો. આપણા સાહસીક અથોરનાન કંત્રાકટરોમાંના એવણ એક હતા અને પોતાના ધંધા માટે હીંદુસ્તાનના ઘણાંક દુરના ભાગોમાં એવણે મુસાફરી કરી હતી. મરહુમ મુખય કરી રેલ્વેનાં કંત્રાકટો લેતા હતા અને નીમચ વગેરે ઠેકાણે કામ કરયા પછી મધય હીંદુસ્તાનમાં ૧૮૭૫–૭૭ માં જાણીતા કાવસજી નવરોજી બામજી (૧૮૩૪–૧૮૭૭) ના હાથ હેઠળ જી આઈ. પી. રેલ્વેની પરેલ ખાતેની ગંજાવર વરકશોપ અને તેને લગતાં કેટલાંક બાંધકામો છેલાં કરયાં હતાં. તે પછી કેટલાંક વરસ બીરાર, આકોલા, શેગામ, વગેરે ઠેકાણે એક ઇંગરેજ ઇજીનેર મી૦ મુરની સાથે ભાગમાં મેશરસ પેસતનજી અને મુરને નામે મોટો ધંધો ચલાવી ત્યાં ઘણાક બાંધકામો, બંગલાઓ કારખાના વગેરે બાંધયાં હતાં. મરહુમે કેટલોક વખત શીમલા ખાતે પણ કામ કરયું હતું.

જયારે અતરેની વીકટોરયા ગોદી બાંધવાનું ગંજાવર કંત્રાકટ મુંબઇના આગલા વખતના જાણીતા શેહેરી અને શેરીફ જોન ફ્લેમીંગ સી. એસ. આઇ. અને પંજાબના કંત્રાકટર જોન કરબીને મળયું ત્યારે તેઓએ મરહુમને પોતાના હાથ હેઠળ રાખયા હતા. ૧૮૮૪–૮૭ સુધી ૪ વરસ એવણે ગોદીના બાંધકામમાં ખંતથી મદદ કીધી અને પોતાના બેઉ ઈંગરેજ સાહેબોનો ઘણો ચાહ ખેંચી

લીધો. એ ગોદીનો મોટો પુશતો જે દરયામાં ઘણો આગળ વધેલો છે, તે બાંધવામાં એવણે ઘણી મહેનત લીધી હતી, એવી ઉલટ અને મેહેનતથી ગોદીનું કંત્રાકટ નકી કરેલી મુદતની કેટલોક વખત આગમજ મેશરસ કરબીવાળાઓએ પુરૂં કરી શાબાશી મેળવી હતી. પંજાબમાં કેટલુંક કામ કરી હીમાલ્ય પરવતની આગળ આવેલી 'કાંગ્રાવેલી'માં ધરમશાળા ગામ જે હીંદના એક આગલા વાઈસરાય લોરડ એલગીન (૧૮૧૨-૧૮૬૩) ની મરણ ભુમી માટે જાણીતું છે તયાં એકાંત જીંદગી થોડુંક સુધી ગુજારી હતી. અતરેવાળા જાણીતા ચાહના વેપારી શેઠ જાંહગીર એમ મોદીના તયા આવેલા ચાહના બગીચાઓ ઉપર મરહુમ રહેલા હતા અને તયાંજ ધરમસાલા ખાતે કોલેરાથી એવણ ગુજરયા હતા."

(થ) એમ૦ રૂસ્તમજી એમ૦ પેસતનજી.

કરકરીઆ કુટુંબના આ ઝળકતા સેતારાનો જનમ મુંબઈ ખાતે ઈ. સ. ૧૮૬૯ ના મે માસની તા૦ ૧૬ મીએ થયો હતો. ઉંચ કેળવણી લઇ તેઓએ સાહિત્યના ક્ષેત્રમાં પોતાનું નામ નામાંકિત કર્યું છે. એઓ મુંબઈ યુનિવર્સિના એક ગ્રેડયુએટ છે. એઓ પોતાનાં રાજદ્વારી તેમજ સાહિત્યને લગતાં લખાણોથી હિંદમાં તેમજ યુરોપ તેમાં ખાસ કરી ગ્રેટબ્રિટનમાં અને અમેરીકા ખાતે ઘણા જાણીતા થયલા છે. ઇ. સ. ૧૮૮૫ માં સર લેસલી સ્ટીવન (Leslie Steppen) નામના વિખ્યાત વિદ્વાને The Dictionary of National Biography યાને જાણીતા પુરૂષોનું જન્મ વૃતાંતોના સંગ્રહના પુસ્તકોની યોજના રચી હતી, તે ૬૦ વોલ્યુમોમાં હાલમા પુરી થઇ અને તેમાં ઇ. સ. ૧૮૮૫ પછી ગુજર પામેલા જાણીતા ઇંગ્રેજ નરોની જીંદગી બાકીના ચાર વોલ્યુમમાં પૂરી કરવા ધારેલી છે. આ ડીક્ષનરીમાં મુંબઇના ટાઇમ્સ ઓફ ઈંડીયાના જાણીતા અધિપતિ મરહુમ મી૦ કરવવનું વૃત્તાંત લખવાને આપણા આ નામચીન લેખકને એલતેમાસ થઈ છે અને આ પ્રમાણે મી૦ રૂ. પે. કરકરયાને ગ્રેટ બ્રિટનના નામીચા લેખકોની સફમાં બીરાજવાનું અનુપમ માન મલ્યું છે. આવું મોટું માન મેળવનાર એઓ એકલાજ હિંદી છે. પ્રોફેસર જેકસનનાં 'હજરત જરથોસ્ત' નામનાં પુસ્તકનું લંબાન અને છટાદાર વિવેચન પોતાની હમેશની ઝમકભરી રીતે આલ્હાબાદના પાયોનીઅર પત્રમાં કર્યું હતું. (રા. ગોફ્૦ ૨૬-૧૧-૯૯) ઇ. સ. ૧૮૯૬ માં એમણે મરહુમ મી૦ બેહરામજી મેહરવાનજી મલબારીનું જીવન ચરિત્ર પ્રકટ કર્યું હતું

તેમાં એ સુધારક, રાજદ્વારી તેમજ ધર્મ માર્ગી પુરૂષના ઉત્તમ ગુણો દર્શાવવામાં આવ્યા છે. આ પુસ્તકે યુરોપ, અમેરિકામાં ઘટતી વીખ્યાતિ મેળવી છે. (જામે જ. ૭-૯-૧૯૦૦) એમણે ઇ. સ. ૧૯૦૦ માં મુંબઇના આગલા કદમી, કાબેલ-વ-ફાઝેલ, દસ્તુર મુલ્લાં ફીરોઝનાં જન્મ વૃતાંતનો રેસાલો પહેલાં અમેરીકન ઓરીએન્ટલ સોસાયટી અને પછી રોયલ એશીઆટીક સોસાયટી સનમુખ રજુ કર્યો હતો. તા૦ ૪-૧૨-૧૮૯૯ ને દીને રોયલ એશીઆટીક સોસાયટી આગળ ટાઉન હોલમાં 'મરાઠા તવારિખ'પર વિદ્વતા ભર્યું ભાષણ કરી શીવાજી મહારાજની વિગતપર બહુ મોટું અજવાળું પાડી તે વિરલા સામે ઉરાડવામાં આવેલા આક્ષેપોનો અસરકારક રદયો આપ્યો હતો જેથી મરાઠાઓમાં એઓ બહુ પ્રિય થઇ પડયા હતા. એમણે ઈ. સ. ૧૯૧૫ માં મુંબઇની તવરિખ અને મોહીની વીસે ઐતિહાસિક, વિદ્વતા ભર્યું પુસ્તક રચ્યું છે. આ પુસ્તકની પ્રસ્તાવના મુંબઈના નામદાર ગવર્નર લોર્ડ વીલીંગડને લખી આપણા આ બાહોશ વિદ્વાનની યોગ્ય કદર બુજી છે. મુંબઈમાં આવું માન હિંદી લેખકને સૌથી પહેલુંજ મળ્યું છે. આ ચંચળ જેહનના વિદ્વાન નરે કરકરીયા કુટુંબની કિર્તી અતી ઉજવળ કરી પોતાનું નામ વિખ્યાત કર્યું છે. આવા નરનું ચરિત્ર લખતાં પાનાંઓનાં પાનાં ભરી શકાય તેમ છે પણ તેટલું લંબાન ન કરતાં એમને માટે ઇંગ્લાંડ અને ફ્રાન્સના નામચીન લેખકો શું કહે છે તે ટુંક નોંધ રૂપ રજુ કરી સંતોષ લઈશું.

જાણીતા ફ્રેંચ લેખક મોં૦ આગુસ્ટાં ફીલો, મી૦ રૂ. પે. કરકરીયા માટે જણાવે છે કે:-

"ઉંચી મનશકિત અને સાહિત્ય સંબંધી ઉત્તમ બક્ષેસો સાથ એઓ એક અચ્છા લેખક છે. મી૦ મલબારી સિવાય બીજો કોઇ પણ હિંદીવાન એમના જેવી ઇંગ્રેજી ભાષામાં સરળતા, તથા કાબુ ધરાવી શકતો નથી. એમનું India forty years of Progress and Reform (સુધારા વધારાનું ચાલીસ વર્ષનું હિંદુસ્તાન) એવું ઊત્તમ છે કે ખુદ ઇંગ્લાંડમાં પણ એવાં થોડાંજ પુંસ્તકો પ્રકટ થતાં હશે."

જામે જ. ૩૦-૧૦-૧૯૦૦

મી૦ સી૦ ઈ૦ બકલાંડ સી. આઇ. ઈ., આઇ. સી. એસ.; વગેરે, લંડન. સોનેશીએન, ૧૯૦૬ પોતાની "હિંદી જીવન વૃતાંતની ડીક્ષનેરી (Dictionary of Indian Biography) માં મી૦ રૂ. પે. કરકરીયા માટે નીચલી નોંધ પાને ૧૨૯ પર લે છે:—

કરકરીયા, રૂસ્તમજી પેસ્તનજી.

"૧૮૬૪ મા મે મહીનાની તા૦ ૧૬ મી એ મુંબઇ ખાતે જન્મ્યા. સેંટઝેવીઅર સ્કુલ અને કોલેજમાં કેળવણી લઇ ૧૮૮૮ મા બી. એ. થયા. તે પછી સીનીઅર ફેલો થયા. ૧૮૯૧ માં ઈંગ્રેજી અને તવારિખના પોતાની કોલેજમાં પ્રોફેસર થયા. મુંબઇ યુંનિવર્સિટિના ઈતીહાસ, ભૂગોળ, લોજીક, મોરલ ફ્રીલોસોફી અને પોલીટીકલ ઈકોનોમીના પરિક્ષક નિમાયા હતા. ૧૮૯૬ મા કોલેજીએટ ઈનસ્ટી સંસ્થા સ્થાપવામાં મદદ કરી તેના પ્રિન્સીપાલ અને અંગ્રેજી ભાષાના પ્રોફેસર નેમાયા હતા. આવી ખાનગી કોલેજને સ્વિકારાવવાના તેમના પ્રયાસથી ૧૯૦૪ વાળો યુનિવર્સિટી એકટ અમલમાં મુકાયો હતો. ૧૮૯૮ માં તેમને રોયલ હીસટોરીકલ સોસાયટીના ફેલો નેમાઇ ૧૯૦૦ માં લંડનના એમ. આર. એ. એસ, (મેમ્બર ઓફ ધી રોયલ એશીઆટીક સોસાયટી) થયા હતા જો કે તેઓ મુંબઈના એમ. આર. એ, એસ. તો ૧૮૮૮થીજ હતા. ૧૮૯૭ માં અમેરીકન ઓરીએન્ટલ સોસાયટીના મેમ્બર થયા હતા. એમણે ઉપલાં મંડળોનાં ઘણાંક જરનલોમાં લેખો લખ્યા છે તથા એંગ્લો ઈંડીયન અને અંગ્રેજી ન્યુસ પેપરોમાં હિંદી વિષયોપર લખાંનો કર્યાં છે. યૂરોપયન સાહત્યપરનાં નામીચાં અંગ્રેજ લેખક કર્લાઇલના લેકચરોનું સંશોધણ કરી તેની ટીકા સાથે પ્રકટ કર્યા હતાં. એમણે હિંદી ઈતિહાસ અને રાજદવારી બાબતપર પુસ્તકો રચ્યાં છે, જેવાકે શીવાજી, અકબર, ઇંગ્લીશ તવારિખપર નિબંધો ભલી વિકટોરીયાના સમયમાં હિંદ અને હિંદી છાપો. પારસીઓની પુજ્ય કેતાબ, દીનકર્દનો તરજુમો કર્યો છે તથા પારસી કોમના ધાર્મિક અને નૈતિક સવાલો માટે નેમાયલી કમિટિઓમાં તથા જુદદીનોને દીનમાં લેવા કે નહિ તે બાબેની કમિટિઓમાં ખંતથી કામ કર્યું છે તથા તે બાબદોમાં પુષકલ લેખો લખ્યા છે."

લંડનવાળા એડમ અને ચાર્લસ બ્લેક તરફથી પ્રગટ થયલી ૧૯૧૩ ની હુઈઝહુ (Who is who) વાળી નામચીન ચોપડીમાં નીચલી નોટીસ લેવાયલી છે. આ પુસ્તક સત્તાવાર ગણાય છે અને તેમાં ઘણા જાનીતા ને નામાંકિત નરોનાં જન્મ વ્રતાંતો આવે છે:

"કરકરીયા, આર. પી. ૧૬ મે ૧૮૬૯ માં મુંબઈમા જનમયા.

કેળવણી

સેંટઝેવીઅર સ્કુલને કોલેજમાં કેળવણી લઇ ૧૮૮૮ માં બી. એ. થયા

૧૮૯૧ માં મુંબઇની સેંટઝેવીઅર કોલેજના ફેલો અને પ્રોફેસર થયા. ૧૮૯૮ માં કોલેજીએટ ઇનસ્ટીટયુટ સંસ્થાના પ્રિનસીપાલ અને અંગરેજી અને સાહિત્યના પ્રોફેસર નેમાયા. મુંબઇ યુનિવર્સિટિના ઇતિહાસ અને ફીલસુફીના પરિક્ષક નેમાયા. એફ. આર. હીસ્ટો સો. (F. R. Hist. S.) અને એમ. આર. એ. એસ. (M. R. A. S)

લેખો—

૧૮૩૮ મા યુરોપીયન સાહિત્ય અને તેણી ખીલવણીપર કર્લાઇલે આપેલાં અસલ લેકચરોવાળું લખાન શોધી, તેની કિમતી નોટસો સાથે પેહલીવાર ૧૮૯૨ માં પ્રગટ કર્યું છે. આ ઉપરાત નીચલાં પુસ્તકોનાં લેખો એમણે પ્રગટ કર્યા છેઃ

પાર્નેલની કવિતાઓ, અને સોનેરી ખજાનો (ગોલ્ડન ટરેઝરી)—પુસતક ચોથું; હિંદ-સુધારાવધારાનાં ચાલીસ વર્ષ, બળવા પછીનું હિંદ, પારસીઓની ઇતિહાસિક તવારીખ, શીવાજી, અકબર અને બીજા રેસાલા, મુંબઇની તવારિખ. મેકોલેવાળું ગોલ્ડસમીથનું જીવન એડીટ કર્યું હતું. પારસીઓની પવિત્ર કેતાબ પહેલવી દીનકર્દનો તરજુમો તથા અવસ્તાના વિષયને લગતો સીસેરોઝ ડીનેચરા ડીઓરમ અને શીકંદ ગુમાનીક સજારનો મુકાબલો એક લેખકમા કર્યો હતો. ઝોરેસ્ટ અને કોમટે નામના ફ્રેંચ ફીલસુફના જરતોસ્તી ધર્મના સિધ્ધાંતો....૧૯૦૯માં હોશંગ મેમોરીઅલ વોલ્યુમમાં પરીમ અને ફરવરદેગાંનનો વિષય...કામા મેમોરીઅલ વોલ્યુમમાં ફ્રેંચ રેવોલ્યુશનરી અને પારસી કેલેનડર-ગણત્રી માટે અભ્યાસ કરવા જોગ વિષયો લખ્યા હતા. શીવાજીનું મરણ પ્રગટ કર્યું હતું. લોર્ડ કર્ઝનની તેના વાઇસિરોય વખતના હિંદમાંથી વિદાય થતી વેળાનાં ભાષણો તથા તેની હકુમત દરમ્યાનના નિબંધો ટિકા સાથે એડીટ કીધાં હતાં. ૧૯૮૮ માં લોર્ડ કર્ઝનની હિંદની હકુમત, ૧૯૯૭ માં મરાઠા તવારિખ સાયન્સના અભ્યાસ પ્રમાણે ૧૯૦૬ માં ગુજરાતનો સુલતાન મહમદ બેગડો, ૧૯૦૬ માં ડીન ચર્ચના ડાંટેની પ્રસ્તાવના લખી એડીટ કરી, ૧૯૦૮ માં ગોલ્ડન ટરેઝરીની પ્રસ્તાવના લખી, અકબરનું મરણ, ઇંગરેજી તવારીખના નિબંધો, દેશી છાપાના ઈતિહાસનો નિબંધ હિંદી છાપાની શરૂઆત, ટાંઇમ્સ ઓફ ઇંડીયાના સહાઠ વર્ષ, રચી પ્રકટ કર્યાં છે. આ ઉપરાંત મીઠ મરઝબાનની યુરોપની સહેલગાહ વગેરે ઘણી કિંમતી ગુજરાતી ચોપડીઓની પ્રસ્તાવના લખી છે. એંગ્લો ઇંડીયન પેપરો અને અંગરેજી રિવ્યુઓમાં પારસી સાહિત્ય અને ક્ષેત્ર માટે લેખો લખ્યા છે. પારસી બાબદોપર હિંદી પેપરોમાં લેખો લખે છે. પારસીઆની કેળવણીને લગતી, જુદદીન ઝગડાને

લગતી, ધાર્મિક ટ્રસ્ટ ફંડોને લગતી કમિટિઓમાં ધર્મ સંસાર અને ઇતિહાસ માટે ઉપયોગી મેમબર તરીકે નેમાયા છે. મુંબઇની ઝોરાસ્ત્રીઅન એસોશીએશનના મેમ્બર હોઇ પારસી લેખક મંડળની મેનેજીંગ કમિટિના અને બીજા મંડલોના સભાસદ છે.

ચોપડીઓ શોધી કાઢવી, સીકકાઓ એકઠા કરવા તથા પશ્ચિમ હિંદનાં ઐતિહાસિક મથકોની મુલાકાતે જવામાં તેમને આનંદ અને મોજ મળે છે. એમનું સરનામું, ગોવાલ્યા ટેંક રોડ, ગ્રાંટરોડ, મુંબઈ કરીને છે. ”

અનુપમ માન.

કરકરીઆ કુટુંબના આ ઝળકતા ચેરાગ માટે યુરોપ્યન વિદ્વાનોમાં કેવું ઉંચું મત છે તેની નીચલી નોંધ જે તા૦ ૨૯ એપ્રીલ ૧૯૧૬ ના “જામે જમશેદ” માં થઈ હતી તે પરથી ખુલ્લુ જણાય છે :—

“ ફ્રાંસમાં જુની અને આગલી તવારીખ બાબેની શોધખોળ ચલાવવા માટે ત્યાંના વિદ્વાનોનું મંડળ જે ‘સોસીએટ આરકયોલોજીક દ ફરાંસ’-આરકીયોલોજીકલ સોસાયટી ઓફ ફ્રાંસ ને નામે ઘણું જાણીતું છે તે આ ચાલુ ૧૯૧૬ ના વરસમાં પોતાની હસ્તીની સદી પુરી કરે છે કારણ કે વાટરલુની લડાઇ પછી થોડે વખતે એને ૧૯૧૬ માં ફ્રાંસમાં તે વખતના નામીચા તવારીખનવેશો મીસલે મીનયે ઇ૦ એ ઉભું કીધું હતું. એ નામીચા મંડળની સો વરસની જુબીલી ધામધુમથી ઉજવવાનું હાલની લડાઈ જાગી તેનો થોડા વખત અગાઉ નકો થયું હતું પણ તે વિચાર હવે લડાઈને લીધે માંડી વળાવવામાં આવ્યો છે એ જુબીલીના શુભ પ્રસંગોએ નામીચી તવારીખનવેશોની મંડલીએ અત્રેના મી૦ રૂસતમજી પેસ્તનજી કરકરયાને એમાં જોડાવાનું આમંત્રણ કર્યું હતું. એ સોસાયટીનું જનરલ ઘણું વખણાય છે અને તેમાં યુરોપ અને અમેરીકામાં ચુનંદા તવારીખનવેશો પોતાના અભ્યાસની બાબત વીશે લખાણ ફરી વાદવીવાદ ચલાવે છે.

ઈંગલાંડની પાદશાહની સોસાયટીઓ.

“ મી૦ કરકરયાને બીજી પણ યુરોપની જાણીતા સોસાયટી તરફથી તેઓમાં જોડાવા માટે આમંત્રણ થયલું જાણી અમારા વાંચનારાઓ ખુશી થશે. ઇંગલાંડની નામીચી “ રોયલ નુમીસમેટીકલ સોસાયટી ” જે પાદશાહી મંડળી જુના સીકકાઓ

બાબેની શોધખોળ લાંબો વખત થયો ચલાવે છે, તેમાં તેમજ ઈંગલાંડની બીજી જાણીતી મંડળી "રોયલ સોસાયટી ઓફ આરટસ"માં ફેલો તરીકે જોડાવાની મી૰ કરકરયાને એ સોસાયટીની કાઉનસીલે ફરમાસ કરી છે એવણની આપણા શહેર વીશેની થોડુંક થયું પ્રગટ થયલી ચોપડીએ યુરોપમાં બહુ ધ્યાન ખેંચ્યું છે અને હાલના આપણા ગવરનર લોરડ વીલીંગડને મી૰ કરકરયાના એ પુસતકની પ્રસતાવના લખી છે તે તો આપણે જાણી ચુકા છઇયે. પણ મુંબઇના આગલા ગવરનરો જેવા કે લોરડ સીડનહેમ, લોરડ હેરીસ, લોરડ સેંડહરસટ જે આપણા નામદાર શેહેનશાહના લોરડ-ઈન-વેટીંગનો ઓધો ધરાવે છે તેઓએ પણ એ પુસતકની વાજબી પ્રશંસા કરી છે અને જણાવ્યું છે કે મુંબઇના રળીયામણા શેહેરની તવારીખ અને બીજી સઘળી ખુબીઓને લાયક હાથે ઇનસાફ મલ્યો છે.

"રોયલ સોસાયટી ઓફ આરટસ તરફથી આમંત્રણ આગળ પણ મી૰ કર કરયાને થયું હતું. એ સોસાયટી માટે હીંદી છાપાની તવારીખ વીશે એક વીદવતા ભરયો રેસાલો એવણે લખ્યો હતો."

પારસી પ્રકાશનાં દફતર ૩ જાના ભાગ ૭ માં ઉપરથી સેઠ રૂસતમ પેસતનજી કરકરયાને લગતી નીચલી નોધોનો ઉતારો આપું છું:—

"તા૰ ૨૦ મી સપટેમબર (૧૮૯૭.)

"પારીસ મધે મલેલી ઓરીએનટલ કાંનગરેસની બેઠકમાં મુંબઇવાલા શેઠ રૂશતમજી પેશતનજી કરકરીઆના લખેલા "શાહનશાહ અકબર અને પારસી ધરમ" તથા "જરથોસ્ત અને કોટ" એ બાબેના બે રેસાલા રજુ કરવામાં આવ્યા હતા. (જામે જમશેદ તા૰ ૮ મી નવેમબર ૧૮૯૭ પા૰ ૬૪૮).

"તા૰ ૫ મી જાનેવારી (૧૮૯૮).

"શેઠ રૂસતમજી પેશતનજી કરકરીઆ, બી. એ. એ. અતરેની યુનીવરસીટીની પરવાનગીથી પ્રીવીઅસના અભીઆસ સુધી શિખવનારી એક નવી કોલેજ "કૉલેજીએટ ઇનસટીટયુટ" ના નામથી આજ દીનથી ઉંઘાડી હતી.

"આ ખાતું જે પુનાની ફરગસન કાલેજના બીનસવાર્થી ધોરણ ઉપર ચહડતી કેળવણી સસતી કરવા માટે એક અખતરા તરીકે કહાડવામાં આવયું હતું તે મધે પ્રીનસીપલ (વડા) તરીકે મી૰ રૂસતમજી પેશતનજી કરકરયા અને બીજા પ્રોફેસરો (શીક્ષકો) તરીકે મી૰ નવરોજજી પાલનજી પાવરી એમ. એ. એરવદ શેહરીયારજી દાદાભાઇ ભરૂચા, અને બીજી કોમના કેળવાયલા ગ્રહસથો જેવાકે મી૰ જાફર રેમતુલા બી. એ., મી૰ કે. જી. દેશપાંડે એમ. એ. [ઇ૰ ૧૯૧૧-માં નવસારીમાં થઇ ગયલા આગલા એક સુબા સાહેબ] વગેરે સામેલ થઇ સઘલાઓ પોતાની મુફત સેવા આપતા હતા. એ ખાતાંને મુંબઇ યુનીવરસીટી ની સેનેટની

સભાએ તા૦ ૨૦ મી ફેબરવારી ૧૮૯૭ ને દીને ઠરાવ પસાર કરી ત્રણ વરસની મુદત માટે ઉપલી પરીક્ષા સારૂ સ્વીકાર્યું હતું. ત્યાર બાદ યુનીવરસીટીએ મી૦ કરકરયાને એવું લખી જણાવ્યું કે યુનીવરસીટીના કાયદાની ૧૨ મી કલમ મુજબ ગવરનર ઇન કાઉનસીલે પણ તેને સ્વીકારવું જોઇએ. તેના જવાબમાં મી૦ કરકરયાએ જણાવ્યું કે એ ખાતું કંઇ ઉમેદવારોને પદવીની સેવટની પરીક્ષા માટે તઇયાર કરતું ન હતું એટલે મજકુર કાયદા મુજબ તેને ઉપર જણાવેલી ગવરનરની મંજુરયાતની જરૂર ન હતી. વરસની આખેરીએ એ ખાતાંના એક ચેલા મી૦ દારાશા રૂસતમજી કોલાબેવાલાએ બીજાઓ જોડે યુનીવરસીટીના રેજીસ્ત્રાર ઉપર પ્રિવીયસની પરીક્ષા માટેનો ફોર્મ મોકલ્યો જે કબુલ નહી રાખવાથી મી૦ કોલાબેવાલાએ મુંબઇ યુનીવરસીટી સામે મુંબઇ હાઇ કોર્ટમાં દાવો માંડયો હતો, જેનો ચુકાદો તા૦ ૨૩ મી નવેમબર ૧૮૯૮ ને દીને આપતાં ચીફ જસટીસ સર લુઇ કેર્શી અને જસટીસ પારસન્સે યુનીવરસીટીના કાયદા મુજબ અમલ કર્યો હતો માટે તેને પ્રીવીયસ પરીક્ષામાં બેસવાનો હક હતો. તે સાથે દાવાને લગતો ખર્ચ યુનીવરસીટીને માથે નાખ્યો હતો. (ઇન્ડયન લો રીપોર્ટ ૨૩ મુંબઇ પાને ૪૬૫) ત્યાર બાદ મજકુર કોલેજીએટ ઇનસટીટયુશન કેટલીક મુદત ચાલુ રહી મુખ્ય કરીને તે વખત મુંબઇમાં ચાલતી મરકીને લીધે ૧૮૯૯ ના સાલના સપટેમબર મહીનામાં બંધ પડયું હતું. એ ખાતાં મધે કુલે ૬૦ વીદયારથીઓએ કેળવણી લીધી હતી. એ ખાતાં પાછળ લગભગ રૂ. ૫૦૦૦ ની ખોટ એના વડા તરીકે મી૦ કરકરયાએ ખમી હતી, જેમાંનો કેટલોક ભાગ એક ખાનગી ફંડ જેમાં મરહુમ સર દીનશાહ માણેકજી પીટીટ, પેહલા બારોનેટ; સર શાપુરજી બરજોરજી ભરૂચા, મરહુમ આ૦ નવરોજજી નશરવાનજી વાડીઆ મરહુમ શેઠ પ્રેમચંદ રાયચંદ વગેરે કેળવણીના ઉતેજનોએ રકમો ભરી હતી, તેથી ભરપાઇ થયો હતો. ' (પા૦ ૬૭૫)

મી૦ રૂ૦ પે૦ કરકરયાએ આપરા નામીચા અવસતાના અમેરીકન સ્કોલર પ્રોફેસર જેકસન જયારે મુંબઇ ૧૯૦૧ ના માર્ચ–એપ્રીલમાં આવ્યા હતા ત્યારે એવણ પાસે આપરા ધર્મ સંબંધી ભાષાનોની એક હારમાલા ગોઠવી અપાવી હતી. એ ભાષાનોએ આપણી કોમનું અતીસ્ય ધ્યાંન ખેંચયુ હતુ અને એના મેલાવડાઓથી ઘણો ઉતસાહ આપરા ધર્મ વીશે પેદા થયો હતો અને એની છેલ્લી બેઠકમાં તે એટલે સુધી વધી ગયો હતો કે પ્રોફેસર જેકસનને એક ઇરાંની જરથોસ્તી તરફથી એક સદરાના આકારનું તમામ ફુલોથી ગુથેલું પહેરન પેહરાવવામાં આવ્યું હતું અને તે વખતે હાજર રહેલા તમામ પારસીઓમાં વરનવી ન શકાય એવી ઉલટ ફેલાઇ હતી. એ ભાષાનોના મેલાવડાઓમાં મી૦ કરકરયાએ સઘલી કોમના આગેવાન ગ્રહસ્થોને એકેક પછી પ્રમુખસ્થાને બીરાજવાની ગોઠવણ કરી હતી અને તે મુજબ મુંબઇની યુનીવરસીટીનો વડો અથવા વાઇસ ચેનસેલર હાઇ કોર્ટનો જડજ સર એડવડ કેનદી, હાઇ કોર્ટના જડજસર નારાયણ ચંદાવરકર, સર ભાલચંદર ક્રીષના વીગેરે બીરાજયા હતા, છેલ્લા મેલાવડામાં મી૦,

કરકરયાએ એવા ભાષાનો બીજા યુરોપ્યન સકોલરો પાસે પણ અપાવવાની ગોઠ વણ રચાવી જોઇએ એ બાબે વીવેચન કરયું હતું અને મરહુમ શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ સુચના ઉપાડી લેવા લાયક જણાવી હતી.

આ ભાષાનો પછી પ્રોફેસર જેકશનને મી૦ કરકરયાએ પારસીઓના અસલ સ્વસ્થાન સંજાન જયાં એવણે આગલ કેટલીક સોધખોલો કરી હતી તેની મુલાકાતે લઇ ગયા હતા અને પછી ઉડવાડે તેવણ સાથ ગયા હતા જયાંના મોબેદોની દીલસોજીથી એ પ્રોફેસર સાહેબને કેટલીક આપરી અગત્યની ધર્મ ક્રીયાઓ કરી બતાવવામાં આવી હતી.

હાલની મોટી લડાઇ સંબંધી ભાષણો.

ઈ. સ. ૧૯૧૫ નાં ઓગસ્ટમાં જાગેલી હાલની ભારે લડાઇની શરૂઆતમાંજ મી૦ કરકરયાએ એ વીશે લોકોને તેના કારણો અને તવારીખી બીજી બાબદોની સમજન આપવાં ખાતર નજદીક દજન ભાષાનોની હારમાળા મુંબઈના પારસી લેખક મંડળ જેની કારોબાર મંડલીના એવણ એક સભાસદ છે તેના તરફથી મોટા મેલાવડાઓ સનમુખ આપ્યા હતા. એ ભાષાનો કેટલાક મહીના સુધી ચાલ્યા હતાં અને લોકોનું ઘણું ધ્યાન ખેંચ્યું હતું. આ લડાઇ સંબંધી બીજા સઘલાઓના ભાષાનો આ પછીજ થયા હતા.

વળી બાહર દેશાવરોમાં પણ આવાજ ભાષાનો આપવા માટે એવણને ફર-માસ થઇ હતી જે મુજબ ભરૂચ, સુરત વીગેરે શહેરોમાં મોટા મેલાવડાઓ સનમુખ ઈંગરેજી તેમજ ગુજરાતીમાં એવણે લડાઇ બાબે વીવેચન કરયું હતું. ભરૂચમાં સઘલી ગોથવન ખાનબાહદુર આદરજી મનચેરજી દલાલે કરી હતી અને મી૦ કરકરયાના ભાષાનોમાં પ્રમુખસ્થાને ભરૂચનાં કલેકટર મી૦ આલકોક અને એસી સ્તન કલેકટર મી૦ ઝિમેન બીરાજયા હતા. સુરતમાં સરદાર દાવર ઓનરેબલ શેઠ કેખશરૂ એદલજી મોદી અને તેવણના ભાઈ ખાનબહાદુર બહમનજીએ સઘલી ગોથવણ કરી હતી અને ત્યાંના ભાષાનોમાં સુરતના કલેકટર મી૦ એફ. પ્રટ જેવણ હાલ ગુજરાતનાં ઉતર વીભાગના કમીશનર થયા છે તેવણ તથા સુરતના નગરશેઠ બાબુભાઈ ગુલાબભાઈ અને સયદઅલી એદરૂસ સાહેબ પ્રમુખસ્થાને બીરાજયા હતા.

મી૦ રૂસતમજીના નાના ભાઇ મી૦ જાંહગીર પણ મુંબઈ યુનીવરસીટીનાં ગ્રેજ-યુએટ છે અને મુંબઇની જાણીતી ન્યુ હાઈ સ્કુલમાં મેતરીકયુલેસન ધોરણમાં ઈંગરેજી શીક્ષક ઘણા વર્સોથી છે. એવણ આપરા મીનોચેહર હોમજીની સાથનાં મોબેદોનાં ધર્મ ખાતાંના ફંડના એક ત્રસ્ટી પણ છે.

(૫) એ૦ કાવશ બરજોર માણેક (જુવો પા૦ ૨૫)

- એ૦ ડોસાભાઇ ૩-૮-૧૮૯૮
- એ૦ જમશેદ ૧૨-૬-૧૮૮૧
- એ૦ ભીખા ૧૩-૫-૦
- ખુ૦ નવરોજ
- ખુ૦ ફરાંમ

{ એવણુ જીવણુ સોરાબ દોધી ખાઉના ભાઇ એદલનાં પા૦ }

ડોસા દારૂનું કુટુંબ.

- એ૦ એદલ ૧૧-૬-૧૮૭૦
- એ૦ દાદાભાઇ ૩૦-૧૧-૧૯૫૪
- (૧) એ૦ મેહરવાન ૧૮-૬-૧૯૬૨ (૬)
- (૨) એ૦ માણેક ૨૬-૭-૧૯૬૨
- એ૦ મીનોચર ૧૯-૧૧-૧૯૫૯

- એ૦ ફરેદુન *
- એ૦ કાવશ *
  - ખુ૦ ફરામરોજ
  - એ૦ દાદાભાઇ *
- ખુ૦ ડોસાભાઇ
- ખુ૦ પીરોજશાહ
- ખુ૦ કાવશ
- એ૦ ધનજીશા ૬-૧૧-૧૯૬૮
  - એ૦ મેહરવાન *
  - એ૦ જાલેજર *

- એ૦ એદલ ૯-૧૦-૧૯૬૪
- એ૦ અસપંદયાર ૨૨-૧૧-૧૯૬૭
  - એ૦ જાંહગીર *
  - એ૦ કેકોબાદ *
- એ૦ બરજોર *
  - (ભ૦ ડો૦ ના પા૦)
  - એ૦ મીનોચેર *
- એ૦ માણેકશા *
  - એ૦ પીરોજશા *

- એ૦ ડોસાભાઇ ૭-૭-૧૯૭૦
  - એ૦ જમશેદજી * (કા૦ કેર૦ ના૦)
- એ૦ કેરશાસ્પ ૪-૯-૧૯૬૨
- એ૦ પેસુતન ૨૩-૭-૧૯૫૪
- એ૦ સોરાબ ૨૫-૫-૧૯૫૯
- ખુ૦ ગુસ્તાસ્પ

ડોસા કુટુંબ

(૧) એ૦ મેહરવાંન ડોસા કાવશ (જુવો પા૦ ૪૭)

- એ૦ નવરોજ *
  - એ૦ પેસતન ૨૯-૫-૧૯૫૮
    - એ૦ બેહરાંમ *
    - એ૦ અરદેશર *
  - એ૦ શેહરયાર *
    - પીરોજશા *
    - ખુ૦ મેહરવાન
  - એ૦ શાપુર *
  - એ૦ હોરમજ *
    - ખુ૦ જાલેજર
  - એ૦ નરીમાન *
    - પુસુતન *
- એ૦ પાલન *
  - એ૦ કાવશ (ધ) *
    - એ૦ માણેકશા *
    - એ૦ દીનશા *
    - ખુ૦ મેહરવાન
    - રૂસતમ *
  - ખુ૦ કેખશરૂ
- એ૦ સોરાબ *
- એ૦ એદલ ૧૨-૧૨-૧૯૪૭
  - એ૦ અરદેશર *
    - એ૦ મેહરજી *
    - ખુ૦ રૂસતમ
- ખુ૦ ફરાંમ
- ખુ૦ જમશેદ

(૨) એ૦ માણેક ડોસા કાવશ જુવો પા૦)

(ન)
- એ૦ મોનોચેર ૯-૧૧-૧૯૫૩
  - એ૦ નોશેરવાન *
    - એ૦ મોનોચેર *
    - એ૦ કેકોબાદ *
    - એ૦ કાવશ *
  - એ૦ દીનશા * (સોરાબ એદલ) (રાવજીના પા૦)
  - એ૦ મેહરવાન *
  - એ૦ બેહમન *
- એ૦ બરજોર ૩-૨-૧૯૬૪
  - એ૦ અરદેશર *
  - એ૦ મેહરવાન *
  - એ૦ હોરમજ *
  - ખુ૦ કેકોબાદ
  - ખુ૦ ફરાંમ
- એ૦ અરદેશર ૧૯-૧-૧૯૩૭
- ખુ૦ બરજોર
- ખુ૦ ફરાંમ

(૬) એ૦ મેહેરવાન એ૦ ડોસાભાઇ. (જુવો પા ૪૭)

(† સં૦ ૧૯૬૨.)

એઓ મરહુમે મોબેદી કરવા સાથે જ્યોતિષ વિદયાનો ઘણો ઉંડો અભ્યાસ કર્યો હતો અને તે કારણે નવસારીમાં તેઓ "મેહેરવાન દારૂ જોશી" કરી ઓળખાતા હતા. હુજી પણ એમના વડા બેટા એ૦ નવરોજી એ વિદયામાં ઘણા કુશળ હોવાથી નવસારીની પચરંગી પ્રજા રોજ એમને ત્યાં ટપકા, જન્મોત્રીનાં ફળ જાણવા એમને ત્યાં આવે છે. જ્યોતિષ વિદયા તરફનો આ કુટુંબીઓ શોખ પેઢી દર પેઢી ઉતરતો આવતો જણાય છે. એ૦ નવરોજીના સૌથી નાના બેટા નરીમાન પણ આ વિદયાના ભારે શોખીન જણાય છે તે તેનો તેઓ ખાસ અભ્યાસ કરે છે. મરહુમ મેહરવાનજીના આ કુટુંબીઓ કકરીયા અથવા જોશીવાળા કરી ઓળખાય છે.

એ મરહુમના વડીલભાઈ એ૦ દાદાભાઇ († સં ૧૯૫૪) ૯૩ વર્સની ઉમરે ઘણી તંદોસ્ત જીંદગી ભોગવી બેહસ્તનશીન થયા હતા એઓ ઘણા કદાવર અને મજબુત બાંધાના હોઇ અચ્છા તાલીમબાજ તરીકે પોતાના વખતમાં પ્રખ્યાત હતા અને પોતાના મરણ સુધી કોઈપણ માંદગીથી નીરાલા હતા એમના વડા બેટા એ૦ ફરદુનજી કકરીયા કુટુમમાથી પહેલવહેલા બંધરી પાઘરી બાંધવાનો હુનર સીખી મુંબઇમાં આજ સુધી પાઘરીવાલા તરીકે મશહુર છે એમની ઉમર હાલે ૬૭ વર્સની છે.

વલી એ મરહુમના નાના ભાઈ એ૦ મનચેરજી († સં૦ ૧૯૫૯) પોતાની નાની ઉમરમાં નવસારીથી મુંબઇ આવી વસ્યા હતા ત્યાં એઓએ પોતાની સારી લાયકાતથી એક મોટા પંથકી તરીકે પ્રખ્યાત થયા હતા તથા ત્યાનાં સર જમશેદજી જીજીભાઈનાં પ્રખ્યાત ખાનદાનના એક ભાગ વાછાના કુટંબનો સારો ચાહ મેલવી તેઓના પંથકી થવા પામ્યા હતા એઓ પોતાના કુટુંબીઓમાં એક શ્રીમંત ગણાવા સાથ મુંબઇ ખાતે સ્થાવર તેમજ જંગમ મીલકત ધરાવતા હતા. એઓ મુંબાઇ ખાતેની શેઠ આસબરનવાલી દરેમેહરમાં વસતા મીનોચેહર હોમજીની સાથવાલા મોબેદોના એક ખેરખાહ અને રાહબર હતા.

(ધ એ૦ કાવશ એ૦ પાહલન. (જુવો પા ૪૮)

પુના ખાતેની કદમી તથા શાહનશાહી અંનજુમનની દરેમેહરના વડા પંથકી

દસ્તુરજી ખુરશેદજી ડોસાભાઈ ભપુએ નવસારીની શ્રી મીનોચેહર હોમજીના મળ ત્યા સાથની અનજુમનને અરજ પત્ર લખવાથી પુણાની મજકુર દરેમેહરમાં પહેલ વહેલા નવા વરસ્યાજી ત્યાંની એ દરેમેહરને લગતાં શાહનશાહી પંથક-નાં દીનદારોને ત્યાંના ક્રિયા કામો માટે તઈયાર કરવાને નવસારીની મીનો ચહેર હોમજીના મળત્યા સાથની અનજુમન તરફથી મજકુર એ કાવસજી તથા એ૦ કેકોબાદ એદલજી દાદાચાનજીને મોકલવામાં આવ્યા હતા. આ બંને એરવદોએ રોજ ૧ માહ ૨ સને ૧૨૮૨ યજદેજરદીને દીને વરસ્યાજીનું ક્રિયા કામ શરૂ કરી છ દીવસ પછી પુરી કરી વરસ્યાજીને તઈયાર કર્યા હતા.

એજ દરેમેહરમાં રોજ ૫ માહ ૩ સને ૧૨૮૨ યજ. ને દીને મરહુમ મીનો ચહેર હોમજીના મળત્યા સાથ તરફથી સૌથી પેહેલી નીરંગદીન પુના ખાતે સર દાર પદમજી પેસતનજીને ત્યાંની એ૦ કાવસજી પાહલનજી કકરીઆએ એ૦ એદલજી બેહમનજી કકરીઆ સાથે મીનોચહેર હોમજીના મળત્યા સાથવાળાઓના રેવાજ મુજબ કરી હતી.

(ન) એ૦ મીનોચહેર એ૦ માણેક. (જુવો પા૦ ૪૮)

(† સં૦ ૧૯૫૩)

એઓ મરહુમે મોબેદી પેશા સાથે ઘડીયાળીનો ધંધો શરૂ કર્યો હતો. એઓ એક અચ્છા ઘડીઆળી હતા. એમણે મુંબઈથી જથાબંધ ઘડયાલો મંગાવીને નવ સારીમાં વેચવાની શરૂઆત કરી હતી. તે આગમજ નવસારીમાં ઘડયાલો વેચાતાં મળી શકતાં નહતાં. એઓનો વડો બેટો નસરવાનજી હાલ પણ પોતાના આ બાપીકા ધંધામાં નવસારીમાં સારી પેઠે જાણીતા છે.

સુરાનું કુટુંબ.

- (૩) એ૦ કેરસાસ્પ બેહમન મેહરજી (જુવો પા૦ ૨૧)
  - (૮) એ૦ જમશેદ ૨૬-૭-૧૭૮૮
    - એ૦ ફરાંમ ૨૦-૨-૧૮૫૩
      - એ૦ શાપુર ૨૬-૧૧-૧૮૬૬
        - એ૦ નવરોજ ૮-૭-૧૮૮૭.
          - એ૦ ફરાંમ ૨૦-૧૦-૧૯૧૬
            - (ભા૦મી૦નાપા૦)
              - એ૦ બેહમન ૨૮-૩-૧૮૮૫
          - એ૦ મીનોચેર ૨-૭-૧૮૯૬
          - એ૦ બેહમન ૩૦-૧૦-૧૮૫૮
          - એ૦ નોશેરવાંન ૧૬-૮-૧૮૬૪
          - એ૦ હોરમજ ૧૬-૧૧-૧૮૫૯
          - ખુ૦ શાપુર
        - ખુ૦ નોશેરવાંન
      - ખુ૦ માણેક
      - ખુ૦ બરજોર
    - ખુ૦ ખોરશેદ
    - ખુ૦ બેહરાંમ
  - એ૦ જીવણ ૮-૩-૧૮૧૩
    - એ૦ માણેક ૨૪-૬-૧૮૧૩
    - એ૦ સોરાબ ૧૬-૪-૧૮૨૬ (ભા૦મા૦નાપા૦)
      - એ૦ જીવણ (૧) ૧૩-૩-૧૮૬૦
      - એ૦ એદલ
    - ખુ૦ ભીખા
    - ખુ૦ રૂસતમ

દોધીખાણીનું કુટુંબ.

(૧) એ૦ જીવણ સોરાબ જીવણ (જુવો પા૦ ૫૧)

- એ૦ ખોરશેદ ૨૭-૧-૧૮૯૪
- એ૦ એદલ ૨-૧૨-૧૯૦૯
  - (૨) (૬) એ૦ દારાબ ૨૪-૩-૧૯૧૪ (કા૦ નવ૦ ના પા૦)
- (૧) એ૦ હોરમજ ૮-૭-૧૯૦૦
- એ૦ નવરોજ ૧૬-૧-૧૯૧૭ (ભા૦એ૦ના પા૦)
  - એ૦ નોશેરવાંન ૧૮-૬-૧૯૫૯
    - એ૦ નવરોજ *
- એ૦ નવરોજ

(ખોરશેદ તથા દારાબ)

- એ૦ જીવણ ૧૧-૮-૧૯૪૦
- ખુ૦ હોરમજ
- ખુ૦ એદલ

(એ૦ જીવણ)

- (૩) એ૦ સોરાબ *
- એ૦ શાપુર ૧-૬-૧૯૪૨
  - (ફરાંમ સુરા) (ના પા૦)
    - એ૦ સોરાબ *
- એ૦ દોરાબ ૨૮-૪-૧૯૫૦
  - એ૦ કાવશ *
- એ૦ બરજોર *
- ખુ૦ પાહલન *

(એ૦ સોરાબ)

- એ૦ ખોરશેદ ૩-૪-૧૯૫૫
  - એ૦ ફરાંમ *
- એ૦ દીનશા *
  - એ૦ ખોરશેદ *
  - ખુ૦ રૂસતમ
- ખુ૦ અરદેશર
- ખુ૦ ડોસાભાઇ
- એ૦ હોરમજ *
  - એ૦ પીરોજશા *
  - બમનશા *
  - ખુ૦ નરીમાન
  - અરદેશર +
- ખુ૦ નોશેરવાન

દોધીખણીનુ કુટુંબ.

(૨) એ દારાબ એદલજીવણ (જુવો પા૦ ૫૨)

- (૬) એ૦ રતન ૯-૨-૧૯૫૦
  - (૫) એ૦ દોરાબ
    - એ૦ દીનશા*
  - એ૦ બેહરાંમ *
  - એ૦ ગુસતાશ *
  - ખુ૦ અરદેશર
  - ખુ૦ સોરાબ
- (૬) એ૦ પેસનન *
  - એ૦ નવરોજ *
  - એ૦ કેકોબાદ *
    - તેમુરશ *
    - રૂસતમ *
  - એ૦ સોહરાબ *
    - ફરાંમરોજ
- (૬) એ૦ એદલ *
  - (ણ) એ૦ દીનશા *
  - એ૦ પીરોજશા *
  - એ૦ કેકોબાદ *
    - પુત્ર (નામ નથી રાખ્યુ) *
  - એ૦ રતનશા *
  - ફરાંમરોજ *
  - દારાબશા *
  - માનેચેર *
- ખુ૦ નવરોજ

---

(૧) એ૦ હોરમજ જીવણ સોરાબ (જુવો પા૦ ૫૨)

- એ૦ જમશેદ ૨૦-૧-૧૯૩૩
  - એ૦ ખોરશેદ *
  - એ૦ રૂસતમ *
    - એ૦ દીનશા*
  - ખુ૦ હોરમજ
- એ૦ એરચ ૧૯-૨-૧૯૫૧
  - એ૦ અરદેશર *
    - એરચશાહ*
    - કેખશરૂ*
  - એ૦ શીયાવક્ષ *
    - ખુ૦ મીનોચેર
    - ખુ૦ જાલેજર
    - ખુ૦ હોરમજ
    - દારાબશા *
- ખુ૦ ભીખા
- ખુ૦ ખોરશેદ

(૮) એ૦ જમશેદ એ૦ કેરશાસ્પ. (જુવો પા૦ ૫૧)

(+ સં૦ ૧૭૮૮)

એઓ મરહુમે પોતાને માટે સંવત ૧૭૮૨ માં એક દીશાપોથી (મરણની નોંધ) લખાવી હતી જે કકરીઆ કુટુંબમાં હાલમા સૌથી પુરાંણી ગણાય છે. પહેલા સર જમશેદજી જીજીભાઈ ને દસ્તુરજી બરજોરદારૂએ જે દીશાપોથી બતાવી હતી તે એજ હતી. આ અદના કલમ ગા વંશાવળી પ્રગટ કરવા માટે પોતાને ભાગ્યશાળી સમજે છે તે આ દીશાપોથીની બરકતેજ થઈ શકયું છે, તે વિના આ કામ સરંજામ પાર પાડવું મુશ્કેલ હતું. આ યાદગાર હસ્ત લેખ હાલમાં મરહુમના વંશજ એરવદ સોરાબજી જીવણજી કકરીઆ પાસે છે.

(૯) એ૦ દારાબ એ૦ એદલ (જુવો પા૦ ૫૨)

(+ સં૦ ૧૯૧૪)

એઓ મરહુમે નવસારીનાં મલેસર ખાતેની સર જમશેદજીવાળી દરેમેહરના આતશ આદરાન પરથવાની તથા તેની પંડ્રી બોએ દેવાની તેમજ તેને લગતો ગુબજ ઇંજવાની ક્રિયા મરહુમ એ૦ હેરમજી જમશેદજી કકરીઆ સાથે ઇ. સ. ૧૮૫૩ માં કરી હતી.

(૬) એ૦ સોહરાબ એ૦ જીવણ. જુવો પા૦ ૫૨)

એઓ નવસારીના જાણીતાને એક પકકા એરવદ સાહેબ છે. યોજદાથ્રગીરીના દરેક કામોમાં એમની પ્રવિણતા જાણીતી છે. મોબેદીને લગતી તમામ ક્રિયાઓ જેવી કે નાવશ તથા મરાતબો પદાવવાની, નવા વરસ્યાજી તૈયાર કરવાની, નવી દરેમેહરો ઈજવાની, નવા આતશો પરથાવવાની ક્રીયાઓ એમણે કરી છે. એકસોથી વધુ નીરંગદીનો એમણે નવસારી તેમજ બહારગામોમાં કરી છે. (ઇ. સ. ૧૮૯૮) મીનોચહેર હોમજીવાળી નવસારીની દરેમેહરમાં પાક આતસ આદરાન સાહેબને તખ્ત નશીન કરવાને લગતો ગુબંજ તથા તખ્ત ઇજવાની ક્રિયા એમણે એ૦ ખેરશેદજી ફરામજી મીનોચેહરહોમજી સાથે કરી હતી.

(ઢ) એ૦ રતનજી તથા પેસતનજી તથા એદલજી દાદાભાઇ (જુઓ પા૦ ૫૩)

(† સં૦ ૧૯૫૦) * *

આ ત્રણે બેરાદરોએ મલેસર ખાનેનાં પોતાના વડીલોનાં પંથક ચલાવવા સાથે નવસારીમાં પટેલની પોળના જાણીતા ચકલાપર નારાં, કુસ્તી, સરકો, ખાંન્ડી. તથા તમામ જાતના પરચુટણ સામાનની એક યુરોપ શોપ ખોલી હતી. તથા ઇ. સ. ૧૮૯૨ ને શુમારે વડોદરા રાજ્યનાં નવસારી પ્રાંતના ગુંદી બાજપોર નામના જંગલમાંથી સાગના લાકડાંના જંગલની હરરાજી રાખી સાગલી લાકડાનો વેપાર કીધો હતો. આ ઉપરાંત એ ત્રણે ભાઈઓ બીજા પરચુટન વ્યાપારમાં પડયા હતા. તે બાદ તેઓ છુટા પડયા. વડા ભાઈ મરહુમ રતનજીએ કુસ્તી તથા નારાંને લગતો વેપાર ચાલુ રાખ્યો હતો. બીજા ભાઈ પેસ્તનજી (દોધી બાઉ) એ દરેક જાતના વેલાટી અને દેશી પરચુટણું માલની મોટી દુકાન કાઢી છે. હાલમાં તેઓ નવસારીમાં જાણીતા વ્યાપારી છે. ત્રીજા ભાઇ એદલજીએ જથાબંધ સરકાનો વ્યાપાર ચાલુ રાખ્યો છે. મુંબઈ તથા બહારગામમાં તેની નીકાસ ઘણી મોટી રહે છે અને તેથી તેઓ એદલજી સરકાવાળાને નામે આજે વધુ ઓળખાય છે.

નવસારીમાં સાથી પહેલાં છારીનો સરકો બનનો હતો તે આ ત્રણે ભાઇઓની કોશેશથી દુર થઇ છારીની જગ્યા સેરડીના રસે લીધી છે.

વડા ભાઇ મરહુમ રતનજીને સંવત ૧૯૩૯ માં સ્થપાયલાં કકરીઆ કુટુંબના સવાબ ખાતાંનાં તથા હીત જાળવનારાં ફંડના સાૈથી પહેલા ત્રસ્ટી નેમવામાં આવ્યા હતા. બીજા ભાઇ, એદલજી ઇ. સ. ૧૯૧૪ માં કકરીઆઓએ સ્થાપેલાં મરહુમ મીનોચેર હોમજીને મળત્યા સાથના ગાહમબાર ફંડના મેનેજીંગ ત્રસ્ટી તરીકે એ૦ સોરાબજી મેહરવાનજી નવરોજી કકરીઆ તથા એ૦ નસરવાનજી હોરમજી કકરીઆ સાથે નેમવામાં આવેલા છે.

(ણ) એ૦ દીનશાહ એ૦ એદલ (જુવો પા૦ ૫૩)

*

એ ભાઇ નવસારીમાં કેલવાઈ નવસારીમાં યોજદાથ્રગીરીનું કામ કરતા હતા. પોતાના નમાના ને મીઠાસ ભર્યા સ્વભાવથી એમણે મોહું મિત્ર મંડળ ભેગું કર્યું હતું. પાછળથી ધંધા અર્થે મુંબઈ ગયા. શરૂઆતમાં ત્યાં મોબેદી કરવા સાથે પરચુટણ

માલની દુકાન કાઢી હતી. થોડા વખત પછી એમણે જાણીતું રમુજી માસીક "ઢોંગ સોંગ" જે રીબતું પડયું હતું તે વેચાતું લઈ ખીલવ્યું છે. એઓ પોતે પણ એક કલમકશ છે સાહિત્ય તરફ એમને બહુ પ્રેમ છે. જાણીતા લેખકોની વાર્તાઓ ઘણી ઉત્તમ રીતે તેમના હક વેચાતા લઇ પોતાનાં માતાજીનાં નામ સાથ જોડાયલાં "માણેક પ્રીંટીંગ પ્રેસ" કે જે ઇ૦ ૧૯૧૨ મા ખોલ્યું હતું અને કકરીયા કુટુંબીઓમાં આ પહેલવહેલોજ સાહસ હતો ત્યાં પ્રગટ કરે છે. સાહીત્યની એમની આ સેવા જાણીતી છે. જાણીતા લેખક, શેઠ રૂસ્તમજી પે. કરકરયાની પછી સાહીત્યના ક્ષેત્રમાં ઉતરનાર કરકરીઆ કુટુંબના એઓ બીજા નબીરા છે. એમનો હોંશ અને ઉમંગ બહુ હોવાથી એમનું ભવીષ્ય બહુજ ઝળકતું છે.

ભાઈ દીનશા કરકરીયાએ હમના સુધીમાં ૧૧) ચોપડીંઓ પ્રગટ કીધી છે જેમાં શેઠ બ. ન. કાબરાજી, શેઠ ફીરોઝશાહ જાં. મરઝબાન કવિ દાદી એ. તારાપોરવાળા વીગેરે મુંબઇનાં નામચીન લેખકોની વાર્તાઓ ખરીદ કરી પબલીશ કરવાનું કામ હાથ ધર્યું છે. વેલાયતનાં મોટા પબલીસર અને હીંદુસથાનનાં આડત્યા અંગરેજ મેકમીલનનાં ધોરણ ઉપર કામ કરવાથી એવનને મુંબઈનાં પારસી પેપરોએ "પારસી મેકમીલન"નાં નામથી ઓળખાવે છે. આ એવનનાં સાહસથી ખુશ થઈ થઇ જામે જમશેદના માલેક શેઠ જાંહગીર બ. મરઝબાને પોતાની એક વાર્તાની ચોપડી "મુશકીલ આશાન" નામની છાપી પ્રગટ કરવા આપી છે. જે બનાવ એવનના બાબમાં પેહલોજ છે. જરથોશ્તી ધર્મની મોતેબર કેતાબ "પાક ખોરદેહ અવસ્તા" એવને પીકચરો સાથની પ્રગટ કરી છે જે બનાવ પણ એવનનાં બાબમાં પેહલોજ તેટલો ધ્યાન ખેંચવા જોગ છે.

(૫) એ૦ દારાબ એ૦ રતન (જુવો પા૦ ૫૩)

*

કકરીઆ કુટુંબમાંથી એઓ પહેલા બહાર પડી મીકેનીકલ ઇજનેરની પરિક્ષા પસાર કરી છે. એઓ બીજા વર્ગના ઇજનેર છે પણ એ ધંધાને લગતા ઘણા અનુભવી ને ચાલાક હોવાથી એઓ જયાં જયાં નોકરી કરે છે ત્યાં ત્યાં પોતાના શેઠનો ચાહ જીતી લે છે. વ્યાપાર કરવાનો એમનો સહાસ કુદરતી છે.

(૧) એ૦ નોશેરવાન મેહરજી ચાંદના (જુવો પા૦ ૨૫)

- એ૦ મેહરજી ૯-૭-૧૮૮૨
- એ૦ નવરોજ ૧૧-૯-૧૭૯૩ (મેહરજી ભા૦ પૌત્ર નવ૦ | ચાંદનાના કે કોબાદના નાપા૦)
  - ખુ૦ મણા
  - ખુ૦ જશુ
  - એ૦ સોરાબ ૧૯-૧૨-૧૮૫૬ (ભા૦એ૦નાપા૦)
    - એ૦મીનોચેર ૨૭-૪-૧૮૫૩ (ખેશવાલા છુટા પડયા—જુવો ભ૦ ૧૦ પા૦ ૯)
  - એ૦ એદલ ગા૦૧-૧૮૨૩
- એ૦ શાપુર ૨૧-૩-૧૮૦૨ (ભા૦મેહ૦નાપા૦)
- એ૦ પાહલન ૨૯-૩-૧૭૮૨
  - એ૦ કાવશ
    - એ૦ સોરાબ ૧૭-૧-૧૮૩૩ (ભા૦એ૦નાપા૦)
    - એ૦ એરાંમ ૪-૧૦-૧૮૩૨
      - ખુ૦ પાલન
    - એ૦ માણેક ૧૯-૧૨-૧૮૩૮ (કા૦દારા૦નાપા૦)
      - એ૦ કાવશ ૨૨-૭-૧૮૫૨ (કા૦સો૦નાપા૦)
      - ખુ૦ બરજોર
      - ખુ૦ નોશેરવાન
    - એ૦ રૂસતમ ૧૪-૯-૦
  - એ૦ દારાબ ૩૦-૧૧-૧૮૩૨ (કા૦ભાઇજીનાપા૦)
  - (૧) એ૦ બરજોર ૬-૫-૧૮૮૪ (ભા૦જા૦નાપા૦)
  - એ૦ કાવશ ૩-૩-૧૮૦૫ (કા૦શા૦નાપા૦)
    - એ૦ રૂસતમ ૧૫-૯-૧૭૯૮
  - એ૦ જામાસ્પ ૧૯-૭-૦
- એ૦ ભાઇજી ૧૬-૯-૦
- ખુ૦મીનોચેર

બરજોરદારનું કુટુંબ.

- (૧) એ૦ બરજોર પાહલન નોશીરવાંન (જુવો પા૦ ૫૭)
  - એ૦ બેહરાંમ ૨૯-૧૨-૧૮૫૬
    - (૬) એ૦ બરજોર ૧૩-૬-૧૯૧૦
      - એ૦ પાહલન ૮-૭-૧૯૦૩
        - એ૦ જમશેદ ૧૬-૯-૧૮૫૨
      - એ૦ ફરાંમ ૫-૯-૧૯૧૩
        - (૨) એ૦ રૂસતમ ૨૬-૨-૧૯૫૦
        - એ૦ હોરમજ ૧૫-૨-૧૯૪૯ (કા૦પા૦નાપા૦)
          - એ૦ નવરોજ ૨૪-૧૧-૧૯૪૬
            - એ૦ બેહમન *
            - એ૦ બેજન *
              - (કા૦નો૦નાપા૦) હોરમજશા *
            - એ૦ દીનશા *(બ)
            - ખુ૦ સોરાબ
          - એ૦ બેહરાંમ *
            - એ૦ જાંહગીર *
              - હોરમશા *
              - રૂસ્તમ *
              - ફરેદુન *
              - નોશીરવાન *
            - ખુ૦ જમશેદ
          - એ૦ નોશીરવાંન ૨૩-૧૨-૧૯૬૬
            - ખુ૦ દીનશા
    - ખુ૦ કાવશ
    - ખુ૦ ભીખા
    - એ૦ એદલ (૧) ૮-૫-૧૯૦૭
  - ખુ૦ ભીખા
  - ખુ૦ હોરમજ

(બ) એઓ કકરીયા કુટુંબમાંથી પેહલવેહલા એલ૦ સી૦ (ઈજનેર)ની પરીક્ષામાં પસાર થયા હતા. હાલમાં એઓ બી. બી. એન્ડ સી. આઈ. રેલવેમાં એનજીન્યર તરીકે કામ કરે છે જયાં તેઓ પોતાના ઉપરીઓનો ચાહ પોતાની જાતી ચંચલાઈ અને નમ્રતાથી મેલવી શકયા છે.

બરજોર દારૂનું કુટુંબ.

(૨) એ૦ રુસતમ ફરામ બરજોર (જુવો પા૦ ૫૮.)

- એ૦ ડોસાભાઇ ૩-૯-૧૯૬૦
  - એ૦ નવરોજ ૬-૫-૧૯૬૧
    - એ૦ કેકોબાદ *
    - એ૦ હોરમજ *
  - એ૦ જાહંગીર * (કા૦શા૦ના પા૦)
- એ૦ શાપુર ૭-૧૧-૧૯૭૨
- એ૦ તેહમુરસ ૨૧-૬-૧૯૫૮
  - એ૦ ફરામરોજ *
- એ૦ બરજોર ૨૨-૯-૧૯૫૧
  - એ૦ કેકોબાદ *
    - એરચશા *
  - એ૦ ખોરશેદ *
  - એ૦ દીનશા *
  - ખુ૦ કાવશ *
- એ૦ દારાબ *
  - એ૦ હોરમજ *
  - એ૦ નરીમાન *
  - બરજોર *

(૧) એદલ બેહરામ બરજોર (જુવો પા૦ ૫૮)

- એ૦ જમશેદ ૧૧-૬-૧૯૧૧
  - એ૦ શાપુર ૨૩-૧૨-૧૯૬૮ (ફ્રા૦ નો૦ના પા૦
    - એ૦ જમશેદ *
    - ખુ૦ એદલ
    - એ૦ પાહલન *
      - ફ્રેદુન *
      - શાપુરજી *
      - નોશેરવાંન *
  - એ૦ ફ્રેદુન ૨૨-૩-૧૯૨૯
    - એ૦ દોરાબ *
      - એ૦ ફ્રેદુન ૧૫-૫-૧૯૬૧
      - એ૦ રતન *
        - માણેકશા *
      - એ૦ હોરમજ * (ભા૦ ફ્રે૦ ના પા૦)
- એ૦ નોશેરવાંન ૨-૬-૧૯૫૧
- એ૦ બેહરામ ૧૪-૧૨-૧૯૪૯
- એ૦ રૂસતમ ૨૫-૨-૧૯૩૦
  - એ૦ એદલ *
    - એ૦ પીરોજશા *
    - ખુ૦ રૂસતમ
    - એ૦ જાલેજર *
- ખુ૦ ડોસા
- ખુ૦ પેસુતન

(૬૦) એ૦ બરજોર એ૦ બેહરામ (જુવો પા૦ ૩૮)

(† સં૦ ૧૯૧૦)

એ૦ બરજોરજી ઉર્ફે બરજોરદારૂ કકરીયા. પોતાના વખતમાં આ કુટું-બના ઝળકતા સેતારા સમાન હતા. તેમણે પોતાનાં કુટુંબની ઉન્નતિ માટે બહુજ કર્યું છે. કકરીઆ કુટુંબપર તેમના ઉપકારો જેવા તેવા હતા નહિ. તેઓ બહુ સાલેસ, જ્ઞાની, ખાલેસ અને પરમાર્થિ હતા. ધર્મનો તેમને ઉંડો અભ્યાસ હતો. તેઓનો દેખાવ દમામદાર અને આકર્ષક હતો. પાકીજગીનું નુર તેઓના ખુબરૂ ચહેરાપર પ્રગટ દીસતું હતું. એક સાચ્ચા દસ્તુરના સર્વ ગુણો તેઓમાં મોટા પ્રમાણમાં હતા.

તવારીખે નવસારી પા૦ ૧૬૨ માં લખે છે કે—

૧૮૫૪

"બરજોરદારૂ કકલ્યા.

નવસારીની મલેસરની સર જમશેદજીવાલી દરેહમેહેરના વડા પંથકી આ૦ બરજોરજી બહેરામજી કકલ્યા ઈ. સ. ૧૮૫૪ માં ૮૫ વરસની ઉમરે ગુજર્યા. તા૦ ૧૩ મી માર્ચ ૧૮૫૪ના જામે જમશેદમાં એવણ વીશે છાપ્યું છેકે:—

તા૦ ૭ મી મારચ.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૨૩ યજદેજરદી.

આ૦ બરજોરજી બેરાંમજી કકલીઆ, શ્રી નવસારીથી ચાલતા મહીનાની તારીખ ૮ મીનો લખેલો એક પતર અતરે આવેઓ છે તે ઉપરથી જોએ આમાં આવે છે કે શ્રી નવસારીના મલેશર ફરોઆની દરેહમેહેરવાલા વડા પંથકી મોબેદ બરજોરજી બહેરાંમજી કકલીઆએ ૮૫ વરસની વએમાં રોજ ૧૩ મે ને માહા ૬ ઠેને દીને આ ફાંની દુનીયાંમાંથી અશબાબ ઉઠાવીને શવરગવાશીઓમાં જાઇ વાશો કીધો છે. એ મરનાર શારી આબરૂવાલો અને દીનઆઇનનાં કામમાં માહીતગાર તથા મોહબ્બતદાર તથા દુરઅંદેશ પુરૂશ હતો વાશતે હેનાં મરણથી એખલાહેનાં કુટુંબમાંજ નહી પણ શ્રી નવસારીની આખી વશતીમાં અને તેમજ શુરત અને મુમબઈ માંહેલા હેના પીછાંણવાલાઓમાં દુખ ઉપજીઉ હોએ.

[જામે જમશેદ, ૧૩ મી મારચ ૧૮૫૪.]

એવણુ ઉપર સર જમશેદજીનો તથા એવણુના ટોલાનો અતિશય વિશ્વાશ હતો. મીનોચેર હોમજીના ટોલાવાલા કકલ્યા સાહેબો તરફ સરની કેટલી બધી પ્રિત હતી, તે સર જમશેદજીના નિચલા અભિપ્રાયથીજ જણાઇ આવે છે.

સર જમશેદજી અને કકલ્યાઓ.

"સ્વશત શ્રી નવશારી કશબે માહાસુભસથાંને પુજારાધે શ્રી ૫ નેકનામ ભાઇ રૂસ્તમજી રતનજી ભોટ શ્રી મુંબાઇ બંદરેથી લા. શેવક જમશેદજી જીજી ભાઇનાં શલાંમ વાંચજો. જત લખવા કારણુ એ જે તમારો કાગજ અથવા આંકડો કરીને મોકલીઓ તે પોહોતો છે ને ભાઈ હમોએ શાભલીઉચકે આપના પંન થકી દસ્તુર બરજોરદારૂને કેટલાએક મોબેદોના શીખવીઆથી પેલા.........વારે ગડીએ એવનની ઇજત ઉપર હોમલો કરેચ પન એ બેહુદીન લોકો કંઈ શારૂ નથી કરતા. એવન વરે તો અહીઆના બેહેદીનો ઇજત આબરૂમો આવેલા છે આજે તે તમે લોકો બીચારા ગરીબ મોબેદોને ઇજત આબરૂ આપીને ચાલવું જોઇએ. આવા મોબેદ કોઇ નહી થસે તે સત્ય કરી જાંનજો. ભઇજી તમોને એ વાતની ખબર હોએતે હમારી ઉપર ખોલાસેવાર લખી જણાવજો ને આપના પંથકી દસ્તુર બરજોરદારૂને હમારી ગનાગની સલાંમ કેજો ને કેજોકે તમારો કાગજ પોહોતો છે. હમો તે વીસેનો જવાબ લખીશું કરીને જરૂર કેહેજો કાગજનો જવાબ લખજો.

મુંબાઈ તા૦ ૧૭ મી એપરેલ શને ૧૮૫૩ અંગરેજી.

ભાઇજી તમો ઊપર જે કાગજો મોકલાઉ તે તમો દસ્તુર બરજોરદારૂને હાતો હાત પોહોચાડજો. બાઇ સાહેબની દુવા કેજો. ને તમોબી કબુલ કરજો."

એટલુંજ નહીં પણ મલેશરના આંદરાંન માટે પુર સત્તા સર જમશેદજીએ કેવી અજબ જેવી રીતે આપેલી છે, તેનો ખ્યાલ થવા તે પટો નિચે પ્રમાણે જાંણવા સારૂ આપ્યે છીએ કારણકે એ લેખ બાહાર પડેલો જોવાની ઘણા સાહેબો તરફથી શેવકને ભલાંમણ થઇ છે.

સર જમશેદજીના આદરાંનનો પટો.

શવસ્ત શ્રી નવશારી કસબે માહાસુભસ્થાને પુજારાધે શ્રી ૫) નેકનામ દસ

તુરજી બરજોરજી બેહરાંમજી કકરીઆ લા. શ્રી મુબાઈ બદરેથી સેવક જમશેદજી જીજીભાઇનાં દુવા સલાંમ વાંચજો. જત લખવા કારણ એજે તમારાં કાગજ ૨) બે હમોને પોહોચા છે વાંચીઆથી વાકેફ થએ છૈ ને તમો જે આપણી અગી આરી વીસે લખોચ તે જાંણીઉ. તેનું જાણવુ એજે તમો કોઇબી રીતની ફકર ના કરસો હમોએ તમુને આપણી અગીઆરીનો બધો કારભાર શોપેલો છે તેની વીગત નીચે લખેલી છે તે પરમાણે તમો કરીઆ જાએ હમો અથવા હમારા વારેસો વંશ ભી એ પરમાણે ચાલીને તમોને માન આપશે તે શત કરી જાણજો. મુંબઈ તા૦ ૨૯ મી એપરેલ સને ૧૮૫૩ અંગરેજી.

૧–પેલુ આદરીઆન શાહેબની બોએ દેવાનું કાંમ તમો અથવા તમારા વારેસો કરીઆ જાઓ. અગર તમારી મરજી પડે તો તમારામેના મોબેદોને શોપીને કરાવો તેહેમા હમોને હરકત નહી.

૨–બીજુ આપની અગીઆરીમે રાણુને પેટના છોકરાઓને સુદરો પેહેરાવવો નહી અગર બીજા પાસે પેહેરાવવા દેવો નહી. અગરજો બાહાર ગાંમના રાણુને પેટનાં સુદરો પેહેરી આવે તેને આપણા આદરીઆનમો શેહેજદો કરવા દેવો નહી.

૩–ત્રીજુ આપણી અગીઆરીમે તમારા સાથના કોઇબી મોબેદનો છોકરો યોજદાથરીગરીનુ કાંમ કરવા લાએકનો હોએ ને તે મોબેદ તમારી રજા લેએ ને તેને તમારૂ ધીઆંન પુગે તો વાપરવા લાએકનું હોએ તેને તમારે રજા આપવી, નહીતોકે નહી આપવી.

૪–ચોથું આપણી અગીઆરીમેના દરેક વાસણ રૂપાના અથવા કોપર બરાસનાં અથવા તરાંબાના વગેરે પરચુતન સાંમન અથવા બીલોર કાંમ વીગેરે શરવે તમારે શવાધીન કીધો છે તે શાંમનની તીપ તમોએ હમુને લખી આપીચ ને હમોએ તમુને લખી આપીચ તે પરમાણે હમો અથવા હમારો કોઇબી વારેશ જોવા માગે તેવારે દેખાડવા. અગરજો કોઇબી શામન ભાગે તેની નોધ રાખીને હમો ઉપર મોકલાવવી. ને અગીઆરીમેના વપરાતાં વાસન જાએતો કાંમના કરનારા વગેરે મોબેદો પાસેથી ભરાવી લેવાં.

૫-પાચમું રૂપાં કાંમની તીજોરીની કુચી અથવા દરેક બારણાઓના તાલાંની કુચી તમારા શવાધીન રાખવી કાંમ પરે તેવારે ઉગાડી આપવું.

૬–છથુ આપણી અગીઆરીમે દરરોજ ઇંજસની વનીદાદ વીગેરે જેભી કાંમ થાએ તેની નોધ એક ચોપડીમેં લખીને તમારી કને રાખવી. અગર કોઇભી તમારો રાખેલો મોબેદ આદરીઆનમે હોએ તે પાશે દરરોજ લખાવવુ ને તમારે તપાશ રાખવી ને જોવુ ને જેવારે ચોપડી મંગાવીએ તેવારે મોકલી આપવી.

૭–શાત્તમુ આપણી અગીઆરીમે દીવા બતી કરવા માનસ રાખેલું છે તે પાસે દરરોજ કચરો વલાવવો અથવા કુશતી કરવાનું પાણી દરરોજ ભરાવું અથવા અગીઆરીને લગતું કંઇભી કાંમ કરાવવુ ને બધુ સફાઈ રખાવવું અગરજો તમારા કેવાશર નઇ ચાલે તો તમારે તેને રજા આપવી ને બીજું માનસ રાખવું ને હમો ઉપર લખી જનાવવું.

૮–આથમુ આપણી અગીઆરીમેના કોઇભી મોબેદ તમારા કેવાશર નહી ચાલે તેને તમો અગીઆરીમેથી ઇજશની વનીદાદ વીગેરે કાંમ કરતો અટકાવવો ને હમો ઉપર લખી જણાવવું હમોએ તમુને એ સતા આપેલી છે.

૯–નવમું હમારા નેમેલા મેનીજરો આપની અગીઆરીમે કંઇભી શમાર કામ કરવું હોશે તો તમુને પુછીને કરાવશે. અગરજો તે લોકો તમારા કેવાશર નહી ચાલશે તો તમારા લખવાથી તે મેનેજરને હમો બરતરફ કરશું અથવા થપકો આપસું.

૧૦–દશમુ કોઈભી બીજી અગીઆરીનો મોબેદ અથવા બીજા પંથકનો મોબેદ આપની અગીઆરીમે આવીને હીડોરા ઉપર કાંમ કરવા માગેતો તમારી રજા શીવાએ કરવા દેવું નહી તમો મુખતીઆર છેઓ.

૧૧–અગીઆરમુ આપણી અગીઆરીમે કોઇભી બેહેદીનને તાંહનું રાતની વખતે વનીદાદ કરાવે ને તે બેહદીન અગીઆરીમે સુવા માગે તો તમારી રજા સીવાએ તેને સુવા દેવો નહી અગરજો તેની વનીદાદ જોવાની મરજી હોએતો વખતસર આવીને જોઇ જાએ.

૧૨–બારમુ એ પરમાણે તમો અથવા તમારા હવે પછીના વારેસો વંસ હોએ તે એ પરમાણે કરીઆ જાઓ.

૧૩–તેરમુ કોઇભી બેહદીનને તાંહાં અથવા મોબેદને તાંહાં ઉથમનાના વાશન માગે તો આપવાં. ને તે શાફ કરાવીને પાછા તમારા શવાધીનમાં રાખવાં.

લા. જમશેદજી જીજીભાઇની સલાંમ."

આ દસ્તાવેજની રૂએ દસ્તુરજી બરજોરજી કકરીઆનાં મરણ પછી એ મર હુમના બેટા એ૦ ફરામજીએ તથા ત્યાર પછી મરહુમના પઉત્ર એ૦ રૂસ્તમજીએ આ દરેમેહરને લગતો ભોગવટો કર્યો હતો અને હાલમાં મરહુમના વારેસો ત્યાંને લગતાં વાસણો તથા ફરનીચર વગેરેનો ભોગવટો કરે છે.

ઉપલી દરેમેહેર બંધાઇને તઇયાર થવા બાદ ભગર સાથ પંથકવાળાઓએ સર જમશેદજી પર તે ઇજવા માટે ઘણોક લાગવગ ચલાવ્યો, કારણ કે મરહુમ મોબેદ સાહેબ મીનોચેહર હોમજીએ સંવત ૧૭૪૨ માં દરેમેહર સ્થાપી હતી તે સિવાય આ પહેલીજવાર નવસારીમાં મરહુમ મીનોચેહર હોમજીની સાથવાળા કકરીઆ કુટુંબીઓ આ દરેમેહેર તથા આતશ આદરાન સાહેબ પરથાવવાની ક્રિયા કરનાર હતા. ભગર સાથવાળાઓની જબરી સમજાવતનું કશું પરિણામ આવ્યું ન હતું કારણ કે મરહુમ બરજોરદારૂ પર સર જમશેદજીએ એક કાગળમાં જણાવ્યું હતું કેઃ "તમોએ મીનોચહેર હોમજીવાળી નવસારી ખાતેની દરેમેહર ઇંજવા માટે જે દાખલો આપ્યો છે તે ઘણોજ સરસ છે ને તેટલોજ બસ છે." તથા તા૦ ૧૭-૨-૧૮૫૩ નાં એક બીજાં કાગળમાં પણ સર સાહેબે જણાવ્યું હતું કે "હમોએ દસ્તુરજી સાહેબ કેકોબાદજી રૂસ્તમજી તથા દેશાઈ સાહેબ ખરશેદજી રૂસ્તમજીને લખી જણાવ્યું છે કે એ કંઇ જંદરવાંનની નઇઅતે ક્રીયા થનાર નથી મગર અનોશેહરવાંનની નઇઅતે ક્રીયા થનાર છે માટે હમારા પંથકી કકરીઆવાલા સાહેબો ઇજશે......વગેરે."

નામદાર પહેલાસર જમશેદજી જીજીભાઈ ઇ. સ. ૧૮૫૦ માં નવસારી પધાર્યા હતા તે વેળા તેઓ સાહેબે ખાસ આમંત્રણ કરી દસ્તુરજી બરજોરજી કકરીઆની પહેલી મુલાકાત લીધી હતી. તે પછી નવસારી અને મલેસર ફલ્યા સંબંધી અનેક વાતો કરવાને વારંવાર તેમને બોલાવવામાં આવ્યા હતા. સર સાહેબને પોતાની વંશાવળી તથા પોતાના ન્યાગાંનોના મરણના દીવસ જાણવાની ઇચ્છા થવાથી મરહુમ બરજોરદારૂએ પોતાના કુટુંબીઓ પાસેની દીશા પોથીમાંથી તેઓ સાહેબને દરેક વિગતથી વાકેફ કર્યા હતા અને તેમની ફરમાસથી તે હસ્ત લેખીત દીશા પોથીઓ બતાવવામાં આવી હતી જેમાં અનેક હાથોથી સારાનરસા અક્ષરે આગલા વિચારો પ્રમાણે લખાયલું લખાણ જોઈ સર જમશેદજી અને તેમનું કુટુંબ ખુશ થવા સાથે કાંઇક રમુજ પણ પામ્યું હતું. ઈ. સ. ૧૯૭૨ માં મલેસરવાસી બેહદીન સાહેબોએ 'મરહુમ મેહરજી ચાંદણાને કકરીઆ કુટુંબના' મુળ પુરૂષ તરીકે જે લેખ લખી આપ્યો હતો તે અસલ લેખ સર જમશેદજી

ને બતાવવામાં આવતાં તેમાં પોતાના વડવા જીવણુ રામજીની સહી જોઇ તેઓ ઘણા ખુશ થયા હતા. આ પછી મલેસર ખાતે દરેમેહર સ્થાપિત કરવાનો વિચાર કરવામાં આવ્યો અને તે માટે મરહુમ બરજોર દારૂની સલાહો લેવામાં આવી હતી. બરજોર દારૂને સાથે રાખી સર સાહેબે દરમેહરનાં મકાનની જગ્યા પોતાના જમશેદ બાગની પાડોશમાંજ મુકરર કરી હતી. આ જમશેદ બાગની જગ્યા પણ તેમની મારફતેજ ફરામજી નવરોજી કકરીઆ (ઉર્ફે સુરા)ની માલેકીની હોવાથી સર સાહેબે તે રૂપ્યા ૨૨૦૦ થી ખરીદી હતી. સર સાહેબ મુંબઇ પધારયા પછી દરેમેહર સંબંધી અનેક પત્રવ્યવહાર તેમણે બરજોર દારૂ સાથે થયો હતો. મકાન તઇયાર થવા બાદ તેને ઇંજવા તથા તેનું જશન માંડવાની ક્રિયા કરવા તેમજ તેને લગતાં મોબેદોને બરસનુમ આપવા સંબંધી નીચલો પત્ર સર જમશેદજીએ પોતે દસ્તુરજી બરજોરજીપર લખ્યો હતો.

" પહેલા સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ સાહેબનો કાગળ. "

"સવસતી શ્રી નવશારી કસબે માહ્ય શુભ સથાને પુંજારાધે શ્રી ૫ નેકનામ દસતુરજી બરજોરજી એમેરામજી કકલીયા જોગ શ્રી મુંબઇ બંદરેથી લા૦ શેવક જમશેદજી જીજીભાઇનો દુવા સલામ વાંચજો. જત મલેશર ફળીયા મધે હમારી બંધાવેલી દરેહેમેહેર મધે તમે જાતે જશનની કીરીઆકામ કરજો. તમો લખોચ કે હમો જશન માંનશું તો ભગલવાળા દસ્તુરજીને અનજુમન નહી આવશે તો તેની કશી ફીકર નહી. હમોએ તો બધું તમોને શોપેલું છે તેથી તમારી ખુશી પડે તો દસ્તુરજી પાશે મંડાવજો. ને જો તમોને ખરાબ લાગે તો તેમ ના કરતા એ લોકો શાથે મને કાંઇ લાગતુંવળગતું નથી. પણ મલેશરવાળાઓની હમારી ઉપર અરજી આવીઆથી હમો ગના નાખુશ થઇને હીંધોળા ૪) કહાડી આપીઆ છે. તથા ટેમુલજી હોજદારે ઘણાજ કાલાવાલા કીધા કે હમુને તથા દસતુરજીને ઘણું ખરાબ લાગેચ તેથી તે ઇજાવો તો ગનું શારૂં. ફકત હીંધોળા ૪) ઇજીને જશે. બાકીની બધી કીરીઆ તમો કરજો ને મોબેદોને નાહાન આપવાનું કાગલની ટીપ મોબેદ ટેમુલજી હોજદાર કને મોકલાવીચ તે તમુને પોંતી હશે. અને તમો કહો તેમ ટેમુલજી હોજદાર ચાલશે."

તમોને શલા આપવા શારૂ મોકલીઆચ તેથી તમારા મનમાં કંઇ ઓછું લાવતાનાંને ખરશેદજીભાઇ તમારી સાથે બધી વાત કરશે."

તા૦ [illegible]૩ મી ફેબરવારી શાલ ૧૮૫૩ ઇંગ્રેજી.

શેવક જમશેદજી જીજીભાઇની શલાંમ.

[illegible]

આવી સંપુર્ણ સત્તા પછી દરેમેહુર તથા પાક આતશ આદરાંન સાહેબ પર થાવવાની દરેક ક્રિયા દસ્તુરજી બરજોરજીની જાતી દેખરેખ તથા ઉપરીપણાં હેથલ હીનનાં ફરમાન મુજબ કરવામાં આવી હતી.

રોજ ૨૦ માહ ૬ સને ૧૨૨૨ ય૦ (તા૦ ૧૪ મારચ ૧૮૫૩) ને દીને દરેમેહુરનાં જશનને લગતી મીજલશમાં ખાસ હાજર રહેવાને માટે આવેલા મરહુમ અશોરૂહ શેઠજી સાહેબ શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઈ (બીજા બેરોનેટ (૧૮૧૧-૧૮૭૭) તથા મરહુમ શેઠજી સાહેબ શેઠ રૂસ્તમજી જમશેદજી જીજીભાઇ (૧૮૨૪-૧૮૭૧) માંથી મરહુમ શેઠ ખરશેદજી સાહેબે ભર મીજલસમાં ઉભા થઇને ઘણુંજ માનથી જણાવ્યું, કે.

"દસ્તુરજી સાહેબ બરજોરજી બેહરામજી કકરીઆને હું મારા મુરબ્બીજી બાવાજી સાહેબ સર જમશેદજી તરફથી આજ રોજનું મુંબારક જશન માંડવાની ક્રિયા કરવા અરજ કરૂં છું."

તેજ વખતે દસ્તુરજી બરજોરજીએ પોતાની હુમેશની ઉદાર વૃત્તિ પ્રમાણે જશન માંડવા માટે ત્યાં હાજર રહેલા ભગર અનજુમનના વડા દસ્તુરજી સાહેબ કેકોબાદજી રૂસ્તમજી મેહેરજી રાણાને કરવાથી ભગર સાથવાળાઓએ જશનની ક્રિયા કરી. આ ક્રિયા પુરી થવા પછી મરહુમ ખરશેદજી શેઠે પોતાના પીતાજી તરફથી મરહુમ દસ્તુરજી બરજોરજીને શ્યાલનો જોટો તથા રૂપાં નાણાં ની યોગ્ય ભેટ આપી હતી. મીજલસમાં આશોદાદ તે બાદ અપાઈ હતી

સર જપશેદજીના આગ્રહ છતાં બરજોર દારૂએ જશન માંડયું નહતું તે માટે એટલુંજ જણાવવાનું છે કે તેમને તેમ કરવાની ખાસ જરૂર પડી હતી. આ સાથે પ્રગટ કરેલાં કાગળો શહુજ જણાવી આપશે કે બરજોરદારૂએ પોતા ની સરેસ્તાની નમનતાઇથી તે વેળાના ભગર અનજુમનના વડા દસ્તુરજી સાહેબ તથા વડા દેસાઇજી સાહેબના સુખનને જોઈતું માન આપ્યું હતું.

દસ્તુરજી કેકોબાદજીનો કાગળ.

"મેહુબાન ભાઈજી સાહેબ મોબેદ બરજોરજી બેરાંમજી કકરીઆ જોગ લી૦ એરવદ કેકોબાદ દસતુર રૂસતમજીની દુવા બંનદગી વાંચી કબુલ કરજોજી. જત લખવા કારણ એ જે તમો આવાનાં હુતા તે હજુર નઇ આવેઆ તે શું છેજી. હું ધારૂચ કે તમો ઉપર શેઠજી સાહેબનું કાગજ આવીઉ હોશેજી ને આપને જશન વીશે વાત કીધીચ તેનો કશો જવાબ નઇ કેવરાવેઓ તે શું છેજી ને એ વાત તમારા હાઠમાં છેજી. તમોં કેશો તો બનશેજી. તેથી ને એતલુ જશન શેઠજીને સમજાવીને તમો અમારી પાસે મંડાવશો તો અમુને ગનુ સારૂ લાગશેજી,

ને તમોનેબી માન મલશેજી. તમો અમારા અંકાર છોજી ને અમોએ તમો સાહે બોને કેવી મદદ કીધીચ તે તમોને રોશન હોશેજી. હવે પછીબી તમો સાહે બોને મદદ કરશુંજી. તે વાત ધીઆનમાં રાખીને એટલું અગીઆરી હીજવાનું જશન અમારા પાશે કરાવસો તો હમોને ઘણું સારૂ લાગશેજી. હવે પછીથી તમો જશન કરશોતો હમોને કઇબી રીતની હરકત નથી. તમો મુંખતીઆર છોજી ને અમારા સમજીઆમાં આવીઉચકે શેઠજીએ તમોને જશન કરવા લખીઉચ ને બધુબી કામબો તમારે હશતક શોફીઉચ તે જાની અમો ખુશી છઇએજી. **તમોબી અમારા ભાઇ છોજી** તેમુલજી હોજદારે અમારી સાતે બધી વાત કીધીચ. તમારી મેરબાનીથી હીદોરાતો ઇજવા કઇઆચ. પણ એટલું જશનનું અમારા પાશે કરાવશો તો ગનુંસારૂ અમોઆવીશું. નઇતો કે જશનમે અમો નઇ આવીશુંજી તમારી તો અસલથી આપણાં સાહે તથા દેશાઇજી સાહે મીતરાચારો છે જેવી રાખશો તો ગનુંજ સારૂંજી. પછી તો જેમ તમારી મરજી. જો બને તો રાજી પાશે તેનો જવાબ મોકલોજી નઇ તો કે તમો જાતે આવી મળી જજોજી. આ પને વાત કરીશુંજી દેશાઇજીએબી કએલું છેજી. તમુને મલશેજી. રોજ ૬ માએ ૬ઠો સને ૧૨૨૨ એજરજદી ૧૮૫૩ ઇસવી."

દસ્તુરજી બરજોરજીએ આ સુચના અમલમાં મુકવાથી જશન પછી પાંચમે દીવસે વડા દસ્તુરજી કેકોબાદજી મેહરજીરાણાએ તેહેશાંનનો ઉપકાર માનનારો નીચલો પત્ર લખી એક શ્યાલ ભેટ મોકલી હતી અને ભગર સાથ હમકાર સાથનાં ખાનાં તથા જશનોની મીજલસમાં હમેશને માટે દસ્તુરજી બરજોર દારૂ કકરી આને ત્યાં ઇજન કરવા માંડયું હતું જે પ્રમાણે હજી પણ બરજોરદારૂને ઘર ખાતે ચાલુ છે. ઉપકાર માનનારો તે પત્ર નીચે મુજબ છેઃ

દસ્તુરજીએ લખેલો ઉપકાર પત્ર.

"નેકનાંમ મોતા ભાઇજી સાહેબ મોબેદ બરજોરજી એરાંમજી કકરીઆ જોગ લા૦ એરવદ કેકોબાદ દસતુર રૂસતમજીની સલામ વાંચી કબુલ કરજોજી. તમો સાએબે અમોને માન આપીઉ તેથીને અમુને ગનુંજ શારૂ લાગુજી તેથીને અમારા અંકાર ગની ખુશી થાઇને તમો સાહેબ અસલથીજ મીતરાચારી રાખીચ તેવીજ રાખશો. એવી આશા છે ને તમો સાહેબના માનને ખાતર દેશાઇજીએ તથા અમારા અંકાર તરફથી શીઆલ એક મોકલીચ તે તમો શાએબ કબુલ રાખજોજી એવી અમોને આશા છેજી. તમો લાએક કઇ નથીજી તમો શાએબથી અમોને માન મલીઉચ તેથીને અમોબી તમોને માન આપીએચજી. રોજ ૨૪ માએ ૬ થો શને ૧૨૨૨ એજરેજદી." (જામે જમસેદ જુલાઇ ૧૯૧૦.)

સઉથી મોટી અજાયબી એ છે કે આપેલાં વચન પર પાણી ફેરવવામાં આવ્યું અને રૂહશાદ દસતુરજી બરજોરદારૂ ગુજરવા પછી સાતમે દીવશે દરેમેહરનાં બીજાં વર્ષનાં જશનને દીને દસતુરજી કેકોબાદજીએ પોતાનો હક આગળ ધરી તેનો ભોગવતો કર્યો હતો જો કે જશન માદવા એકજ વખત માગણી કરી હતી.

અફસોસ! "સાંઈ જાવે ઉસકી સાથ શરમબી જાવે" તેવી ગતી થઈ હતી. ભલા દસતુરજી બરજોરદારૂ રોજ ૧૩ માહ ૬ સને ૧૨૨૩ ય૦ (તા૦ ૭ મારચ ૧૮૫૪) ને દીને આ ફાની દુનીયા ત્યાગ કરી ગયા હતા. તેઓ અને ભગર અનજુમનના વડાઓ વચ્ચે ચાલેલો પત્ર વયવહાર જાહેરમાં ન આવેલો હોવાથો કોઈને ખબર હતી નહિ. ઈ. સ. ૧૮૯૪ માં મલેશરવાસીઓનાં રવાંનોને અવલમંજલ લઇ જવા માટેનો નવો રસતો બાઈ સાહેબ, દીનબાઇ પીટીટે બંધાવી આપ્યો ત્યારે તે ખુલ્લો મુકવાને લગતી કિરીયા કરવા તથા જશન માડવાના હક બાબે મીનોચેહર હોમજીની સાથવાળા કકરીયા કુટુંબીઓ અને તે વેળાના ભગર અનજુમનના વડા દસતુરજી સાહેબ દારાબજી માહીઆરજી મેહેરજીરાણા વચ્ચે તકરાર ઉપસ્થિત થઇ હતી. મરહુમ દસતુરજી શાહેબ દારાબજીનું કહેવું એ હતું કે તે એક જાહેર જશન હતું અને તેવાં જાહેર જશનો અને ક્રીયાઓ નવસારી ખાતે કરવાનો એકલો હક ફક્ત ભગરીયાઓનો છે. કકરીઆ કુટુંબે આ માટે જુનાં ઓચર્યાંઓમાં શોધખોળ કરવાથી દસ્તુરજી બરજોરદારૂને ઘરથી મરહુમ કેકોબાદજીનાં ઉપલાં બંને પત્રો મળી આવ્યાં હતાં, જે મરહુમ દસતુરજી સાહેબ દારાબજીને બતાવી તેમની ખાત્રી કરવાથી તેઓ સાહેબે પોતાનો હક ઉઠાવી લીધો હતો તથા તેમને લગની સર્વ કીરોયા મુંબઇ ખાતેના સર જમશેદજીને ત્યાંના તે વખતના પંથકી મરહુમ રૂસતમજી મોનોચેરજી કકરીઆએ કરી હતી; જ્યારે રસતો ખુલ્લો મુકવાની કીરોયા દસતુરજી સાહેબ દારાબજી માહીયારજીએ કરી હતી. (બ. બે. પટેલ કૃત પારસી ધર્મ સથળો—પાનું ૪૧૭).

બરજોરદારૂ ને ત્યાંથી આ બંને પત્રો ઉપરાંત ઘણાક દસતાવેજો મરહુમ મીનોચેર હોમજીના મળત્યા સાથના હક સંબંધીના મળી આવયા હતા. ઈ. સ. ૧૮૮૮-૮૯ માં નવસારી ખાતે બરપા થયલી વાડયાજીવાળી દરેમેહરનો ઝઘડો કોર્ટે ચઢયો હતો ત્યારે મુનસફ કોર્ટમાં ચાલતા નંબર ૪૦૨ વાળા મુકરદમામાં ભગરયાઓ તરફથી મીનોચેહર હોમજીની શાથના બે મોબેદોએ પોતાના

ટોળાના હક વિરૂધ્ધ જઈ સાક્ષી આપવાથી તેમને મીનોચેહર હોમજીનાં મળતા સાથની અનજુમને પોતાની અનજુમનનાં કામોથી બરતરફ કર્યા હતા. તેથી છેડાઇ પડી બેમાનાં એક મોબેદ નવરોજી જમશેદજી રબાડીનાએ ભગરયાઓની મદદથી મીનોચેહર હોમજીના મળતા સાથના હક વિરૂધ એક ચર્ચાપત્ર ઇ. સ. ૧૮૯૨ માં જામે જમશેદમાં પ્રગટ કરાવ્યું હતું. તેનો રદ જવાબ એ. પીરોજજી દાદાચાંનજીએ ભગરયાઓને આપયો હતો તેમાં મરહુમ બરજોરદારૂવાલા ઘણા દસતાવેજો ઉપયોગમાં લીધા હતા તથા બાકીના બીજા દસતાવેજો મરહુમ શેઠ માણેકજી બરજોરજી મીનોચેર હોમજી (મુંબઇ સમાચારવાલા ૧૮૪૦-૧૮૯૮) ની પાસે રહયા હતા, કેમકે ફરીથી ભગરયાઓ તરફથી કોઈ લખાન બહાર નીકળે તો તે બાકીના દસતાવેજોનો ઉપયોગ કરી શકાય, તેમજ આ કકરીયા કુટુંબને લગતી હકીકતો લખવામા એ મરહુમની ઘણીક કીમતો હસત લેખીત નોંધાનો આ કમતરીને પણ ઉપયોગ કર્યો છે.

જશન માંડવાને લગતી ચર્ચા વિષે અત્રે કાંઇક થોડુંક વધુ જણાવવાની જરૂર જોઉં છું. ઇ. સ. ૧૯૧૪માં મરોસર ખાતેની શેઠ રૂશતમજી જ. જીજીભાઇ એંગ્લો વર્નાકયુલર સ્કુલની પચાશમાં વર્ષની જ્યુબીલી વખતે સુકર ગુજારીનું જશન એ સ્કુલના મેનેજર શેઠ ફરામજી મેહરવાનજી દીઘરયાના આગેવાની હેઠળ થયું હતું તયારે પણ જશન માંડવાની કિરીયા માટે કાંઇ મતફેરી થવા પામી હતી પણ કિરીયા તો એરવદ મહેરવાનજી હોરમજી કકરીઆએ કરી હતી. તે મીજલશમાં ભગર અનજુમનના વડા દશતુરજી શાહેબ કેકોબાદજી પધારયા હતા અને તયાં દશતુરજી શાહેબ કેકોબાદજીએ છટાદાર ભાષામાં કેળવણી ઉપર ભાષણ કરયું હતું જેને યોગ્ય ટેકો એ૦ મેહરવાનજી હો૦ કકરીઆએ આપયો હતો. (જામે જમશેદ તા૦ ૨૧-૨ ૧૯૧૪)

આવુંજ એક જાહેર જશન ઇ. સ. ૧૯૦૩ માં મરોસર ખાતેની શર જમશેદજીવાલી દરેમેહરની પચાશમાં વર્ષની જયુબોલી ધામધુમથી ઉજવવામા આવી તે વખતે થયું હતું. તેની કિરીયા પણ એરવદ જમશેદજી રૂશતમજી કકરીઆએ કરી હતી, જયારે મીજલશમાં ભગર અનજુમનના વડા દસ્તુરજી શાહેબ તથા દેશાઇજી શાહેબ પણ હાજર રહયા હતા. વીગેરે.

(૨) એ૦ કુકા મહેરજી ચાંદણા (જુવો પા૦ ૨૫)

મોટા ભાઈનું કુટુંબ


નાના ભાઈનું કુટુંબ

- એ૦ શહેરયાર ૫-૬-૧૮૨૫
  - એ૦ રૂસતમ ૧-૧૨-૧૮૫૪
    - એ૦ ફરાંમ ૪-૧-૧૮૯૩
      - એ૦ દારાબ ૨૫-૧-૧૮૮૯
      - એ૦ માણેક ૩-૯-૧૯૨૯ (ભ૦ ના૦ ના પા૦)
        - એ૦ નવરોજ ૨૦-૫-૧૯૪૫
          - એ૦ મહેરવાન ૨૧-૫-૧૯૩૩
            - એ૦ સોહરાબ *
              - એ૦ મહેરવાન ૧૭-૫-૧૯૭૨
              - ખુ૦ નવરોજ
          - એ૦ પેસતન * (ભ૦ સો૦ ના છો.) (મે૦ ના પા૦)
      - ખુ૦ શેહરયાર
      - ખુ૦ મીનોચેર
    - ખુ૦ નવરોજ
    - (૧) એ૦ બીખા ૨૫-૧૦-૧૮૬૯
    - એ૦ દાજીભાઇ ૧૩-૩-૧૮૮૭
      - એ૦ મનોચેર ૨૫-૧૨-૦
      - (ભ) એ૦ રૂસતમ ૨૭-૬-૧૯૩૨
        - એ૦ દારાબ ૮-૮-૧૯૧૩
        - (મ) એ૦ હોરમજ ૧૫-૩-૧૯૪૯ (ભા૦ દા૦ ના પા૦)
          - (પ) એ૦ મહેરવાન *
            - (૨) એ૦ રૂસતમ *
              - દીનશા *
            - એ૦ નરીમાન (કા૦ નો૦ ના પાં૦) (લ)
            - ખુ૦ હોરમજ
          - એ૦ નોશેરવાન *
          - ખુ૦ દારાબ
      - ખુ૦ હોરમજ
    - (૨) એ૦ હોરમજ ૨૦-૩-૧૮૭૧ (માણેક કાવશ પાલન નોશેરવાંન મેહરજી ના પા૦)
  - ખુ૦ દારાબ ૧૩-૫-૦
- એ૦ દારાબ ૬-૬-૧૭૪૨

- (૧) એ૦ ભીખા એ૦ રૂસ્તમ શેહરયાર (જુવો પા૦ ૭૧)
  - એ૦ રતન ૨૭–૪–૧૯૧૩ (એવણુ બરજોરદારૂનાં કુટુંબમાં માણેક કાવશ પાહલનનાં છોકરા કાવશન પાલક છે)
    - એ૦ બચા ૨૫–૯–૧૮૯૩
    - એ૦ ફરામ ૮–૮–૧૮૬૪
  - એ૦ જમશેદ ૨૩–૫–૧૮૯૩
    - (૨) એ૦ હોરમજ ૨–૬–૧૯૩૮ (કા૦૨૦નાપા૦) બીજા
    - એ૦ કાવશ ૧૩-૫-૧૯૩૯ (ભા૦ભી૦ નાપા૦)
      - ખુ૦ જમશેદ
      - (૩) એ૦ જમશેદ * (ભા૦ન૦નાપા૦)
        - એ૦ ફરાંમ ૨૨-૧૧-૧૯૬૩
      - એ૦ નવરોજ ૨૫-૧૨-૧૯૧૮
    - એ૦ ભીખા ૨૩-૧૦-૧૯૧૮
    - એ૦ રૂસ્તમ ૩–૮–૧૯૫૫ (ભા૦હો૦નાપા૦)
      - એ૦ રતનજી *
        - ખુ૦ પેસુતન (મ૦મી૦ખો૦ ના૦ પા૦)
        - એ૦ હોરમજી * (બા૦ના૦પી૦ ના૦છો૦ફરાં૦ ના૦પા૦)
        - એ૦ભીખા ૨૬-૧૦-૧૯૫૬
        - એ૦ મીનોચેર * — ખુ૦ ફરાંમરોજ
        - એ૦ રૂસ્તમ *
        - ખુ૦ મેહેર
        - એ૦ ફરેદુન *
        - એ૦ નશરવાંન *
    - ખુ૦ એદલ
  - એ૦ ખોરશેદ ૧૭–૧૦–૧૯૦૬ (ભા૦ર૦નાપા૦)
    - એ૦ મીનોચેહર ૧–૬–૧૯૪૦
    - ખુ૦ માણેક
    - એ૦ બરજોર ૧૮-૨-૧૮૮૬

રતનજીનું કુટુંબ.

(૨) એ૦ હોરમજ રૂસ્તમ શેહરયાર (જુવો પા૦ ૭૧)



(ભ) એમ૦ રૂસ્તમ એમ૦ દાજીભાઇ (જુવો પા૦ ૭૧)

(† સં૦ ૧૯૩૨)

એઓ મરહુમ પોતાની કાબેલીઅત, કઢેલપણાં અને જ્ઞાન તથા પરહેજગારીને લીધે કકરીયા કુટુંબમાં બહુ આગેવાન દરજ્જો ભોગવી ગયા છે જણાવવામાં આવે છે કે કકરીયા કુટુંબમાં ખુશાળી યા ગમીના પ્રસંગે એઓ ખડેખુટ ત્યાં રહી આગેવાની લેતા હતા. મરણ જેવે પ્રસંગે ચાર દીવસ પોતે ત્યાંજ રહી દરેક ક્રિયા કામ કરાવતા હતા અને ગમ ભુલાવા પછી થોડે દીવસે પોતે કરેલા ખર્ચનો આંકડો રજુ કરતા હતા. આફતમાં પડેલો ઘરધણી બેમાખરો બનો જતો તેને તેઓ મોટા મદદગાર થઇ પડતા હતા તેમજ પોતાનાં કુટુંબીઓને ત્યાંનાં ભલાઈનાં દરેક કામમાં પણ એઓ હર હમેશ આગેવાનો લેતા હતા.

(મ) એમ૦ હોરમજ એમ૦ રૂસ્તમ. (જુવો પા૦ ૭૧)

(† સં૦ ૧૯૪૯)

એઓ મરહુમ એક પાકકા મોબેદ હોવા ઉપરાંત અવસ્તા, પહેલવી અને ફારસીના કાબેલ અભ્યાસી હતા તથા એક પકકા જયોતિશ હતા. પોતાની ફુરસદનો વખત પોતે એકલા યા પોતાના કુટુંબને પાસે બેસાડી શાહનામાંમાંથી ફારસી બેટો લલકારી તેનો અર્થ કરી સમજાવવામાં મોજ માનતા હતા. એમને ચાલવાની ટેવ વિશેષ હતી. એમ જણાવવામાં આવે છે કે મરહુમને વલસાડની કોર્ટમાં એક મુકરદમામાં સાક્ષી આપવા જવાની જરૂર હોવાથી આપણે સાધારણ ફરવા જઇએ તે મીસાલ તેઓ સહુવારના સકળેથી ઘરમાંથી ચાહ નાસતો કરી વલસાડ જતા અને ત્યાં પગ રસ્તે સાક્ષી આપી દીવા બતી થવા આગમજ તો નવસારીની નજદીક આવેલાં ઇટાળવા ગામની બાજુમાંના કનાઈના પુલ આગળ તાડી પીવા બેસતા હતા કે જયાં તેમના મિત્રો તેમની રાહ જોતા બેસત હતા. નવસારીથી વલસાડ લગભગ ૨૪ માઇલ છે. આ મુસાફરી એક રેકર્ડ સમાન છે.

(ય) એમ૦ મેહરવાન એમ૦ હોરમજ (જુવો પા૦ ૭૧)

*

આ ભલા બેરાદ નવસારીમાં ઘણા જાણીતા છે. એઓ ઘણા માયાળુ અને

નમ્ર ખવાસ ના હોવાથી દરેકની દીલસોજી ઝટ ખેંચી શકે છે. એઓ અભ્યાસી છે તથા એમની યાદ દાસ્ત બહુજ તિક્ષન છે. તવારિખને લગતી દરેક બાબદોમાં એઓ સારો ઉત્સાહ ધરાવે છે. એઓ અચ્છા બોલનાર છે. એમની પાસે કકરીયા કુટુંબને લગતા ઘણા પુરાણા દસ્તાવેજો મોજુદ છે જેની રૂએ જાહેર લખાનો કરી તથા મંડળોમાં તકરાર કરી એમણે પોતાનાં કુટુંબી હકોનું અચ્છું રક્ષણ કર્યું છે. કકરીયા કુટુંબ તરફથી અનેક જાહેર જશનો માંડવાની ક્રિયા કરી છે.

ઈ. સ. ૧૯૦૭માં હાલના શ્રીમંત મહારાજા ગાયકવાર શ્રી સયાજીરાવ મહારાજાની રૂપેરી જયુબીલી નવસારીમાં ભારે ધામધુમથી ઉજવવામાં આવી હતી અને મહારાજાશ્રીની છબી હાથીપર મુકી મોટી સ્વારી શહેરમાં ફરવા નીકળી હતી ત્યારે એમ૦ મેહરવાનજીએ અવસ્તા જબાનમાં મહારાજાશ્રીને દુવા ચાહી હતી જે દુવાઓ સુબા સાહેબની આહેશથી ખાસ સરકારી દફતરે જાળવી રાખવામાં આવી છે. ઈ. સ. ૧૯૧૫ માં નામદાર સર જમશેદજી જીજીભાઈ (પાંચમાં બેરોનેટ) નવસારીમાં મેહતા સુવાવડખાનાંનું વાસ્તુ કરવા પધર્યા ત્યારે કકરીયા કુટુંબ તરફથી તેઓ સાહેબને અપાયલાં માન પત્ર વખતે એમ૦ મેહરવાનજીએ શુભાષિત શબ્દોમાં તેઓ સાહેબને દીલોજાની ભર્યો આવકાર આપતાં કકરીયા કુટુંબની મુખ્તેસર હકીકત કહી સંભળાવી હતી અને કકરીયા કુટુંબપર સર જમશેદજીની કેવી નવાજેશ થઇ હતી તેની હૃદયભેદક વિગતો રજુ કરી ખાસ ઉપકાર માન્યો હતો. (જામે જમશેદ તા૦ ૧૮-૧-૧૯૧૫)

એઓ નવસારીની મેહતા કલબના દસ્તુર છે તથા કારોબારી તથા ઓનરરી લાઈફ મેમબર છે. નવસારીની જ્ઞાન પ્રસારક મંડળી તથા નોશાકરાં પારસી જનરલ ફંડની કમિટિના એઓ એક મેમબર છે. મીનોચેહર હોમજીવાળી દરેમેહરના એક મેનેજર તથા કુટાર મોહલ્લાના બાનુઓનાં ગાહંબાર ફંડના એક ટ્રસ્ટી છે તેમજ મુંબઇની જરથોસ્તી કોનફરન્સના સભાસદ છે.

(૨) એમ૦ રૂસ્તમ એમ૦ મેહરવાન (જુવો પા૦ ૭૧)

*

કાબેલ પિતાના પુત્રો હમેશાં હુશ્યાર હોય છે તેની પુરવાર એમ૦ રૂસ્તમજીએ પોતાની ચાલાકીથી ખુલ્લી બતાવી આપી છે. એઓ ન્યુસપેપરોમાં એક અચ્છા લખનાર છે અને પોતાના પિતાની પેઠે તવારિખનો અચ્છો શોખ ધરાવે

છે. ઈ. સ. ૧૯૦૯ થી એઓ મુંબઇનાં જાણીતાં જામે જમશેદના નવસારીના ખબરપત્રી છે અને એમની એ પત્રમાં આવતી ઘણીક નોંધો ભારે ઉત્સાહથી વંચાએ છે.

ઈ. સ. ૧૯૦૬ આગમજ મુંબઇ વાસી એ૦ રૂસ્તમજી બેજનજી રાનજી તરફથી પોતાના બેશી મરહુમ ડાકટર એદલજી માણેકજી દામલાના પુનાર્થે નવ સારી વાસીઓમાં ધર્મના રેસાલાએ લખાવી પડેલે નંબરે ચાંદ આપવાનો ગેઠ વણુની રૂએ ઉપલાં સાલમાં તે વર્ષનો રેસાલો “મીનોઇ જીંદગીનાં સુખો મેળ વવા સારૂ અવસ્તામાં કેવાં જ્ઞાન. ભક્તિ અને કર્મની જરૂર સમજાવી છે” તે એ૦ રૂસ્તમજીએ લખ્યો હતો અને હરીફાઇમાં પહેલા આવવાથી તેઓને ડાકટર દામલાવાળો રૂપાંનો ચાંદ રોજ ૨૩ માહ ૧ અને ૧૨૭૫ ય૦ ને દીને નવસારી સર કા૦ જે૦ મદરેસાના મકાનમાં દેશાઇજી સાહેબ પેશુતનજી ખુરશેદજીનાં પ્રમુખપણાં હેઠળ ભવ્ય મેળાવડામાં એનાયત કરવામાં આવ્યો હતો અને તેજ વેળા દેસાઇજી સાહેબ શ્રી ખુરશેદજી તેમુલજીને નામનુ બીજું કીમતી પુસ્ત કોનું ઇનામ પણ એનાયત થયું હતું. આ ફતેહમંદ રેસાલો પાછળથી ઇ. સ. ૧૯૦૯ માં શેઠ દીનશાહ મેહરવાન ઇરાનીએ છપાવી પ્રગટ કર્યો હતો.

પુણી ગામમાં આશીરવાદ સારવાની તકરાર ઇ. સ. ૧૯૧૦ માં ઉપસ્થિત થઈ હતી અને એ૦ સોહરાબજી માણેકજી દસ્તુર મેહરજીરાણાએ જામે જમશે દમાં તકરાર ઉઠાવી હતી કે ભગરયાઓના પંથકની હદમાં ફકત ભગરયા એક લાઓનેજ લગન સારવાનો હક છે તે સામે ભાઈ રૂસ્તમજીએ અનેક ચર્ચાપત્રો જુના દસ્તાવેજોની સાહદતથી લખી ખુલ્લું પુરવાર કરી આપ્યું હતું કે મીનો ચેહર હોમજીની સાથવાળા ટોળાને દરેક જરથોસ્તીને ત્યાંની દરેક ધર્મ ક્રિયા કરવાનો તથા લગ્ન સારવાનો સ્વતંત્ર હક છે. આ તકરાર છ મહીના સુધી લંબાઈ હતી. તે પછી બીજે અઠવાડયે તવડી ગામનાં રહીશ બાઇ સુનાબાઈ તે દાજીભાઇ નવરોજી તવડયાનાં ધણીઆનીએ પોતાના બેટાના લગ્ન સુરત શેહેરમાં જઇને મીનોચેહર હોમજીની સાથવાળાઓ પાસે સરાવ્યાં હતાં. આ સામે તે વેળાના ભગર અનજુમનના કામ ચલાઉ દસ્તુરજી ફરાંમજી કેકોબાદજીએ સખત વાંધો ઉઠાવ્યો હતો પણ કશુ વળ્યુ નહતુ-આ બાબે મજકુર દસ્તુરજી તરફથી મજકુર બાઇ- ને ધમકી આપવામાં આવી હતી તેના જવાબ મજકુર બાઈના બેટા ધનજીશાહે ભગરયા ઓના હકનો અધિકાર કરતાં તા૦ ૧૨ ૩-૧૮૯૯ નાં નવસારી પ્રકાશની સાહદત

ખાસ ટાંકી હતી. (મુંબઈ સમાચાર તા૦ ૯-૧૨-૧૯૧૦) આ પછી એવાંજ બીજાં લગ્નના આશીરવાદ શેઠ પાલનજી ફરામજી રબાડીના નવસારી સ્ટેશનપરના બંગલામાં દસ્તુર જમશેદજી ફરામજી રબાડી અને એ૦ પીરોજજી એદલજી દાદાચાનજીએ શેઠ કેખશરૂ મેહરવાનજી બામના સારયા હતા જેની નોંધ જલાલપોર કોર્ટમાં રજીસ્ટર્ડ થયલી છે. આ વેળાનો જાણવાજોગ બનાવ એ છે કે ઉપલાં લગ્ન વખતે છોકરી તરફના સાક્ષી તરીકે ભગર અનજુમનના એક આગેવાન શેઠ કેકોબાદ રતનજી દાબુ ઉભા હતા. આ પછી તા૦ ૩૦ મી મે ૧૯૧૫ ને દીને નવસારીથી વીસ ગાઉ ઉપર આવેલાં બોધાન ગામમાં શેઠ રૂસ્તમજી પેસતનજી બોધાનવાળાને ત્યાં લગ્ન સારવાની ક્રિયા એરવદો નસરવાનજી નવરોજી મીનોચેર હોમજી અને બેહરામજી દારાબજી દાદા ચાનજીએ કરી હતી. (જામે જમશેદ તા૦ ૩-૬-૧૯૧૫)

આ પછી નવસારી પાસે તવરી ગામમાં શેઠ હોરમજી પટેલને ત્યાં રોજ ૨૪-માહ ૯-શને ૧૨૮૫ ય૦ જ૦ (તા૦ ૧-૬-૧૯૧૬)ને દીને લગ્ન સારવાની ક્રિયા એ૦ સોરાબજી નવરોજી દાદાચાંદજી તથા એ૦ દીનશાહ નવરોજી માનો ચેહર હોમજીએ કરી હતી (કયસરે હિન્દ તા૦ ૧૧ મી જુન ૧૯૧૬)

એ૦ રૂસ્તમજીએ પોતાના ઇતિહાસના અભ્યાસપરથી હિંદના પારસીઓને લગતો પ્રાચીન ઇતિહાસ દસ્તાવેજોના સાહદત સાથે તઇયાર કરેલો છે. એમનું ભવિષ્ય ઝળકતું છે.

(લ) એ૦ નરીમાન એ૦ મેહરવાનજી (જુઓ પા૦ ૭૧)

*

એ૦ મેહેરવાનજી હોરમજીના આ બીજા ચંચળ બેટા મુંસાફરીના ભારે શોખીન જણાયા છે અને આજ સુધી કકરોયા કુટુંબમાંથી કોઈ દુરદરાજ ગયલું નહિ તેનો રેકર્ડ તોડયો છે. એઓ ભાઈ શાધારણ કેળવણી લઇ અત્રે મોબેદી કરતા હતા પણ સોળ વર્ષની ઉમરે ચીનની રાજધાની પેકીંગ ખાતે ગયા હતા ત્યાં બે વર્ષ રહી તેઓ નવસારી આવ્યા અને ત્યાંથી ઉતર હિંદુસ્થાન તરફ ગયા હતા. એમણે પોતાની મુસાફરીનાં રસીલાં દાસતાનો જામે જમશેદમાં લખ્યાં છે. એઓ જબરા મુસાફર છે. ત્યાંથી આવ્યા બાદ ફરી પાછા એઓ ચીન ખાતે હેનકાઉ બંદરે ગયા હતા પણ હાલમાં ઈ. સ. ૧૯૧૪ થી શરૂ થયલાં યુરોપનાં ખુનખાર જંગમાં વફાદાર પારસી તરીકે બ્રિટીશ રાજય તરફથી ભાગ લેવા વોલંટીઅર તરીકે તેઓ ચીનથી સાઇબીરીઆને માર્ગે રેલવેની બીકટ મુસાફરી

કરી ઇંગ્લાંડ ગયા હતા અને ત્યાંના નોર્થામપટન શહેર ખાતે લશ્કરી તાલીમ લઇ હાલમાં ફ્રાન્સ ખાતે ગયા છે. કકરીઆ કુટુંબમાંથી લડાઇપર જનાર આ પહેલોજ ભાગ્યશાળી નબીરો છે. એમને નામદાર શાહનશાહનાં "ગાર્ડ ઓફ ઓનર"માં દાખલ થવાનું માન મળ્યું હતું તેની નોંધ તા૦ ૩ આગસ્ટ ૧૯૧૬ નાં જામે જમશેદમાં નીચે મુજબ લેવામાં આવેલી છે :

"આપણા નામદાર શેહેનશાહ, શેહેનશાહબાનું મેરી તથા પ્રીનસેસ મેરી નવા કમાનડર-ઇન-ચીફ સાથ લશકરી તપાસ લેવા માટે ગયા જુલાઈ માસના તા૦ ૫ મીએ આલડરશોટ ખાતેનાં મીલીટરી સટેશન ખાતે ગયા હતા. તેવણુ નામદારને માન આપવા ખડી કરવામાં આવેલી મીડલસેક્ષ બેટેલીયનની ગારડ ઓવ ઓનરની ટુકડીમાં અલડરશેટના કમાનડીંગ ઓફીસર તરફથી પ્રાઇવેટ નરીમાન મહેરવાનજી કરકરીઆને પણ સામેલ કરવામાં આવ્યા હતા. ઇંગલંડમાં રોયલ ગારડ ઓવ આનરમાં એક જરથોસતી પ્રાઈવેટની નેમણુંક થવાનો બનાવ આ પહેલવહેલોજ કહેવાય છે."

(૫) એ૦ હોરમજ એ૦ જમશેદ (જુવો પા૦ ૭૨)

(† સં. ૧૮૩૮)

એઓ મરહુમે એ૦ દાદાભાઇ એદલજી કકરીયાની સાથે નવસારીની મલેસર ખાતેની સર જમશેદજીવાળી દરેમેહરને લગતો પાક આતશ આદરાંન સાહેબનો ગુંમબજ તથા તેમનું તખ્ત ઇંજયું હતું અને આદરાંન સાહેબની પહેલી બોઐ એ બંન્ને મરહુમોએજ દીધી હતી. મરહુમ દસ્તુરજી બરજોરદારૂના મરણ પછી ઉપલી દરેમેહરમાં થતાં મોતેબર ક્રિયાકામોપર દેખરેખ રાખવા વડા મોબેદ તરીકે એ૦ હોરમજીને નેમવામાં આવ્યા હતા. એઓ પકકા મોબેદ અને યોજદાથ્રગરીના કામમાં પ્રુવિંણ હતા. એમની સવાલ જવાબ કરવાની વાકચાતુરીથી હિંદુ ભાઇબધોંના બ્રાહમન પંડીતની પેઠે એમને પંડીત ન કહેતાં રમુંજમાં પંડયા કરીને (યાને પંડીત) લોકો કહેવા લાગ્યાં હતાં જે પરથી એમના વંશજો હાલમાં પણ પંડયાવાળા તરીકે ઓલખાએ છે.

એમનાં મરણ બાદ એમના નાના ભાઇ તથા પાળક બેટા મરહુમ એ૦ રૂસ્તમજી († સં૦ ૧૯૫૫) કકરીઆને ઉપલી દરેમેહરમાં વડા મોબેદ તરીકે નેમવામાં આવ્યા હતા. એ મરહુમ રૂસ્તમજી નવસારીનો મીનોચેહર હોમજીવાળી દરેમેહરના

મેનેજર તરીકે પણ પોતાની જીંદગી તુલીક રહયા હતા. ઈ. સ. ૧૮૯૮ માં એ છેલ્લી દરેમેહર નવા ફેરફાર સાથે બાંધવામાં આવી અને તેમાં આતશ આદરાંન સાહેબ તખ્ત નશીન કરવામાં આવ્યા ત્યારે તેના જશનનાં ભવ્ય મેળાવડામાં મીનોચેર હોમજીના મળતયા સાથ તરફથી બીજા મેનેજરો ભેગી મરહુમ રૂસ્તમ જીને એક શ્યાલ ઓઢાડવામાં આવી હતી.

(શ) એમ૦ જમશેદ એમ૦ કાવસ (જુવો પા૦ ૭૨)

*

પોતાના મરહુમ કાકાજી એમ૦ રૂસ્તમજી જમશેદજી કકરીયાનાં ગુજરવા પછી તેમની પેઠે મલેસરનો સર સાહેબનો દરેમેહુરનાં કિરયા કામોપર દેખરેખ રાખનાર વડા તરીકે એમને નેમવામાં આવેલા છે એઓ સંપુંર્ણ યોજદાથ્રગર હોવા ઉપરાંત ઠરેલ અને નરમાસ ભર્યા છે. એઓ પણ જયોતિષના અચ્છા અભ્યાસી છે. ઈ. સ. ૧૯૧૫ માં નામદાર સર જમશેદજી જીજીભાઇ (પાંચમાં બેરોનેટ) ની પધરામણી વેળા તેઓ સાહેબને કકરીયા કુટુંબ તરફથી એનાયત કરવામાં આવેલું ચાંદીના કાસકેટ સાથનું માનપત્ર દરેમેહુરનાં મકાનમાં મોટી મીજલસ સનમુખ એનાયત કરવાનું અને વાંચી સંભળાવવાનું મોટુ માન કુટુંબીઓ તરફથી એમને મળ્યું હતું.

(સ) એમ૦ એદલ એમ૦ હોરમજ (જુવો પા૦ ૭૩)

(† સં૦ ૧૯૦૮)

એ મરહુમ ઘણા ખુશ મીજાજી તથા હાજર જવાબી હતા તેથી નવસારીમાં લોકોના ઘણા માનીત થઈ પડયા હતા તથા ત્યાંને લગતા દરક નવા બનાવોથી લોકોને ખાસ માહીત કરતા હોવાથી એઓને તેઓ લાડકવયાં રાવજીનાં ઉપનામથી બોલાવતાં હોવાથી તે-એમનો ખાશ તખલ્લુસ થઇ પડેલો કહેવાય છે અને ત્યારપછીથી એમના વંશજો પોતાની અટક-કકરીયા ઉપરાંત રાવજી લખે છે.

મલેસરવાસી બેહદીન સાહેબ મરહુમ જીવાજી આસાજી નામના તે વખતના એક શ્રીમંત જાગીરદાર કે જેનાં નામથી આજે જીવા આશાની વારીને નામે ઓળખાતી એક મોટી અને કીમતી જગયા કે જે નવસારીની કોર્ટની સામે

આવેલી છે જેમાની કેટલીક જગયા ઉપર આજે ભપકાદાર બંગલોઓ બંધાઇને તે તરફનો લત્તો સોભાવે છે તેઓ એ મરહુમનાં યજમાંન હોવાથી એમનાં તંગ દસ્તીનાં વખતમાં ઘણી દીલસોજ મદદ કરેલી કહેવાય છે,

(હ) **એ૦ એદલ એ૦ બેહમન** (જુવો પા૦ ૭૩)

*

એ ભલા બીરાંદર બહુ નમ્ર અને સાલેસ સ્વભાવના છે. કકરીયા કુટુંબમાંથી એમણેજ પહેલવહેલી નીરંગદીનની ક્રિયા પુનાની કદમી તથા શાહનશાહી અનજુમનની દરેમેહરમાં ઐરવદ કાવસજી પાહલનજી કકરીયા સાથે રોજ ૫–૩–૧૨૮૨ ય૦ ને દીને તથા બીજે સાલ શ્રી સુરત મધે પહેલવહેલી નીરંગ દીન કકરીઆ કુટુંબ તરફથી એ૦ સોરાબજી જીવણજી કકરીયા (દોધી ખાઉ) સાથે કરી છે.

(અ) **એ૦ રૂસતમ એ૦ નોશેરવાન** (જુવો પા૦ ૭૩)

(† સં૦ ૧૯૫૧)

એ મરહુમે કકરીયા કુટુંબમાંથી પહેલવહેલી નીરંગદીન મુબઇનાં અલાહી બાગ ખાતેની દરેમેહરમાં એ૦ બેજનજી દાદાભાઇ ભંડારી સાથે કરી હતી.

એ૦ રૂસતમ એ૦ કાવસ (જુવો પા૦ ૭૩)

(† સં. ૧૯૫૯)

એઓ મરહુમે સરૂઆતમાં નવસારી ખાતે મોબેદી કરી હતી અને ત્યાર પછી મુંબઈમાં ઘડીયાલીનો હુનર શીખી બહુ ચંચળ ઘડીયાલી બન્યા હતા અને પાછલથી અમેરીકાથી ખાસ પોતાના મોનોગ્રામ સાથનાં ઘડીયાલો મંગાવી નવસારીમાં તે રૂપ્યા બેની કીમતે લોકોને ઘરે એવી સરતે મુક્યા હતાં કે ૧૫ વર્ષ સુધી તે ઘડીયાલોને વારશીક રૂપ્યા એમુ લવાજમ લઇ ચાવી તેઓ પાસે અપાવવી. આ સાહસ ઘણો મોટો તથા નફાકારક અને કકરીયા કુટુંબમાં પેહલવહેલો હતો પણ કમનશીબે તેઓ એકાદ વર્ષમાં બેહસ્ત નશીન થવાથી તેનાં મીથા ફલ ચાખવા પામ્યા નહતા.

પુર્વણી (ક)

સર જમશેદજી અને કકરીઆ કુટુંબ.

સર જમશેદજી જીજીભાઇ (પાંચમાં બેરોનેટ) નવસારી ખાતે પધાર્યા ત્યારે તેમને કકરીયા કુટુંબ તરફથી આપવામાં આવેલું માનપત્ર તથા તેમનો તે બાએ નો દીલસોજ જવાબ સ-તાવાર જાળવી રાખવા અત્રે ઉતારવાની જરૂર વીચારૂં છું.

માનપત્ર.

" કરકરયા કુટુંબના વડા એરવદ જમશેદજી કાવસજી કરકરયાએ નામદાર સર જમશેદજી જીજીભાઇને એનાયત કરવાનું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું, જે નીચે મુજબ હતું:-

ગુજારે આલીશાન. એદમાને વાલીશાન, શાદત નીશાન. નામદાર શેઠજી સાહેબ ઓનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ સાહેબની આલી જનાબમાં !

નેક નામવર સાહેબ,

હમો આપ નામદારના પંથકોઓ, તે મરહુમ મેહેરજી ચાંદનાના વારસો, કકલીઆ સાથના હમો સરવ હમકારો. આપની આ ભુમી ઉપર થયલી પધરામણીથી હમારી બેહદ ખુશાલી જાહેર કરવાની રજા લઇએ છીયેજી.

આપના પુજ્ય વડીલ, સખાવતનાશાહ. સર જમશેદજી જીજીભાઈ પહેલા બેરોનેટ સાહેબે આજથી ૬૨ વરસ ઉપર ઇ૦ સ૦ ૧૮૫૩ માં મલેશર ખાતે પાક આદરાંન સાહેબનો કેબલો પરથાવી હમારાં કુટુંબને તેજ સાલમાં અભય પટો આપયો છે, તે દીવસથી હમો આપના બખતાવર કુટુંબના ભારે હેશાંનમાં આવેલા છીયે. અને હમારા વડીલોથી હમે માનતા આવયા છીયે કે હમારાં બદન ઉપર જે રૂવાં છે, તેપણ નેકબખત સર સાહેબના પ્રતાપથીજ છે. હમારી આ જની સારી સર્થીતી આપ નામદારના નામચીન ખાનદાનનેજ આભારી છેજી.

છેક પાંસેઠ વરસે અને છેક પાંચમી પેઢીએ અમારા મુરબીના બખતાવર દીદાર જોઇને અમારો હરશ અમારાં અંતઃકરણમાં માયો સમાયો રહેતો નથીજી. નવસારી નગરીમાં આપ નામદારના રોશન તાલેના વડીલ સાહેબોએ ઘણાં ઘણાં

ધરમી કામો પારસી અંજુમનના ફાયદા સારૂ કરેલાં આજે પણ તે સાહેબોની સખાવતોની શાક્ષી પુરવાને હઈયાત છેજી. પરંતુ જે વેળા એ મલેશરમાં માત્ર ૪૫૦ ઘરોની હસતી હતી તે વેળાએ તયાંના હમજાતીઓ માટે "જમશેદ બાગ," "સરનાં આદરાંન," "સરની સકુલો," વીગેરે ધરમના મકાનો પુરાં પાડી મલેશરવાસીઓ ઉપર નહી વીશારી દેવાય એવા પરોપકાર જે ખાનદાને કરયાં છે તેની યાદ અમારા જીગરમાં હુંમેશની કોતરાઇ રહેલી છેજી

અત્રેના દોખમાઓ વીશે કરેલી સખાવતનાં બાંધકામો, મોટા ફળીયાની ધર મશાળા, કાલીઆવાડીની ડીસપેનસરી, તથા નવસારી અને કાલીઆવાડીને જોડનારા હજારો રૂપીઆને ખરચે બંધાવેલા પુલો. ઘાંબારોનાં ફંડો, લાચાર બેચારોને આશરો આપવાનાં ફંડો, વીગેરે પુનયનાં કામોંની તખતીઓ અમારાં જીગરમાં હુંમેશની કોતરાઈ રહેલી છેજી. પરંતુ તે સરવે કરતાં વધારે કીમતી. તારીખ ૨૯ મી એપ્રેલ સને ૧૮૫૩ નો જે મેગનાચારટા નેકબખત સર સાહેબે અમો કકલીઆ સાથના તે વખતના વડીલ દસતુરજી બરજોરજી બેરામજી કકલીઆને આપવાની કરૂપા કરી છે, તેનું હેશાન ખાસ કરીને હમો મોબેદ મહેરજી ચાંદ નાના હાલના અને હવે પછી થનારા વારસો. હમારા વડીલોને પગલે ચાલીને, કદી એ ભુલી જઈશું નહીજી. કેમકે છેક આજથી ૨૪૩ વરસ ઉપર સંવત ૧૭૨૮ ના શ્રાવણ વદ ૧૩ ને દીને હમારા મુળ પુરૂશને મલેશરના પંથકોની જે મુખય સનદ આપવામાં આવી, તેમાં પણ આપના ખાનદાનના મુળ પુરૂશ જીવન રામજી સાહેબે હમારી પોસત પનાહી કરી તયારથી, આવો જુનો અને ધાડો હમારો અને આપના ખાનદાનનો સંબંધ જોતાં, આપના દીદારના દરશનથી હમારી લાગણી ઉભરાઈ જાય એ કુદરતી છેજી.

પાક પરવરદેગાર! હમારા તે મુરબીઓના આપ જેવા ચેરાગને હુંમેશાં રોશન રાખે, તાલે આબાદ કરે, અને કુટુંબ કબીલા સાથે તન, મન, ધનના દરેક સુખોથી તે સાહેબ નવાજતો રહે. એવી હમારી ખરાં જીગરની આજની બંદગી છેજી. તે તેની દરઘાહમાં કબુલ રહે! એજ અરજ.

નવસારી સરના આદરીઆન; તા૦ ૧૯ જાનેવારી ૧૯૧૫. રોજ ૭ મો માહ ૫ મો સને ૧૨૮૪ યજદેજરદી.

આ માનપત્ર ચાંદીની એક સુંદર કાસકેટમાં મુકીને તે નામદાર સર જમ

શેઠજી જીજીભાઇને તાલીઓના મોટા અવાજો વચ્ચે એક શયાલ સાથે એનાયત કરવામાં આવ્યું હતું.

(આ માનપત્ર ઉપર કકરીઆ કુટુંબીઓની પચાસેકને શુમારે સહીઓ હતી.)

નામદાર સર જમશેદજીએ આપેલો જવાબ.

નામદાર સર જમશેદજી જીજીભાઇએ આ માનપત્રનો જવાબ વાળયો હતોઃ—

નવસારી કસબાની સર જમશેદજી દરેહમેહેરમાં કામ કરનારા મોબેદ સાહેબો અને કકલીઆ સાથના સરવ હમકાર મોબેદ સાહેબો.

નવસારીની આ પ્રસીધ ભુમી ઉપર મારી આ ટુંકી મુલાકાત દરમીયાન તમો મોબેદ સાહેબોએ મને મમંતાથી જે આવકાર દીધો છે તે માટે હું તમારો ઉપકાર માણું છું અને જે દીલસોજી મારા કુટુંબ તરફ જાહેર કીધી છે તે માટે પણ મારા કુટુંબ તરફથી અને મારા પોતા તરફથી હું તમારો મોટો ઉપ કાર માનું છું.

મારા મરહુમ મુરબી પેહેલા સર જમશેદજીએ આજથી ૬૨ વરસપર નવસારી કસબાના આ ભાગમાં એક દરેમેહેર સથાપી તમો મોબેદ સાહેબોને તમારા બેહેદીન સાહેબોને તયાંનું ક્રિયા કામ કરવાનો સગવડ કરી આપી તે કાજે તમો ભાઇઓ જે ખરાં જીગરથી તમારાં દીલનો હેશાંનમંદ ઉભરા જાહેર કરો છો તે જાણી હું ખુશી છું અને મારૂં કુટુંબ પણ ખુશી થશે. હેશાનનો આવો તમારો સદગુણ તમો મોબેદ સાહેબોને શોભાવંતો છે અને અમોને હરખાવનારો છે. હરખાવનારોજ છે એટલુજ નહીં પણ અમારી કોમ તરફની અમારી ફર જની અમોને શુભ યાદ આપનારો છે.

નવસારી કસબો મારા મરહુમ મુરબીનું વડા વડીલોના વખતથી વતન હતું અને એ વતનમાં આ મલેસર ફળીયો જાણે તે સરવનું પાળણું હતું જયાં પોતાની માય મમાઈઓના સુંદર હાલરડાંના જે ગીતો સાંભળી અને તે ગીતોનાં ગાયણ બાદ તમારા મહોલાઓમાં રમી, મારા વડીલો ઉધરયા હતા. આ સબબે તેવણે આ ફળીઆને પોતાની આ શેહરની સખાવતમાં ખાસ યાદ કરયો હતો. તેવણની તેવી યાદના કામોમાં આ આદરાન છે.

એવણે ૧૮૫૦ ના સાલમાં આ કસબાની મુલાકાત લઇ કેટલાંક કામો આ

રંભવાનો વીચાર કરયો હતો. તે વીચાર પ્રમાણે યજદેજરદી ૧૨૨૨ સને ૧૮૫૩ માં એવણે આ આદરાન, ખોરશેદવાડી મધેની જમનશાળા, દોખમાના કમપાઉંડને લગતી ફરતી દીવાલ અને તયાંની સઘડી એકી વખતે ઉઘાડાં મેલાવયાં હતાં અને તે કાજે પોતાના બેટાઓ શેઠો ખરશેદજી અને રૂસતમજીને ખાસ અત્રે મોકલયા હતા તેવણુ આપણી કોમની કેળવણી માટે ખાસ કાળજી રાખતા હતા અને તે સાથે જેને આપણે ખુદ ધરમના મકાન કહીયે તેમાં આદરાનને અગતના મકાન ગણુતા હતા તે એવા વીચારથી કે એવા મકાનોમાં પવીત્ર આતશ હજુર ઉભા રહી ઘણાકો તે દાદરને યાદ કરી પોતાની હાલતની ચહડતી કરવાને કોશેશ કરે. એક બીજા ગામનું પોતે સથાપેલું આદરાન ખોલ્લું મેલતી વખતે તેવણે આ શબદો પોતાના સાંભળનારાઓને કહયા હતા.

"સેવકની અરજ એ છે કે તમો સરવે સાહેબોને લાજમ છે કે તે નુરી ફરેશતાની ચાકરીમાં હમેશાં હાજર થઇને જે કાંઈ મુતાસેબ છે, તે મુજબ દરરોજ બંદગી કરવી, ને તે કીધાથી તમો ખાતર જમા રાખજો કે તમારી રોજી કુશાદે થશે ને જે કાંઈ મુશકેલ હશે તે ખોદા સાહેબ આસાન કરશે તે સત જાણજો."

બંદગીની ભલી અસર ઉપર મોટો વીશવાસ.

તેવણના શબદો દેખાડે છે કે તેવણુનો તે દાદારની બંદગીની ભલી અસર ઉપર ઘણો મકમ વીશવાસ હતો. ખોદાતાલાએ તેવણુની હાલત ચહડતી કીધી હતી તે તે સાહેબની બંદગીના પ્રતાપ હતા એવું એવણ માનતા હતા. તે સબબે તેવણે પોતાના આ વતનના તેમા મહોલ્લાવાસીઓને બંદગી કાજે એક મકાન પુરૂં પાડવા માટે કાળજી રાખી હતી.

હવે એવું બંદગીનું એક મકાન પુરૂં પાડવું એ એક ચીજ છે, અને એવાં મકાનને તેના સથાપકની મરજી મુજબ કામ કરતું ચાલુ રાખવું એ બીજી ચીજ છે. આવાં જુના અને પથરના મકાનને જીવતું અને જાગતું રાખવા કાજે તેના આતશને રોશન રાખનારા, તેનું રક્ષણ કરનારા અથોરનાનો ઉપર મોટો આધાર છે. એવાં મકાનના ધરમગુરૂઓ જાણે એવા મકાનના જીવ અને જાન સમાન છે. આવા આદરાનોમાં બંદગી અને કીયાકામ માટે આવતા બેહેદીન સાહેબો ગઇ સદીમાં જે પ્રકારના અથોરનાનોથી રાજી થતા હતા તે પ્રકારના અથોરનાનો કરતાં આ ૨૦ મી સદીના બેહેદીનો વધારે ચહડતા પ્રકારની આશા

રાખે અને તે વાજબી રીતે આશા રાખે; માટે હું આશા રાખું છું અને તે સાથે દુઆ ગુજારૂં છું કે તમો સાહેબો જેમ ગઇ સદીમાં આ આદરાનમાં તમારી ફરજો બજાવી તમારા યજમાનોના ચાહુ અને પ્રીત ભોગવતા રહયા હતા તેમ આ નવી સદીની જરૂરીઆતને અનુસરતી કેળવણી અને ખાસ કરી ધારમીક કેળવણી લેતા રહી અને તમારા ચંચળ બેટાઓને આપતા રહી આ ફળીઆના બેહેદીનનું વધારે અને વધારે માન અને પ્રીત ખેંચતા રહો. ખુદા કરે ને એ આદરાન તમો મોબેદોની ભલી કારસાજીથી વધુ આબાદ અને રોશન રહે અને અહીં બળતા આતશની રોશની સાથે તમારી અને તમારી આવતી ઓલાદના ધારમીક જ્ઞાનની અને પવીત્રાઇ અને પરહેજગારીની રોશની આ મલેસર ફળીઆને ખુશી અને સુખી રાખે.

છેવટે એક વખત ફરીથી હું તમો મોબેક સાહેબોની મારા તરફના અને મારાં કુટુંબ તરફની ભલી ફીદાગીરી અને હેશાનમંદ લાગણી માટે તમો સરવનો ઉપકાર માનું છું. (તાલીઓ)

આ મેળાવડા પ્રશંગે પારસી બાનુઓએ પોતાના મધુર હલકથી નામદાર સર જમશેદજી જીજીભાઇને આવકાર આપનારાં ગાયનો ગાઈ સંભળાવયાં હતાં, જે બાદ ફુલતોરાના હાર લઇ મેળાવડો વીસરજન થયો હતો.

સર જમશેદજી જીયારે દરેહમહેરમાં પધારયા હતા, તયારે શરૂઆતમાં બાઇ ગુલબાઇ મેરવાનજી કકરયાએ પારસી રેવાજ મુંજબ સર જમશેદજીને આછુંમીછું કરીને ભલી દુવાઓ દીધી હતી.

(જામે જમશેદ તા૦ ૧૮ મી જાનેવારી ૧૯૧૫)

પુર્વણી (ખ)

મરહુમ મેહરજી ચાદણાની આ ચોપડીમાં પુર્વે લખાયલી હકીકતમાં પાછળથી મલેલી વધુ વીગતો ઉપરથી જણાય છે કે એમનાં વંશજો માના સંવત ૧૭૪૨ (ઇ. ૧૬૮૬) વાલા યાદગાર ઝઘડા પછી મરહુમ મીનોચેહર હોમજીને આગલ જણાવ્યા પ્રમાણે છ ઇસમો જઇ મલ્યા હતા તેઓ ૪૬ વર્ષ સુધી ભગર સાથથી સવતંત્ર રહયા હતા. પણ પાછલથી સંવત ૧૭૮૮ (ઈ. ૧૭૩૨) માં ભગર અંજુમનમાં સામેલ થવા વીશેનો એક લેખીત દસ્તાવેજ નવસારીની

વડી દરેમેહરમાં સર્વ મોબેદો સાથે બેસી કર્યો હતો જેમા નીચલી શહીયો જોવામાં આવે છે. *

૧ "મેહરનોશજી મીનોચેહર હોમજી
૨ બેહમનજી દારાબજી મીનોચેહર હોમજી
૩ ભીખાજી દારાબજી મીનોચેહર હોમજી
૪ જામાસ્પજી મેહરનોશજી તથા
૫ ખુરશેદજી મેહરનોશજી મીનોચેહર હોમજી
૬ બરજોરજી માણેકજી બેહમનજી (કકરીયા)
૭ જમશેદજી કેરશાસપજી તથા
૮ જીવણજી કેરશાસપજી બેહમનજી (કકરીયા)
૯ શેહરયારજી કુકાજી મેહરજી (કકરીયા)
૧૦ નવરોજી નોશેરવાનજી તથા
૧૧ શાપુરજી નોશેરવાંનજી મેહરજી (કકરીયા)
૧૨ જામાસપજી પાહલનજી નોશેરવાંનજી(કકરીયા)
૧૩ કાવશજી પાહલનજી નોશેરવાંનજી (કકરીયા)
૧૪ માણેકજી દારાબજી ચાનજી (દાદાચાનજી)
૧૫ રતનજી દારાબજી ચાનજી (દાદાચાનજી)
૧૬ હીરાજી દારાબજી ચાનજી (દાદાચાનજી)
૧૭ બેહરામજી દારાબજી ચાનજી (દાદાચાનજી)
૧૮ જમશેદજી દારાબજી ચાનજી (દાદાચાનજી)'
૧૯ બરજોરજી આશાજી દારાબજી (દાદાચાનજી)
૨૦ પેશીજી આશાજી દારાબજી (દાદાચાનજી)
૨૧ માણેકજી પેસતકજી શેરાબજી (રબાડી)
૨૨ ફરામજી પેસતનજી સોરાબજી (રબાડી)
૨૩ રૂસતમજી હોમજી પેસતનજી સોરાબજી રાણજી
૨૪ નવરોજી પેસતનજી અદરવાંનજી
૨૫ માણેકજી અદરવાંનજી ભાઇજી
૨૬ ફરામજી માણેકજી નરીમાનજી
૨૭ કાસશજી માણેકજી નરીમાનજી

વગેરે સમસત સાથ મનોચેહેર હોમજી વગેરે સમસત."

ઉપલા શહી કરનારાઓના નામો ઉપરથી હાલમાં એવી વીગત પ્રગત થાય છે કે મરહુમ મીનોચેહર હોમજીની સાથ તરીકે જણાયલાં હાલના કુટુંબો ઉપરાંત અદરવાંન, રાણજી અને નરીમાન, નાં ત્રન વધું વંશોનુ જોડાણ સંવત ૧૭૪૨-૧૭૮૮ સુધી હોવું જોયે અને-આ-છેલ્લું વંશ તે મરહુમ મેહરજી ચાદણાના ભાઇ શાપુર ચાદણાનુ છે કે જેમાં શાસતરીઓનોપણ સમાવેશ થાય છે.

મરહુમ મીનોચેહર હોમજીના ટોલા વીશેનો બંદોબસ્ત સંવત ૧૭૯૦ (ઈ૦ ૧૭૩૪)માં ગાયકવાડીમાં હીંદુ લવાડોએ ભગરીયાઓ અને બેહદીનો વચ્ચે કર્યો ત્યારથી મજકુર ત્રણે કુટુંબો ભગર સાથ અંજુમનમાં જોડાયા જયારે મીનોચહેર હોમજીનાં હાલનાં મલત્યા સાથના કુટુંબો પાછાં ભગરીયાઓથી છુટા પડી સવતંત્ર બન્યા અને નારાજ થયલા પોતાના યજમાંનોને રાજી કીધા.

---

*પા૦ પ્ર૦ પા૦ ૨૮ મું એમાં છેલ્લા પાંચ સહી કરનારાઓનાં નામ જોવામા આવતા નથી.

પુર્વણી (ગ)

એ૦ મેહરવાંન એ૦ સોહરાબ (જુવો પા૦ ૭૧)

(† સં૦ ૧૯૭૨)

"એઓનુ મરણુ ભર જુવાનીમાં ૨૦ વર્ષની ઉમરે નીપજ્યુ હતું. મરહુમ નવસારીની સર કાવશજી જાહુંગીર મધરેસામાં મેત્રીકયુલેસન કલાસમા એક ચંચલ વીદયાર્થી હોવા સાથ એ સ્કુલને લગતી ક્રિકેટના એક ઓલરાઊન્ડ રમનારા તરીકે પ્રખ્યાત હતા; તથા નવસારી ધી પારસી ક્રિકેટ કલબના કેપ્ટન હતા. એ ઉપરાંત મરહુમ નવસારીની બઝમેજશને રોઝે ખોરશેદના એક મેમબર હોવા સાથ સક્રેટરી તરીકે કામ કર્તા હતા. એ બઝમની એક સભા ઇ૦ સ૦ ૧૯૧૬ મા ભગર સાથના વડા દસ્તુરજી કેકોબાદ દારાબજીના પ્રમુખપણા હેથલ મલી હતી ત્યાં એ મરહુમનાં અકાલ મરણથી નવસારીને એક ચંચલ વીદયાર્થી ગુમાવવા માટે દલગીરીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. મરહુમ પોતાના વીદયાર્થી મંડલમા "મેસજી"ના લાડકવાયાં નામથી ઓળખાતા હતા એ નામ મરહુમના ઈનીસ્યલસ નામ એમ. એસ. ઉપરથી પડયુ હતું."

(નવસારી પત્રીકા તા૦ ૩૦ જાનેવારી ૧૯૧૬.)

એઓ મરહુમના બાવાના કાકા શેઠ પેસતનજી નવરોજી કકરીયા (પા૦ ૭૧) કુટુંબમાંથી પેહલવેહલા હીંદમાથી એદન ખાતે જઇ આજથી આસરે ૩૫ વર્ષ થયાં શેઠ પાલનજી દીનશાજીની કુા૦ મા રહેલા છે.

પુર્વણી (ઘ)

એ૦ જમશેદ એ૦ હોરમજ (જુવો પા૦ ૫૩)

(+ સં૦ ૧૯૩૪)

એઓ મરહુમ પોતાની જીંદગી સુધી મુંબઈમા વસયા હતા. એમના બાવાજીના મરણ વખતે નાની ઉમરના હોવા છતાં પોતાનુ બાપીકુ પથકપણુ ચલાવતા હોવાથી એમના બંધુઓમાં તેમજ બેહદીનોમાં લાડ અને પ્યારથી છોટેલાલ (છોટા—નાહના)ના નામથી ઓલખાતા હતા. મરહુમે પોતાની જાતી મેહનત અને ચંચલાઈથી એક સારી પુંજી જમા કરી હતી જેથી પરીણામે મુંબઈની પડોસમાં

આવેલાં ગોરેગામમાં આશરે ૧૨ વીંઘા જગ્યાની એક વારી તેમજ મુંબઇ બા હારકોટ ખાતે એક ઘર ખરીદયુ હતું, જેમા હાલે એ મરહુમનુ કુટુંબ વસે છે. એઓએ દોઢસોથી બસો બાંકો તે તરફના જરથોસ્તીઓમા સર અવસરે વાપરવા સારૂ બનવાવ્યા હતા અને તેની દરૂસ્તી માટે નજીવા પઇસા તેઓ પાસથી લેતા હતા તેમજ ભાઇબંધ હીંદુ કોમોમા પણ ભાડેથી આપતા હતા અને હાલમા પણ તેમાના થોડાક બાંકોનો વહીવત એ મરહુમના ધણીયાની બાઈ સુનાબાઇ તેજ પ્રમાણે કરે છે.

જયારે મુંબઇ ખાતે ૧૮૬૦ મા નસેસાલારોનું ફંડ પારસી પંચાયત તરફથી સથાપવામાં આવ્યું ત્યારે તેની કમીટી તરફથી તેઓ ઉપર દેખરેખ રાખનાર તથા તેઓને તેને લગતાં ભણતરનુ શીક્ષણ આપનાર મોબેદ તરીકે મરહુમને નેમવામા આવ્યા હતા તે કાંમ એઓએ ઘણી સંતોષકારક રીતે પોતાનાં મરણ સુધી ચલાવ્યું હતુ. એઓ મરહુમના મરણ પછી એમના બેટા એ૦ ખુરશેદજીએ મજકુર પંચાતને લગતુ કામ થોડોક વખત સુધી કર્યું હતુ અને ત્યાર પછી એ મરહુમના પીત્રાઇ એ૦ નોશેરવાનજી નવરોજી કકરીયા + સં૦ ૧૯૫૯ (ઉર્ફે નવાબ) એ પોતાના મરણ સુધી તે કામ કર્યું હતુ.

મરહુમના મજકુર બેટા એ૦ ખુરશેદજીએ શરૂઆતમાં મુબઇ ખાતે દસ્તુર જમશેદજી સોરાબજી કુકાદારૂ (૧૮૩૦-૧૯૦૦)થી મોબેદીનું શીક્ષણ લઇ મોબેદી કરી હતી પણ આસરે ૩૫ વર્ષ થયા ગાયકવાડીમા પોલીસ ખાતામાં જોડાયલા છે. વડોદરા-નવસારી-સુંગડ-વીગેરે ઠેકાણે પોલીસના એક અમલદાર તરીકે નામના મેલવી હાલમા એઓ વીયારા વીભાગમા ફોજદારના ઓધ્ધાઉપર છે. કકરીયા કુટુંબમા આ બનાવ પેહલોજ છે.

પુર્વણી (ચ)

કકરીયા કુટુંબીઓનું ફંડ.

આ ફંડ રોજ ૧૫ માહ ૫ સને ૧૨૫૨ ય૦ જ૦ ને દીને નવસારી ખાતે સ્થાપવામાં આવ્યુ હતું. એ ફંડની ઉત્પંતીનું કારણ આ હતુ કે કકરીયા કુટુંબનાં એક મહુમ એ૦ કાવશજી જમશેદજી કકરીયા રોજ ૧૩ માહ ૫ સને ૧૨૫૨ ય૦ જ૦ ને દીને બેહસ્તનશીન થવાથી તેમની પાયદસ્ત, તથા ઉઠમનામા બીજ લસીઓની બેઠક માટે જોઇતા બાંક તથા સતરનજીઓ મેલવવામાં કુટુંબીઓને

અડચન જણાઇ હતી, કારણ કે મોટા ફળીયાના જરથોસ્તીઓને સર અવસરે વપડાતા બાંકો વીગેરે ત્યાના કોઇ બીજા ગ્રહસ્થને ત્યાં આગમજથી ગયેલા હોવાથી મલેસરના જરથોસ્તીઓને લગતા બાંકો, સતરનજી વીગેરે મંગાવવા પડયા હતા. એવીજ અડચનો આગલ પણ પડેલી હોવાથી કકરીયા કુટુંબી ઓએ પોતાની યોગ્ય હાજતોને પુગી વલવા માટે ઉપલુ ફંડ સ્થાપવાની જરૂર જોઇ હતી.

શરૂઆતમા આ ફંડ રૂ. ૨૭૫ ને આસરે થઈ હાલમાં તે ૨૨૦૦ થી વધુનુ થયુ છે કુટુંબીઓના વપરાસ માટે આ ફંડ ખાતેથી પેહલાં સતરનજીઓ ખરીદ વામાં આવી હતી તે પછી એમ૦ નસરવાનજી એદલજી કકરીયાએ ૧૦ બાંકની ભેટ કરી હતી તથા આજથી આશરે ૧૫–૧૭ વર્ષ ઉપર એમ૦ તેમુલજી રૂસતમજી કકરીયાએ ૧૨ ખુરસી તથા ૨ આફરંગાન્યા તથા ૮ ખુમચા તથા કુલીયાં ચમચ ચીપીયા વાગેરેના જરમન સીલવરના વાસનો વિગેરે મુકાવ્યા હતાં.

હાલમા એ ફંડને લગતાં નાણાનો ઉપ્યોગ બાજ તથા જશનો કરવા ઉપ રાંત કકરીયા કુટુંબને લગતાં ઉપ્યોગી કામો માટે વપડાય છે. એ ફંડનુ નાંમ કકરીયા કુટુંબનુ "બાજ જશનનુ" ફંડ એવુ રાખ્યુ છે.

આ ઊપરાંત દર વર્ષે નવસારી ખાતે કકરીયા સાથનો એક **ગાહમબાર** દે મહીનામા ખાના સાથે કરવામાં આવતો હતો જેનો ચોકસ નીમેલી ફી લેતાં જે ખોત આવતી તે ગાહમબારના મેનેજરો ઉમેરતા હતા. પણ રોજ ૧૦ માહ ૧૧ સને ૧૨૮૩ ને દીને મરહુમ બાઈ વીલરબાઈ પાલનજી તલાટી બેહસ્તનશીન થયાં તેમનાં પુન્ય માટે રૂ. ૭૦૦ ની રકમ ઊઠેમનામા એ મરહુમના ખેશીઓએ ઉપલા ગાહમબારમાં વાપરવા માટે ભરી એક કાયમનું ફંડ સ્થાપવાની જોગવાઈ કરી આપવાથી નામદાર સર જમશેદજી જીજીભાઇ પેહલા બેરોનેટ સાહેબની દરેમે હરમાં, રોજ ૨૦ માહ ૧૨ સને ૧૨૮૩ ને દીને કકરીયા કુટુંબીઓની એક સભા મલી આ ગાહમબાર સાહેબની ક્રિયા અને ખાનું હમેશાં ચાલુ રહે એવા હેતુથી એક કાયમનુ ફંડ સ્થાપવાનો ઠરાવ કર્યો હતો. અને આ ફંડનુ નામ "મરહુમ મીનો ચેહર હોમજીને મલત્યા સાથનુ ગાહમબાર ફંડ" એવુ રાખ્યુ હતુ. હાલમા આ ફંડ ખાતે રૂ૦ ૩૧૦૦) ની સાડા ત્રન તકાની લોન તથા રૂ. ૫૦૦)નો ચાર તકાનો પોર ત્રસ્ત બોન્દ મલી રૂા. ૩૬૦૦) ટ્રસ્ટીઓના સ્વાધીનમાં છે.

પુર્વણી (૭)

કકરીયા કુટુંબીઓની સંખ્યા.

કકરીયા કુટુંબના મુળ સ્થાપક, મરહુમ મેહેરજી ચાંદણાના હાલનાં વંશજોમાં મરદો, તથા ઓરતો અને બચ્ચાંઓ મલી કુલ્લે સંખ્યા આસરે ૩૭૫ થી વધુ જણાઈ છે. તે પૈકિ નવસારી ખાતે આસરે ૪૦ કુટુંબો પોતાની માલેકીના ઘરો મધે રહે છે તેની કુલ્લે સંખ્યા ૨૫૬ ની તથા મુંબઈ ખાતે આસરે ૨૨ કુટુંબો ઘર ભાડી વસવાત કરનારાઓની કુલ્લે સંખ્યા ૧૧૬ ની છે, એ સીવાય હીંદુસ્થાનના બીજા શેહરોમા ત્રણ ચાર ગ્રહસ્થો તથા ઈરાનના બંદર આબાસ ખાતે પણ એક કુટુંબ વસે છે.

ઉપલી કુલ્લે સંખ્યા પોણીચારસોમાંથી મોબેદી કરનારા સાહેબોની કુલ્લે સંખ્યા આસરે ૭૨ ની છે, જેમા નવસારી ખાતે આસરે ૫૦ તથા મુબઇ ખાતે અને બીજા શેહરોમાં મોબેદી કરનારા સર્વ મલી આસરે ૨૨ ની છે.

મરહુમ મીનોચેહર હોમજીના મલત્યા સાથના બીજા મોબેદો (કકરીયા સાથ સીવાય)ની સંખ્યા કુલ્લે આસરે ૬૫ ની છે; ત્યારે આ ઊપરથી માલુમ પડે છે કે કકરીયા કુટુંબના મોબેદી કરનારાઓની સંખ્યા બીજી ચાર સાથ (મીનોચેહર હોમજી, દાદાચાંદજી, રબાડી અને ભંડારી) ના મોબેદો કરતાં પણ વધુ છે.

આ પુસ્તકમાં આવેલી અગત્યની વર્ષને અનુક્રમે નોંધ.

ઇસવી.	સંવત.	
૧૧૮૨	૧૨૩૮	એ૦ જરથોસ્ત મોબેદનું નવસારીમાં પહેલવેહલું પધારવું. પા૦ ૨૩.
૧૫૨૭ તથા ૧૫૩૫	૧૫૮૩ તથા ૧૫૯૧	ઇરાની દસ્તુરોએ બેહદીન કામા આશા મારફતે મોકલેલા ધાર્મિક ક્રિયાઓ બાબેના કાગળ (રેવાયત) માં શરૂઆતમા મેહરજી ચાંદણાના બપાવાના બાવા એ૦ ચાંદના પાહલનનુ નામ ત્રીજુ જોવામાં આવે છે. પા૦ ૬.
૧૫૩૭	૧૫૯૩	મજકુર એ૦ ચાંદના પાહલનનું મરણ. પા૦ ૨૪.
૧૫૬૬	૧૬૨૨	નવસારીમાં ધાર્મિક ક્રિયાઓ બરાબર કરવા બાબેના એક લેખપર મેહરજી ચાંદણાના બપાવા બેહમન બીજી સહી કરે છે. પા૦ ૫.
૧૫૮૦	૧૬૩૬	દસ્તુર મેહરજી રાણાને નવસારીના મોબેદોએ વડા ઠેરવ્યા તે લેખપર મેહેરજી ચાંદણાના બપાવા બેહમન પેહલી સહી કરે છે. પા૦ ૬.

૧૬૨૮ ૧૮૮૪ મેહરજીના બાવા એ૦ ચાંદના બેહમનનું મરણ. પા૦ ૧.

૧૬૪૧ ૧૬૯૭ દસ્તુર મેહરજી રાણાના નબીરા મેહરનોશ બાબેની ખતપતમાં મેહરજી ચાંદણા પેહલા લવાડ ઠરયા. પા૦ ૨૦.

૧૬૬૦– ૧૭૧૬– મેહરજી ચાંદણાના બેટાઓ તથા નબીરાઓ અને ભત્રીજા નાવર થયા.
૧૬૮૨ ૧૭૩૮ પા૦ ૨.

૧૬૬૫ ૧૭૨૧ મેહરજી ચાંદણાના વડા બેટા બેહમનનું મરણ. પા૦ ૩.

૧૬૭૨ ૧૭૨૮ મેહરજી ચાંદણાને મલેસરના બેહદીન સાહેબોએ લેખ કરી આપ્યો પા૦ ૧૧ તથા મેહરજીએ બેહદીન સાહેબોને લખી આપ્યો. પા૦ ૧૩.

૧૬૭૮– ૧૭૩૪– મેહરજી ચાંદણાના નબીરા માણેક બેહમને નવસારીની વડી દરેમેહેરમાં
૧૬૮૪ ૧૭૪૦ નાવર પઢાવ્યા. પા૦ ૩.

૧૬૮૧ ૧૭૩૭ એ૦ મેહરજી ચાંદનાનુ મરણ. પા૦ ૧.

૧૬૮૬ ૧૭૪૨ એ૦ મીનોચેહર હોમજી.—ભગર સાથથી સવતંત્ર થયા અને નવસારીના મોબેદો વચ્ચે બે પક્ષ થયા. પા૦ ૧.

૧૭૩૨ ૧૭૮૮ મીનોચેહર હોમજીની સાથના મોબેદોએ ભગર સાથમા જોડાવા વિષેના લેખ ઉપર શહી કરી. પા૦ ૮૫.

૧૭૩૩ ૧૭૮૯ મેહરજી ચાંદણાના વારસોએ મલેસરના પંથક બાબે બંદોબસ્તનો લેખ કર્યો પા૦ ૧૪.

૧૭૩૪ ૧૭૯૦ મીનોચેહર હોમજીનો પક્ષ ભગર સાથથી બીજીવાર સવતંત્ર થયો. પા૦ ૮૬.

૧૭૪૦ ૧૭૯૬ કકરીયાવારીની જગ્યા મેહરજી ચાંદણાના વારસોએ છોડી દીધી. પા૦ ૭.

૧૮૩૦ ૧૮૮૬ સંવત ૧૭૯૦ ના લવાદ કોર્ટના ચુકાદા મુજબ મીનોચેહર હોમજીની સાથવાલાઓ પોતાના પંથકનું નાણું તથા સયાવ રાસમાં આપતા હતા તે બંધ કીધું. પા૦ ૯.

૧૮૩૪ ૧૮૯૦ દાદાભાઇ કકરીયાએ પેહલવેહલું ફરવરશીનું (જંદ અક્ષરોનું) પુસ્તક પ્રગટ કર્યું. ય૦ ૧૨૦૩ પા૦ ૩૦.

૧૮૪૧ ૧૮૯૭ ભગર સાથ તરફથી દેસાઇઓએ મીનોચેહર હોમજીની સાથવાલાઓ ઉપર સયાવ બાબદ સુરત ખાતે માંડેલી ફરયાદ બાબેનો ફેસલો થયો. પા૦ ૯.

૧૮૫૦ ૧૯૦૬ સર જમશેદજીએ નવસારી ખાતે બરજોરદારૂ કકરીયા સાથે મુલાકાત કરી. પા૦ ૬૫.

૧૯૫૩ ૧૯૦૯ દાદાભાઇ કકરીયાનું મરણ, તા૦ ૪ થી જાનેવારી. પા૦ ૩૨.

૧૯૫૩ ૧૯૦૯ સર જમશેદજીએ નવસારી ખાતે આદરાંન પરથાવ્યા તેની સર્વ ક્રિયા બરજોરદારૂ કકરીયાની દેખરેખ હેઠલ કરાવવા બાબેનો તેઓ સાહેબનો કાગળ તા૦ ૨૩ ફેબરવારી. પા૦ ૬૬.

૧૯૫[illegible] ૧૯૦૯ બરજોરદારૂ કકરીયા ઉપર દસ્તુરજી કૈકોબાદજી મેહરજી રાણાએ લખેલાં કાગળ બે, તા૦ ૨ જી માર્ચ તથા તા૦ ૧૮ મી માર્ચના. પા૦ ૬૭–૬૮.

૧૯૫૪ ૧૯૧૦ બરજોરદારૂ કકરીયાનું મરણ. પા૦ ૬૧.

૧૯૮૩ ૧૯૩૯ કકરીયા કુટુંબીઓએ પોતા માટે એક ફંડ સ્થાપ્યું. પા૦ ૮૮.

૧૯૯૨ ૧૯૪૮ મી૦ રૂસતમજી પેસતનજી કરકરીયાએ ઈંગલંડના નામીચા લેખક કારલાઇલના ૧૮૩૮ મા આપેલા અસલ લેકચરો શોધી કાઢી કીમતી નોટસો સાથે પેહલી વાર એક પુસ્તકમાં પ્રગટ કર્યા. પા૦ ૪૨.

૧૯૯૬ ૧૯૫૨ મી૦ રૂસતમજી પેસતનજી કરકરીયાએ મુંબઇમાં કોલેજીએટ ઇનસ્ટીટયુટની સ્થાપના કરી. પા૦ ૪૪.

૧૯૯૮ ૧૯૫૪ મી૦ રૂસતમજી પેસતનજી કરકરીયા ઇંગલંડની બાદસાહી તવારીખનવેશોની મંડલીના સભાસદ ચુંટી કહડાયા. પા૦ ૪૨.

૧૯૧૨ ૧૯૬૮ મી૦ દીનશા એદલજી કકરીયાએ મુંબઇમાં માણેક મીર્ટીંગ પ્રેસ ચાલુ કર્યું. પા૦ ૫૬.

૧૯૧૨ ૧૯૬૮ પુણા ખાતે કકરીયા કુટુંબીઓએ પેહલવેહલી વરશીયાજી અને નીરંગદીનની ક્રિયા કરી. પા૦ ૪૯.

૧૯૧૪ ૧૯૭૧ કકરીયાઓએ ગાહમબાર ફંદ સ્થાપ્યું. પા૦ ૮૯.

૧૯૧૫ ૧૯૭૧ સર જમશેદજી પાંચમા બેરોનેટ સાહેબને કકરીયા કુટુંબીઓ તરફથી માનપત્ર એનાયત કર્યું. પા૦ ૮૧.

૧૯૧૫ ૧૯૭૧ યુરોપની મોટી લડાઇમાં વોલ્યનતર તરીકે બ્રીટીસ લશકરમાં મી૦ નરીમાન મેહરવાનજી કકરીયા જોડાયા. પા૦ ૭૭.

સમાપ્ત.

કરકરીયા કુટુંબની હકીકતનો વધારો.

પાછળથી મલેલો એક પુરાણો પત્ર. *

૧ પરથમ રબાડીવાલાઓએ હીદોલા મલેશરમાં દીગી મોલામાં માંડેઆ હતા. શા૦ ૧૮૨૫ નાં માહાસુદમાં માંડેઆ હતા તે માશ પાંચ લગે કાંમ રબાડીવાલાઓએ કીધું પછે મોટી ભગરની અગીઆરીવાલા દશતુર તા૦ મોબેદોને ખબર થાઇ તેથી તે લોકો દેશાઇ શ્રી મનોચેરજી ખુરશેદજી પાશે જાઇને કહીઉ જે શાહેબ અગીઆરી ૧ મોટી ભગરની હતી તેમાંથી શા૦ ૧૭૪૨ માં બીજી અગીઆરી બેહેદીન શાહેબોએ મનોચેરજી હોમજીને કરી આપી તે વખતે અંધારૂ બેહેદીન લોકોને બોલતા લડાઇમાં માંનીશ શાત મારેઆં ગીઆં તેવારે બીજી અગીઆરી થાઇ તે અંધારૂ બેહેદીન શાહેબોની સાથે આંમન શાંમન લખીઆં થીઆં, શા૦ ૧૭૯૦ માં તે વરી એ રબાડીનાં અંધારૂ મલેશરમાં અગીઆરી કરી બેહાય ને અંજુમંન શાહેબો તમો તેહોને કાંઇ પુછતા નથી તે વારે દેશાઇ શ્રી મનોચેરજીએ સાંભલીને અંજુમનનાં લોકોને જવાબ દીધો જે દંન દશ તમો શબર કરો દેશાઇ શ્રી ખુરશેદજી તેહેમુરજી વડોદરે ગેલા છે તેહોનો જવાબ મંગાવીને તમોને કેશુ તેવારે વડોદરે જવાબ લખો તાંહાંથી જવાબ આબો જે એ હીદોલાને અંધારૂને માંથે ચડાવીને ફેરવો ને અંજુમનની ગુનેગારી રૂ૦ ૧૦૦) તે અંધારૂ પાશેથી લેઓ તેવારે દેશાઇશ્રી મનોચેરજીએ અંધારૂ નવરોજજી શેહેરીઆરજી પાવડીનાને તેડાવીને હોકંમ આપો જે શીપાઇ ચેઆર લેઓ. તે વારે શીપાઇ ચેઆર નાં નાંમ એકતો પાલણજી ગોધો તા૦ બીજો બહમંનજી ગદ્રેખાંન તા૦ તરીજો જીવણ ભંગર તા૦ ચોથો ખુરશેદ કોરારી એજણ ચેઆરને લઇને નવરોજી પાવડી રાત ઘડી ૪ ચેઆર હતી તેવારે મલેશરની અગીઆરીમાં ગીઆં તાંહાં અંધારૂ જંમશેદજી પાલણજી રબાડી તા૦ આ૦ બમંનજી પાલનજી રબાડી એ બેહુ ભાઇઓ વંદીદાદ બેઠેલા ઉઠાડીને આ૦ બહમનજીનાં માંથાંપર પેલો હીદોલો ચડાવો તા૦ આ૦ જમશેદજીનાં માંથાંપર પેલાં અશતાંમાંની કુડી તા૦ વંદીદાદનો પોથો ચડાવીને ઉભે બજારે મોટે ફલીએ દેશાઇજીને તાંહાં લાવાને અજુમંનની ગુનેગારીનાં રૂ. ૧૦૦) તેહેનાંને પાશેથી લેઇને મેલી દીધા છે.

૨ બીજી કલમ એ જે શવંત ૧૮૪૬ નાં શાલમાં રોજ૧૩ માહા ૫ આ૦ મનોચેરજી હોમજી વાલી અગીઆરી નેકનાંમ બેહેદીન શાહેબ શ્રી ફરાંમજી માણેકજી વાડીઆજીએ બંધાવી તેનુ ઇજવાનુ કાંમ તે દંન મંડાવુ તે વંદીદાદ ૧ તા૦ ઇજશણે ૧ દરરોજ તેતરીશે ફરેશતાની નઇઅતે અંજુમનને નામે કાંમ કરાવુ તેનાં એ આતશ દાદગાંહાં રાખા હતા તેથી દેશાઇ મીનોચેરજી ખુરશેદજી તો તે શાલમાં બચાં છોકરાંને લઇને શુરત નાહાસી ગીઆ હતાં તેથી હાંઆંહાંણા રેહેનારાવોએ ખબર લખી જે મનોચેરજી હોમજીની અગીઆરીમાં આતશ દાદગાંહાં જારી

આ દસ્તાવેજ અમારા કુટુંબ સંબંધી આગલી હકીકતોનો ખ્યાલ આપતો હોવાથી અને એ બાહેર પડેલો જોવાને ઘણાક મારા કુટુંબીઓની ખાહેશ થવાથી અત્રે રજુ કર્યો છે પણ તેના લખાનમાં ચોકસ ઠેકાણે માત્ર અક્ષરોમાં સુધારો કર્યા સીવાય તેની અસલ ભાષામાં ફેરફાર કર્યો નથી, અને અમારી તરફથી ઉમેરેલા શબ્દો વલાયામાં મુકયાં છે.

રાખા છે એવુ લખીઉ તારે તાંહાંથી જવાબ ' આવો જે તે આતશબાજારી રાખવા નહી જોઇએ તે વારે આ૦ મેહેરનોશજી માંણેક મશાની તા૦ આ૦ મનોચેહરજી તાતા તે દેશાઇજીનાં ખેદમતગાર હતા તે રોજ ૫ માહ ૬ આવીને કેહેવા લાગા જે એ આતશ શાને શારૂ રાખા છે તેહેવારે તાંહાં આ૦ શુખાજી દારાબજી (મીનોચેહર હોમજી) તા૦ આ૦ બરજોર બેહેરાંમજી (બરજોરદારૂ કકરીયા) તા૦ આ૦ જંમશેદજી ખુરશેદજી (મીનોચેહર હોમજી) તા૦ આ૦ ભીખાજી રૂશતંમજી (મીનોચેહર હોમજી.) હતા તેહોને જવાબ દીધો જે એ આતશ એટલા વાશતે રાખા છે જે રાતનાં વંદીદાદનું કાંમ ચાલે છે ને દીશનાં શવારે ઇજીશનેનુ કાંમ ચાલે છે તેવાર પછે બાજધરવી તેવાર પછે આફ્રરં-ગાંન ફ્રરેશતાની નઇઅતે કરવુ તેથી રાખા છે જે કાંહા લાવીએ ને કાંહાં મેલવીએ તે વારે આ૦ મેહેરનોશજી મશાની તા૦ આ૦ મનોચેરજી તાતાએ જવાબ દીધો જે તમો એ આતશ દાદગાંહાં ને મેલવો જેવારે તમોને જોઇએ તેવારે વરી લાવજો તેવારે જવાબ દીધો જે હમોતો મેલવવાના નહી તેવારે આ૦ મનોશજી એ હોકંમ કીધો જે લેઓ એ આતશ મેલવો તેવારે આ૦ મનોચેરજી તાતાએ તે આતશનુ પાતરૂ ઉઠાવી લઇને મેલવીને ખાલી પાતરૂ તાંહાં મેલી ગીઆ છે એવો સબબ બનેઓ છે.

૩ તરીજી કલમ એ જે આપણે કાકા પાહાલંણનાં કટંમમાં હતા તાંહાં નાવરમાંહાં તા૦ અગીઆરીમાં વારોદાહડો આપણે હીશેનો ભગરની અગીઆરીમાં ખાતા હતા અને મલેશરનાં નેકનાંમ બેહેદીન શાહેબોને તાંહાં અશલ આપણાં વડીલ લોકોએ તેહોન શાહેબને તાંહાં કાંમ કરતા હતા આજ વરશ આશરે વરશ છઅશોહોથીભી વધારે હશે કેમકે આપને તાંહાં નેકનાંમ બેહેદીન શાહેબોનાં મુઆંનાં દાહાડા લખેલા છે તેનાં શંવતથી માલમ પડે છે તેવાર પછે શંવત ૧૭૪૨ નાં શાલમાં અંધારૂ બેહેદીનને લડાઇ થઇ તેવારે લગણ શારવા ભગરનાં આવતા તે વર એકનાં રૂ. ૨૫ તા૦ ૩૦ તા૦ ૪૦ લગેલેતા તેવારે નેકનાંમ બેહેદીન શાહેબોને રૂપીઆ આપાની જોરત નહી તે વારે તે મોબેદ ભગરનાં તે જે પંણે તે છોકરીની વંણીની શારી દાલમાંહાંથી છોડાવીને લઇ જતા હતા. તેમાંથી લડાઈ થાય તાહારે નેકનાંમ બેહેદીનશાહેબોએ મીનોચેરજી હોમજીને શમજાવા લાગા જે તમો હમારે તાંહાં કાંમ કરો તેવારે મનોચેરજી હોમજીએ કહીઉ જે હમો તોલામાંથી જુદા કેમ થાઇએ હમારે બેટાબેટીનો વેવાર કોની સાથે કરીએ તેવારે નેકનાંમ બેહેદીન શાહેબોએ જવાબ દીધો જે તમો કાંઇ અદેશોનાં કરો હમો તમોને છોકરી હમારી આપશું એવુ કહીને અગીઆરશો આ પાથ્વડા માંહાંથી જુદા પાડેઆન કાંમ શંધુ વેવાના લગણ તા૦ નાતરૂ તા૦ મરણનુ કાંમ ચલાવીઉ તે શંવત ૧૭૮૯ નાં શાલ લગી ચાલીઉ. તેવાર પછે દેશાઇશ્રી ખુરશેદજી તેહમુરજીનો દોર......રાજમાં વધારો થીઓને મોગલ લોકો પાશેથી હકુંમત ગેઈ તેવારે નેકનાંમ બેહેદીન શાહેબોના જોર કંમ થાઓ તેવારે દેશાઇશ્રી ખુરશેદજી તેહમુરજી........શરકારમાં રાવશ્રી ગંગાજી ગાએકવાડની આગલ ફ્રરીઆદ થીઆ તાંહાં ગંગાજીએ હોકંમ કીધુ જે ગામે ગાંમનાં જમેદારોને બોલાવો તેવારે તે આવા તેહોને કહીઉ જે તમો મનશફ્રથાઓને એ બેહુ જણાંનુ રાહાટી આપો તે વારે શંવત ૧૭૯૦ નાં શાલમાં લેખ કીધા છે અંધારૂ બેહેદીન શાહેબોએ તેનો શરંત શાહેબોને રોશન છે ભલા જે કાંઇ નેકનામ બેહેદીન શાહેબો શમજુગ હતાને આગલી પાછલી વાતનાં જાણવાવારા હતા જે એ મનોચેર હોમજીના તરફ્રણના જે મોબેદો છે તે આપણાં હાત ધરી લાવેલાછે અને ભગરવાલા અથારૂનો અશલ... ..લોકોછે કાંએજે (અત્રે વીવેકને ખાતર દસ બાર લીટીઓનું લખાન કાહાડી નાખ્યુ છે) ને ભગરવાલા લોકો બોલે છે જે તમો લોકો નેકનામ બેહદીન સાહેબોની તરફ તમારા વડીલો ગીઆ ને હમારો અગીઆરસોઓ પાથ્વડીનો હક લગાનુનો તા૦ નાતરાંણો હતો તે ભાંજીઓ તમોને દેશાઇજીવાલા લોકો ખગબ કરવા

બેઠા છે એવુ ભગરનાં અંધારૂ લોકો બોલે છે તે હમો નજરે જોઇએ છઇએ કે એક એકને ઘેહેરે જમવા જાતાને તે ભગરવાલા લોકો હમારે તાંહાં આવતા એવો રવઇઓ ચાલતો હતો ને દસતુરશ્રી કાવશજી શોરાબજી તા૦ દશતુરશ્રી ફરાંમજી શોહોરાબજી તા૦ દશતુરશ્રી નોશેરવાનજી શોરાબજીની દશતુરી-માહે એકાએકને તાંહાં જમવા જાતા હતા તે દશતુરશ્રી રૂશતંમજી નોશેરવાનજીએ પોતાનાં વખતમાં આગલી વાત ઇઆદ કીધી જે એ લોકએ નેકનાંમ બેહેદીનશાહેબોને મદત કીધીને આપણાં ભગર અંધારૂ અગીઆરશોઓનો હક ભાંજેઓ વાશતે એલોક શાથે આપણે જમવાનો વેવાર રાખવો નહી એવુ બોલીને કહીઉ જેએ મનોચેરજી હોરમજીની તરફણાં મોબેદો અશતુમ પડે તાંહાં જાવુ નહી અગર જાશો તો તમારાં બરશનુમ મેલાવશ હેવો દાબ મેલીને એવુ કીધુ અને હાલમાં નેકનાંમ શેઠજી શાહેબશ્રી જમશેદજી જીજીભાઇએ બંધી નોશારી ગાંમનાં ધ્રહમબાર રોજ ૨૦ માહા ૧૦ દેએ મહીનાંનાં ધમબાર દશતુરશ્રી કેકોબાદજી રૂશતંમજી એ કીધાં તાંહાં આ૦ મનોચેરજી હોમજીની તરફણાં ચેઆરે પોલનાં મોબેદો જમવા નહી ગીઆ તે બાબતમાં દશતુર કેકોબાદજી એ બોલાવીને એમ નહી કહીઉ જે તમો લોકો શાનેશારૂ જમવા નહી આવેઆ એટલુબી પુછીઉ નહી ભલુ એ લોકોતો આપણાં ગરીબ બેવારેશ ટોલા શાથે હનવા બેઠા છે ભલુ અશલથી હંણુતા આવા છે તેની વીગત છે.

૪ ચોથી કલમ એ જે શવંત ૧૮૨૪ નાં શાલમાંઃ—

દેશાઇશ્રી ખુરશેદજી તેહમુરજી એ કહીઉ જે પંચાતણાં વાશણ ભાગી ગીઆંચ તે હમોને એ વાશણુ કરાવી આપો તમો પણુથક મલેશરનુ તા૦ મોટી ફલીઆનુ ખાઓને ને તમો કરી નહી આપો, તેવારે શીપાઇ મેલી ખરાજાત ભરાવીને આ૦ મનોચેરજી હોમજીનાં પાશેથી રૂ૦ ૨૫ લીધા તા૦ શમશત કકલીઆ શાથ પાશેથા રૂ. ૨૫) લીધા છે. તેવાર પછે નાગેશરનો વેરો આપણાં લોકો પાશેથી દેશાઇશ્રી ખુરશેદજી તેહમુલજી એ રૂ. ૫૦૦૦) પાંચ હજાર આ૦ મનોચેરજી હોમજીનાં શુધા તા૦ તેવાર પછે શંવત ૧૮૩૯ નાં શાલમાં દેશાઇશ્રી મનોચેરજી ખુરશેદજી એ શેઆવણાં કરીને રૂ. ૧૦૦ લીધા જે તમો શેઆવ લાવો તેવારે આપણા લોકોએ કહીઉ જે શંવત ૧૮૩૧ થી તે શંવત ૧૮૩૯ લગી ગીરદી (પીંધારાઓની લુટ) વરશો વરશ પડીને શેઆવનાં કપડાં તો પેધારો લેઇગીઓ તેવારે નહી માનીઉને માશ દોહોદ લગે ખરાજાત લીધીને રૂ૦ ૧૦૦) લીધા તેવારે મેલેઆ........તેવાર પછે શંવત ૧૮૪૫નાં શાલમાં નોશેરવાંનજી શોરાબજી ખેશવાલાને ઉઠાડી ઊભો કીધો જે તારો ભાગ મલેશરનો માંગ કરી તેણે શીખવીને શી-પાઇ કીધો તે માશ શાન લગે ખરાજાત ભરાવી તેવારે કકલીઆ અંધેઆરૂ એ દેશાઇશ્રી મનોચેરજી ખુરશેદજીને કહીઉ જે એણાં બાપણી ફારગતી છે તે જોઓ ને એહેનો બાપ વેઆરે પેશતંનજી જોખીને તાંહાં ચાકર છે તેને હાતનો કાગજ મંગાવીએ એવુ કહીઉ તે વારે બેએ શીપાઇ કીધાને ખરાજાત લેવાડી તેવારે તાંહાંથી કાગજ તેનાં બાપણો દેશાઇજી પર મંગાવો તે કાગજનેબી વાંચીને ઉદારી નાંખોને જબર દશતી કરીને રૂ. ૧૦૦) લીધા છે તા૦ તેવાર પછે દેશાઇશ્રી મનોચેરજી શુરત નાશી ગીઆ હતા શંવત ૧૮૪૬ નાં શાલમાં તેવારે કેટલેએક દાહાડે તે શુરતથી આવા તેવારે હમારા લોકો પાશે શેઆવ માંગા તેવારે હમોએ જવાબ દીધો જે તમાંમ શેઆવ એકઠા કરીને શરવેને વેંચી આપો તો હમો શેઆવ આપીએ તેવારે દેશાઇ શ્રી નવરોજજીને ગોશો લાગો તે શીપાઇને હોકમ કીધો જે તરણ શીપાઇ જાઓને તરવટામાં ઉભા કરોને ગુનેગારી રૂ૦ ૧૦૦) લાવો........તેવારે શવારથી તે શાંજશુધી તરવટામાં ઉભા રાખા ને રૂ. ૧૦૦) તો ગણી આપો તેવારે મેલેઆને શેઆવ લીધાને

રૂ. ૧૦૦) લીધા તેવાર* પછે શંવત ૧૮૭૪ નાં શાલમાં દેશાઇ શ્રી રૂશતંમજી મનોચેરજી એ શેઆવ લીધાને કકલીઆ અંધેઆરૂ પાશથી રૂ. ૧૦૦) દંનડનાં લીધા છે........તેવાર પછે શંવત ૧૮૭૭ નાં શાલમાં શેઆવનાં કરીને કકલીઆ અંધેઆરૂ પાશેથી રૂ. ૧૦૦) લીધા તા૦ મનોચેરજી હોમજીના પાશેથી રૂ. ૪૦) લીધા તા૦ શવત ૧૮૮૦નાં શાલમાં દેશાઇ શ્રી ખુરશેદજી રૂશતંમજી એ રૂ. ૭૫) શેઆવનાં કરી લીધા છે એ પરમાંને હમો લોકોને હેરાંન કીધા જે એ લોકોને કાહેર કરીએતો મલેશર મેલીને નાહાશી જાએ પણ હમો લોકોએ જોલંમનો દંનડ ભરેઓ પંન શુકરીએ આપણાં વાંશે લાગુ છે હવેતો નેકનાંમ બેહેદીન શાહેબો નાંદાંન પડેઆ તેહોને દેશાઇજીવાલા શીખવીને આપણાં લોકો શાથે કજીઓ કરાવે છે તે નાંદાનો આગલી વાત જાંનતા નથી તેથી કકલીઆવો શાથે બેશમજથી બોલે છે પણ હમો કોઇ બોલતા નથી.

૫ પાંચમી કલંમ એ જે મલેશરનાં નેકનાંમ બેહેદીન શાહેબો મલેશરની અગીઆરીમાં હીદોલા મંડાવા કેહેછે તો તેહેમાં તો આપણાં લોકોની ચરતી થાએ છે પણ હાલમાં દેશાઇજીવાલા કરવા નહી દીએ અગર નેકનાંમ શેઠજી શાહેબ શ્રી જંમશેદજી જીજીભાઇની શરંમે હાલતો કાંમ ચલાવે પણ વરશ બેએ તરણ ચાલવા દીએ પછે જેવારે તે લોકો પોતાનાં જોરમાં આવે તે વેલા શરવે ઉથેલ પાથેલ કરેને આપણી આશામી થોરી તેથી તે કાંમ બની શકે નહી અને અગીઆરશેઓ પાગડીમાંથી જુદા પડેઆ ને આ૦ મનોચેરજી હોમજી તરફની ચેઆર પોલ છે તેમાથી આપણે જુદા પડીએતો આપણે ભીડેભીડે કોન કામ લાગવાનું છે તે મોટો અંદેશો છે શુ કરશુ આપણે લાચાર છઇએ પંણ ચેઆરે ટોલાથી જુદાઇ થાઇ જાશું

૬ છઠી કલમ એ જે ધરમશાલાની જાગાની વીગતછે એકતો જીવાજી આશાજીની વાડીમાં તા૦ બીજુતો નથુજી ભાઇજીનાં તબેલાવાલી જાગા છે તા૦ તરીજી રાંમાં મોલાને લગતી દખણી લોકો રહેછેતાંહાં પણ લોકોનાં જુદા જુદા ગાલા છે તે કોઇ આપેકે નહી આપે (આએ ત્રીજી રામા મોહલાને લગતી જગ્યા ઉપર નવસારોનો જમશેદ બાગનુ મકાન બંધાયલુ છે. તા૦ ચોથી પાંચહાતરા આગલ લીમજી શુખલાની શાંભે ગાલા ૩) મેતા કાવશજી ચાંનજી તલાટીનાં છે તે ઉપર ઘર બાંધીને લીંમજી ચાનજી એ પીથુ માંડીઉ હતુ તે તા૦ તેની પાશે ગાલા ૨) પેશતનજી ભાઇજી ગાંધી તે ભદ્રાનાં કેવાએ છે તે પણ આપે તેભી છે તો જાંહા નેકનાંમ જંમશેદજી શાહેબને ગમે તાંહાં બંધાવે પંણ મારા જોવામાં તો જીવાજી આશાજીની વાડી થીક પરશે કાંએ જે જાગા અમથી મલશે ને એકાંત છે.

---

* મરહુમ બરજોરજી બેહેરાંમજી કકરીઆ (ઉરફે બરજોરદાર) નાં ઘર ખાતેથી મલેલા દસ્તાવેજો પૈકી આ એક છે. આ દસ્તાવેજમાં જણાવેલી વીગતો એ મરહુમે તે વખતમાં મુંબઇમાં વસ્તા પોતાના એક ખેશી ઉપર લખી છે તેની એક નકલ પોતાના કુટુંબની જાણ માટે એ મરહુમે પોતાના હાથે લખી બીજા દસ્તાવેજોની સાથે નોંધમાં રાખી હતી. મરહુમ પેહલા સર જમશેદજી જીજીભાઇએ નવસારી ખાતે જમશેદ બાગનું મકાન બાંધવાને લગતી જગ્યા ખરીદવાનો વીચાર કર્યો તેની આગમજ આ દસ્તાવેજ લખાયો છે એમ એના છેલ્લા પેરાના ભવાર્થ ઉપરથી સેહલ સમજી શકાશે.

